# કયામત નો મંઝર

મેહેદી અલયહિસ્સલામ

દજ્જાલ

ઈસા અલયહિસ્સલામ

દાબ્બતુલ અર્દ

પુલસિરાત

યાજુજ-માજુજ

દિદારે ઈલાહી

મિઝાન

આમાલનામા

શફાઅતેનબવી

જન્નત • દોઝખ

સંપાદક:ઉસ્માનભાઈ અહમદજી ખત્રી (ચિશ્તી નસીરી)

૭૮૬
૯૨

પ્રકાશન નં. ૩.

યા અલ્લાહ અલમદદ. યા રસુલલ્લાહ અલમદદ.

# કયામતનો મંઝર

[ (૧) ધુમાડો (૨) દજજાલ (૩) દાબ્બતુલ અર્દ (૪) સૂર્યનું પશ્ચિમમાંથી નીકળવું (૫) હઝરત ઈસા અલયહિસ્સલામનું આગમન (૬) હઝરત મ્હેંદી અલયહિસ્સલામનું આગમન (૭) યાજુજ-માજુજ (૮) જમીનોનું ધસી જવું (૯) પ્રચંડ આગનું પ્રગટવું (૧૦) પ્રચંડ હવાનું ચાલવું, પુલસિરાત, મિઝાન, આમાલનું ત્રાજવું, હુઝૂર નબીયે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની શફાઅત, અલ્લાહના દિદાર, જન્નત, દોઝખ, અઅરાબ, વિ. ની માહિતી વાંચીને આપનાં રૂંવાડાં ઉભાં થઈ જશે. ]

પ્રકાશક :

## મક્કા-મદીના પબ્લિકેશન્સ

ઠે. રાયખડ, મિલ પાસે, અહમદાબાદ. (ફોન ૩૯૬૨૪૭)

સંપાદક :

(હાજી) ઉસ્માનભાઈ અહમદજી ખત્રી (ચિશ્તી, નસીરી)

(એમ. એ. એલ એલ. બી.)

આવૃતિ બીજી :

પ્રત : ૩૦૦૦ તા. ૩૦-૯-૧૯૯૦ (ઇસ્વી)

કિંમત : રૂા. ૧૫-૦૦ (ટપાલ ખર્ચ રૂા. ૧ અલગ)

કિતાબનું નામ : 'કયામતનો મંઝર' (ગુજરાતી)

પ્રકાશક : મક્કા-મદીના પબ્લિકેશન્સ

માલીક : હાજી ઉસ્માનભાઈ અહમદજી ખત્રી,
(ચિશ્તી, નસીરી)
ઠે. રાયખડ, મિલ પાસે,
અહમદાબાદ (ગુજરાત રાજ્ય, ભારત)

સંપાદક : હાજી ઉસ્માનભાઈ અહમદજી ખત્રી,
(ચિશ્તી, નસીરી)
(એમ. એ. એલ એલ., બી.)

ટાઈટલ ચિત્રની છપાઈ : આબાદ પ્રિન્ટીંગ પ્રેસ,
સર્વોદય કોમ. સેન્ટર,
રીલીફ સિનેમા પાસે. અહમદાબાદ.

મુદ્રક : કેનિમેક પ્રિન્ટર્સ, મામુનાયકની પોળ, અહમદાબાદ.

પ્રકાશન વર્ષ અને તારીખ : ૩૦-૯-૧૯૯૦ (ઈસ્વી)

આવૃત્તિ બીજી : પ્રત : ૩૦૦૦

કિંમત રૂ. ૧૫-૦૦ (ટપાલ ખર્ચ રૂ. ૧ અલગ)

(આ કિતાબના સર્વ હક્ક લેખક અને પ્રકાશકને સ્વાધીન છે.)

૭૮૬/૯૨

# ઈસાલ અને અર્પણ

(પ્રથમ આવૃત્તિ વખતે)

પોતાના દસ હજાર રૂપિયાનાં સોનાનાં ઝેવર વેચીને, સને ૧૯૫૩માં, માત્ર ચાર બાળકોથી મદ્રસો શરૂ કરીને, **'દારૂલ ઉલૂમ શહેઆલમ'** જેવી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી દીની દર્સગાહ કાયમ કરી જનાર અને ઈ. સ. ૧૯૫૭માં **'તયબાહ'** (માસિક) શરૂ કરીને, ગુજરાતી ભાષા બોલતા લાખો સુન્નીઓને, શુધ્ધ હન્ફી મઝહબ અર્થાત મસ્લકે આ'લા હઝરત અહમદ રઝાખાં, ફાઝિલે બરેલ્વી (રદિયલ્લાહો અન્હો) ની બતાવેલી સાચી-સુન્ની તાલીમનાં અમૃત પાનાર, સંસ્થાના આદ્યસ્થાપક, નીડર પત્રકાર, મહાન મુજાહિદ, ફખ્રે કૌમ, ફખ્રે સુન્નીયદત, દીનદાર, પરહેઝગાર, અને એકલા હાથે તમામ બાતિલ ફિરકાઓ સાથે જબરદસ્ત બાથ ભીડનાર, ભડવીર હાજી સુલેમાન ઈબ્રાહીમ રઝવી, કાદરી, હન્ફી (રહેમતુલ્લાહ અલયહે), જે તા. ૨૩-૭-૧૯૭૩ ના રોજ, લગભગ ૮૫ વર્ષની ઝઈફ ઉમરે, અમને રડતા મુકીને, આ ફાની જગતને અલવિદા કહીને, અલ્લાહની રહેમતમાં ચાલ્યા ગયા, તે અમારા મહાન રાહબરની પવિત્ર રૂહને, મારી આ કિતાબની દીની ખિદમતનો અપેક્ષિત સવાબ **ઈસાલ** કરૂં છું.

મજબુત નિર્ણયો, અખૂટ હિંમત, દ્રઢ મનોબળ અને દુશ્મનોની જંગી હરોળને તિતર-વિતર કરી નાખવાની ઊંડી સુઝ-બુઝના જે અમૂલ્ય પાઠ, એ મહાન મર્દે મુજાહિદ મરહુમ હાજી **સુલેમાન ઈબ્રાહીમ** અમને શીખવી ગયા, તે જવાંહોસ્લા સદગુણોને, મારી આ કિતાબ **અર્પણ** કરૂં છું.

**માહો-અન્જુમ પે ડાલતે હૈં કમન્દ**
**હોસ્લા દેખ, ખાકસારોં કા**
**ફક્ર વો હૈ, કે જીસ્કી ચૈખટ પર**
**તાજ ઝુકતા હૈ, તાજદારોં કા**

તા. ૧૧-૧૨-૮૯ — ઉસ્માનભાઈ ખત્રી
અહમદાબાદ. (ચિશ્તી, નસીરી)

૭૮૬/૯૨

(પહેલી આવૃત્તિ વખતે)

# પ્રસ્તાવના

[ ઉર્દૂ પરથી અનુવાદ ]

કયામત આવશે અને દરેક માનવીનો, તેના કર્મ પ્રમાણે હિસાબ-કિતાબ થશે, (જઝા અને સજા) તે ઈસ્લામ ધર્મનો મુળભૂત અકીદો છે. જે મુસલમાન તેનો ઈન્કાર કરે, તે ઈસ્લામથી ખારીજ થઈ જાય છે. તે શખ્સનું કૃત્ય 'કુફ્ર' કહેવાય છે અને તેણે તૌબા કરવી પડશે.

દરેક મુસલમાન જાણે છે કે કયામત આવશે અને આપણા આમાલનો (કર્મનો) હિસાબ લેવાશે. પરંતુ એ જાણકારી ઘણા ઓછા લોકોને છે, કે કયામત આવશે ક્યારે ? કયામતના આગમનની કોઈ નિશાની, કુર્આન અથવા હદીસમાં દર્શાવી છે કે, કેમ ? તે નિશાનીઓ કઈ છે ? 'દાબ્બતુલ અર્દ' નામનું એક પ્રાણી પ્રગટ થશે, તે ક્યાં થશે, શું કરશે, તેનો નાશ કોણ કરશે ? તેવીજ રીતે 'યાજુજ માજુજ' ની કૌમ અત્યારે ક્યાં છે ? 'દજજાલ' તે વખતે પેદા થશે, તે કેવો છે, કોણ છે, શું કરશે, તેનો ખાતમો કોણ કરશે ? હઝરત મ્હેંદી અલયહિસ્સલામ ક્યારે આવશે ? હઝરત ઈસા અલયહિસ્સલામ ક્યારે આવશે ? હિસાબ કિતાબ કેવી રીતે થશે ? કર્મ તોલવાનું મિઝાન (ત્રાજવું) કેવું હશે ? 'પુલસિરાત' પરથી કોણ કોણ પસાર થશે ? હુઝૂર નબીયે કરીમ કેવી રીતે શફાઅત કરશે ? બીજા કયા લોકો શફાઅત કરી શકશે ? અલ્લાહ ત્આલાની તજલ્લી કેવી રીતે દેખાશે ? 'નફસી-નફસી'નો આલમ કેવો

હશે ? જન્નત અને દોઝખની રચના કેવી છે ? આ મુજબની ઘણી ઘણી જાણકારી આ નાનકડી કિતાબમાં, તેના વિદ્વાન લેખક હાજી-સુફી જનાબ ઉસ્માનભાઈ ખત્રીએ ભરી દીધી છે. સને ૧૯૮૮માં હજજે બયતુલ્લાહ જઈ આવ્યા બાદ, પોતાની ધીકતી વકીલાત તેમણે છોડી દીધી. ફરીથી સને ૧૯૮૯માં, પોતાના મરહૂમ પિતાની હજે બદલ પણ કરી આવ્યા. વકીલાત છોડયા પછી '**મકકા-મદીના પબ્લિકેશન્સ**' ના નામે ઈસ્લામી કિતાબો લખવાનો વ્યવસાય, ૬૨ વર્ષની ઝઈફ ઉમરે સને ૧૯૮૮ માં તેમણે શરૂ કર્યો, એ પણ તેમની જબરી હિંમત કહેવાય. પોતાની પ્રકાશ સંસ્થાના નેજા નીચે, તેમણે આ પૂર્વે, 'રફીકે હજ' અને '**નેઅમત કદા**' એ બે કિતાબોનું પ્રકાશન સને ૧૯૮૯માં કર્યું હતું. એ બન્ને કિતાબોએ જનતામાં ઘણુંજ આકર્ષણ જમાવ્યું છે. હવે આ ત્રીજી કિતાબ '**કયામતનો મંઝર**' લઈને હાજી સાહેબ આવ્યા છે. '**તયબાહ**' જેવા મશહુર ગુજરાતી ધાર્મિક માસિકનું તંત્રીપદ, છેલાલ પંદર વર્ષથી ઘણી સફળતા પૂર્વક તે સંભાળી રહ્યા છે, તે જોતાં તેમનો અભ્યાસ ઘણો સારો છે અને ઊંડી સમજ છે; પોતાની વાતને માવજત ભરી રીતે રજુકરવાની આવડત હાજી ઉસ્માનભાઈ ખત્રી સાહેબને બારી ત્આલાએ આપી છે. આ કિતાબ દરેક બાળકો, યુવાનો અને વૃધ્ધોને પસંદ પડે તેવી સરળ ગુજરાતી ભાષામાં તેમણે તૈયાર કરી છે. દરેક મુસલમાને પોતાના ધર્મ વિષે જેટલી બને તેટલી વધુ જાણકારી પ્રાપ્ત કરવી જોઈએ. પોતાનો ધર્મ શું કહે છે, તે પ્રથમ આપણે પોતે જાણીએ, તોજ બીજા ધર્મવાળાને પણ સમજાવી શકીએ.

કુર્આન મજીદની પવિત્ર આયતો અને હુઝૂર રસુલે મુકર્રમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની પવિત્ર હદીસોના હવાલા આપીને, આ કિતાબને જનાબ હાજી ઉસ્માનભાઈ ખત્રી સાહેબે ઉત્તમ રીતે

શણગારી છે. પ્રત્યેક ઘરમાં આ કિતાબ હોવી જરૂરી છે, એવો મારો નમ્ર અભિપ્રાય છે.

ઈસ્લામ ધર્મમાં (કયામત) આખેરતના અકીદાને એવી બુનયાદી હેસીયત પ્રામ છે કે, આપણા નબીયે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ને હુકમ આપવામાં આવ્યો કે આખેરતના અકીદાના જે મુન્કર હોય, તેમની સાથે જંગ (લડાઈ) કરો (સુરા તૌબા : આયત ૨૯) હકીકતમાં આખેરતનો અકીદો જ તે ચટ્ટાન છે, જે દરેક મોમીનને સિરાતે મુસ્તકીમ (સીધો માર્ગ) સાથે જકડી રાખે છે. કુર્આને હકીમમાં, સુરા 'બકરહ,' આયત ૧૮, માં સુરા 'નિસા' આયત ૧૬૨, અને સુરા 'તૌબા,' આયત ૧૮, માં મોમીનના ગુણોનો ઉલ્લેખ કરતી વખતે, ઈમાન બિલ્લાહના ઉલ્લેખ પછી તરતજ ઈમાન બિલ આખેરતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કુર્આને હકીમમાં તૌહીદ (એકેશ્વર વાદ) ના અકીદા પછી, આખેરતના અકીદા પર સૌથી વધુ ભાર મુકવામાં આવ્યો છે. સુરા 'હુદ' માં, આયત ૧૦૩ માં, આ દુનિયામાં કેટલીક કૌમોને અઝાબ આપવામાં આવશે તેનો ઉલ્લેખ કર્યા બાદ, અલ્લાહ ત્આલા ફરમાવે છે કે, "યકીનન (નિશ્ચિત) આ વાતમાં તે લોકો માટે ઈબ્રતની નિશાની છે, જે કયામતના અઝાબથી ડરે છે; તે દિવસ જયારે બધાજ લોકોને ભેગા કરવામાં આવશે અને તે દિવસ જેમાં સૌને હાજર કરવામાં આવશે"

અલ્લાહ ત્આલા કુર્આને હકીમમાં, સુરા 'અંબિયા' માં પહેલીજ આયતમાં ફરમાવે છે કે, 'ઇ-ક-તરબા લિન્નાસિ હિસા બુહુમ વ હુમ ફી ગફલતિમ મુઅરિદૂન' (અર્થ : લોકો માટે હિસાબનો દિવસ નજીક આવી ગયો અને (છતાં) તે લોકો ગફલતમાં પડીને મોઢું ફેરવી

રહ્યા છે). આ રીતે કુર્આને હકીમમાં ત્થા હદીસે પાકમાં હકીકત સમજાવી દેવામાં આવી છે. તેથી તેના આગમન પહેલાં ક્યા ક્યા બનાવો બનશે અને તે બનાવો પછી, કેટલા વર્ષ બાદ, હિસાબ કિતાબનો માંડવો રચાશે, તે દરમ્યાન કેવો સૂર ફુંકાશે, ધરતીમાંથી મડદાંઓ કેવી રીતે જીવંત થઈને બહાર આવશે, તે બધીજ હકીકતો સમાવી લઈને લેખકે આ કિતાબને લોક ભોગ્ય બનાવી છે. "દારૂલ ઉલૂમ શાહે આલમ' જેવી આંતર રાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી દીની દર્સગાહના કુશળ નાઝિમે આલા (એટલે ચીફ વહીવટદાર) તરીકે હાજી ખત્રી સાહેબ ઘણાં વર્ષોથી અણમોલ સેવા આપી રહ્યા છે. તેમણે આ કિતાબને સર્વાંગ સુંદર બનાવી છે. ખચિત, આ કિતાબ વાંચવા અને જાણવા લાયક બની છે. પોતાની બીજી કિતાબોની જેમ, આ કિતાબનું મુખપૃષ્ઠ પણ બેહદ સુંદર બનાવ્યું છે. છપાઈ પણ મોટા ટાઈપમાં અને સ્વચ્છ છે.

અલ્લાહ ત્આલા આ કિતાબને મકબુલિયત અતા ફરમાવે. તેને દીને ઈસ્લામની ઉત્તમ તબ્લીગ તરીકે શુમાર કરી લઈ, જનાબ હાજી ઉસ્માનભાઈ ખત્રી સાહેબને, તેમની આ ખિદમતનો બદલો બન્ને જહાનમાં બારી ત્આલા સર્વ શ્રેષ્ઠ રીતે આપે, એવી મારી દુઆ છે.

ખાકપાયે અવલિયા,
(હાજી) મૌલાના મુઈનુદ્દીન રઝવી, કાદરી,
શેખુલ હદીસ (પ્રિન્સીપાલ)
દારૂલ ઉલૂમ શાહેઆલમ.

તા. ૭-૧૨-૮૯
અહમદાબાદ,
(ગુજરાત રાજ્ય)

૭૮૬/૯૨

(પહેલી આવૃત્તિ વખતે)

# બે બોલ

મારી સંસ્થા 'મક્કા-મદીના પબ્લિકેશન્સ' નું આ ત્રીજું પ્રકાશન છે. આ સંસ્થા, સને ૧૯૮૮ માં શરૂ કરી હતી. એક વર્ષમાં માત્ર ત્રણજ કિતાબોનું પ્રકાશ થઇ શક્યું, તેનાં પણ ખાસ કારણ છે. સને ૧૯૮૮ માં હું મારી પોતાની હજ પઢી આવ્યા પછી સને ૧૯૮૯ માં હું મારા મરહૂમ પિતાની હજ પઢવા ગયો હતો. તા. ૧૬ જૂનથી તા. ૧૯ મી ઓગસ્ટે વતન વાપસી થઇ, ત્યાં સુધી હજ પ્રવાસમાં હતો. તા. ૫-૧૦-૮૯ ના રોજ હૃદય રોગનો હુમલો થતાં, હું પથારી વશ થયો. ડોકટરોએ બોલવાનું ચાલવાનું અને લખવાનું બંધ કરાવી દીધું. દવાઓ ખાવી અને સુઇ રહેવું, એ નિયમ મારે પાળવો પડયો.

હજ્જે બદલ પર રવાના થતા પહેલાં, આ કિતાબ મેં લખીને તૈયાર રાખી હતી. વતન (હજ પરથી) પાછા આવ્યા પછી, કિતાબનું છાપકામ શરૂ થાય તે પહેલાં, ચૂંટણીનાં નગારાં વાગવા માંડયાં. ખાંડ, કાગળ અને તેલના ભાવ એકાએક આસ્માને ચઢી ગયા. અમદાવાદના બજારમાંથી, થોડા દિવસ તો છાપકામમાં વપરાતો કાગળ અદ્રશ્ય થઇ ગયો. મારે તાત્કાળ કાગળની જરૂર હતી. જેવો અને જેટલો કાગળ મળી શક્યો, તેની પર આ કિતાબનું છાપકામ કર્યું છે. કાગળની અછતને લીધે મારે ભાવ પણ ઘણો ઊંચો આપવો પડયો છે. ભારતના રાજકારણની ભ્રષ્ટતાએ, દરેક ક્ષેત્રમાં જબરદસ્ત ભરડો લીધો છે. દરેક નાગરિક રડી ઉઠયો છે, તૌબા પોકારી ઉઠયો છે. હવે તો અલ્લાહ ત્આલા આ ત્રાસિત અને મઝલુમ મખ્લુકની દુઆઓ સાંભળી લઈ, ઝાલિમો અને અત્યાચારીઓની પકડ કરે, તેનીજ રાહ જોઈને, તમામ મખ્લૂક આકાશ તરફ મીટ માંડીને બેઠી છે.

અરબી આયાતોને ગુજરાતી ભાષામાં ઉતારવામાં, કાંઇક ખામી તો રહીજ

જાય છે. ઉપરાંત, ગમે તેટલી ચીવટાઈથી પ્રુફ રીડીંગ કરીને પ્રેસમાં આપીએ, તો પણ નાની નાની ભુલો રહી જાય છે. કારણ કે જેટલી કાળજી ભુલો સુધારવામાં લેવાવી જોઇએ. તેટલી કાળજી, છાપકામ કરનારા કર્મચારી લેતા નથી. આ કિતાબમાં પ્રિન્ટીંગની એવી નાની ભુલ દેખાય, તો ક્ષમા કરશોજી.

કિતાબના વિષય બાબતમાં, 'દારૂલ ઉલૂમ શાહે આલમ' ના શેખુલ હદીસ, અલ્લામા અલહાજજ, હઝરત મુઇનુદ્દીન રઝવી, કાદરી, સાહેબે સુંદર પ્રસ્તાવના લખી આપી, તે બદલ તેમનો આભાર માનુ છું. 'પ્રસ્તાવના' માં તેમણે જે કાંઇ કહ્યું છે, તેથી વિશેષ, મારે કશું કહેવાનું નથી. કલાપી પ્રેસ વાળા મારા મિત્ર હાજી નાસિરભાઇ તેલીએ આ કિતાબનું સુંદર મુખપૃષ્ઠ છાપી આપવા બદલ, અમદાવાદના જાણીતા આર્ટીસ્ટ શ્રી ગજેન્દ્ર શુકલે ટાઈટલની સરસ ડીઝાઈન બનાવી આપવા બદલ અન વેળાસર સ્વચ્છ-સુંદર છાપકામ કરી આપવા બદલ સિદ્દિકભાઈ મેમણનો આભાર માનું છું. 'દારૂલ ઉલૂમ' ના નાયબ મુફતી હઝરત મૌલાના શબ્બીર અહમદ સિદ્દિકી અને હઝરત મૌલાના કારી રહેમતઅલી સાહેબે કુર્આને મજીદની આયતો ( જે આ કિતાબમાં છે.) ને ચકાસવમાં અને સુધારવામાં મારી મદદ કરી છે, માટે તે બન્ને સાહેબોનો પણ ઋણી છું.

બારી ત્આલા મારી આ ત્રીજી કિતાબને ઈન્તેહાઇ મકબુલીયત અતા ફરમાવીને લોકોપયોગી બનાવે-આમીન. મારી અલ્પ દીની ખિદમતનો સ્વીકાર કરીને, અલ્લાહ ત્આલા તેને મારી નજાતનો ઝરિયો બનાવી દે, તેવી આપ સૌ હમદર્દો દુઆ કરશોજી.

લિ. ખાદિમ.
(હાજી) ઉસ્માનભાઇ અહમદજી ખત્રી
(ચિશ્તી, નસીરી)
(એમ. એ. એલ એલ. બી.)

રાયખડ, મિલ પાસે,
તા. ૧૧-૧૨-૮૯
અહમદાબાદ.

'મક્કા-મદીના પબ્લિકેશન્સ' પ્રકાશિત હજ
અને ઝિયારત વિષેની અણમોલ કિતાબ-

# 'રફીકે હજ'

## આજેજ ખરીદી લો.

**કિંમત રૂ. ૧૫-૦૦ ( ટપાલ ખર્ચ રૂ. ૧ અલગ )**

ઉપરોક્ત કિતાબ 'તયબાહ' (માસિક)ના વિદ્વાન-સુફી-બુઝુર્ગ તંત્રી હાજી ઉસ્માનભાઈ ખત્રીએ લખેલી છે. ઘેરથી હજ પઢવા જાવ અને પાછા ઘેર આવો ત્યાં સુધીની તમામ માહિતી, દુઆઓ અને મક્કા-મદીના ત્થા ઈરાકની ઝિયારતગાહોનું સંપૂર્ણ લીસ્ટ પણ આ કિતાબમાં આપ્યું છે. આ કિતાબ ગયા વર્ષે પ્રગટ થતાંજ બે હજાર કોપીઓ વેચાઇ ગઇ છે. ગુજરાતી ભાષામાં હજના વિષયમાં આટલી માહિતીપૂર્ણ કિતાબ, ૬૦ વર્ષમાં પ્રગટ થઈ નથી.

**-: પ્રાપ્તિસ્થાન :-**

(૧) દારૂલ ઉલૂમ શાહેઆલમ, જમાલપુર રોડ, અમદાવાદ
(૨) કલીમ બુક ડેપો, ત્રણ દરવાજા, અમદાવાદ
(૩) ખતીબ કિતાબ ઘર, ત્રણ દરવાજા, અમદાવાદ
(૪) નિઝામી બુક ડેપો, ત્રણ દરવાજા અમદાવાદ.

'મક્કા-મદીના પબ્લિકેશન્સ' તરફથી પ્રકાશિત
તાવીઝ અને અમલીયાતની લાજવાબ કિતાબ

# 'નેઅમત કદા'

## આજેજ ખરીદો

જાદુ, ભુતપ્રેત, ધંધોરોજગાર, બિમારીઓ, કસુવાવડ, વાંઝીયામેણું, સંતાનપ્રાપ્તિ, દસ્તે ગયબ, પ્રિયપાત્રને તાબે કરવા મહોબ્બતનાં તાવીઝ, દુશ્મનોનો ખાતમો કરવાનાં તાવીઝ, વિ. વિષયોનાં કુલ ૧૭૦ તાવીઝો અને અમલીયાત આપ્યાં છે. આજેજ મંગાવો અને તમારી પરેશાનીઓ દુર કરો.

કિંમત રૂા. ૧૫-૦૦ (ટપાલ ખર્ચ રૂા. એક અલગ)

-: પ્રાપ્તિસ્થાન :-

(૧) દારૂલ ઉલૂમ શાહેઆલમ, જમાલપુર રોડ, અમદાવાદ
(૨) કલીમ બુક ડેપો, ત્રણ દરવાજા, અમદાવાદ
(૩) ખતીબ કિતાબ ઘર, ત્રણ દરવાજા, અમદાવાદ
(૪) નિઝામી બુક ડેપો, ત્રણ દરવાજા અમદાવાદ.

# મદદ મોકલાવો

- 'દારૂલ ઉલૂમ શાહેઆલમ' તમારૂં છે.

- 'તયબાહ' માસિક તમારૂં છે.

- 'દારૂલ ઉલૂમ શાહેઆલમ' સુન્નીઓનું મરકઝ છે. તેમાં ભણતા વિદ્યાર્થીઓની ફ્રી તાલીમ, ફ્રી ભોજન, ફ્રી કપડાં, દવા-ઈલાજ, અને શિક્ષણ માટે તમારી આર્થિક મદદ ઉદાર દિલે મોકલી આપો.

- 'તયબાહ' (માસિક) ગુજરાતી ભાષામાં સને ૧૯૫૭ થી પ્રગટ થાય છે. તેનું વાર્ષિક લવાજમ રૂા. ૨૫-૦૦ છે. દીનના પ્રચાર અને પ્રસારમાં, તમારો અલ્પ ફાળો નોંધાવવા આજેજ તેના ગ્રાહક બનો અને સવાબે દારૈન પ્રાપ્ત કરો.

**મળો યા લખો :**

## દારૂલ ઉલૂમ શાહેઆલમ,

**જમાલપુર રોડ, અહમદાબાદ.**

બિસ્મીલ્લા હીર્રહમા નીર્રહીમ

# કયામતનો મંઝર

આખેરતનો અકીદો ઈસ્લામના બુનિયાદી અકીદાઓ પૈકી એક અકીદો છે. તેની પર ઈમાન (શ્રદ્ધા-યકીન) લાવ્યા સિવાય કોઈ પણ મુસલમાનને મુસલમાન કહી શકતા નથી. કયામત આવશે અને મારે હિસાબ આપવાનો છે, એ અકીદો દરેક મુસલમાને રાખવાનોજ છે. તે ઈમાનનો એક ભાગ છે. કુર્આને હકીમમાં તેનો ઉલ્લેખ વારંવાર થયો છે. તેની પર ઈમાન લાવવાની પણ તાકીદ કરવામાં આવી છે. મૃત્યુ પછી કબ્રની જીંદગીને 'આલમે બરઝખ' કહેવાય છે. તે આખેરતની પહેલી મંઝીલ છે. સુરા 'કયામત' અને અન્ય સ્થળે કુર્આનમાં કયામતનો ઉલ્લેખ થયો છે. કયામતનો અર્થ એ છે કે તમામ સૃષ્ટિ, તમામ જીવોનો નાશ કરવામાં આવશે. મલેકુલ મૌત એટલે મૌતના ફરિશ્તાને પણ મૃત્યુ આવશે. પછી અલ્લાહ ત્આલા જે આ બ્રહ્માંડનો સર્જનહાર છે, તે ફરીથી દરેકને સજીવન કરશે, દરેક જીવ 'હશ્ર' ના મયદાનમાં પોતાનો હિસાબ-કિતાબ આપવા માટે એકત્ર થશે. દરેક જીવના નેક અથવા બુરાં કૃત્યનો ઈન્સાફ

કરવામાં આવશે અને રબ્બાની ન્યાય મુજબ દરેક જીવ, જન્નતની નેઅમતો અથવા દોઝખનાં કષ્ટ ઉઠાવવા માટે દાખલ કરવામાં આવશે.

આ કિતાબમાં અમે કયામત વિષે જાણવા જોગ જાણકારી પેશ કરી છે.

કયામતના પ્રકાર કેટલા છે, તે ક્યારે આવશે, તે સમયે શું થશે, 'યાજુજ-માજુજ' કૌમ કેવી છે, ક્યારે નીકળશે, ઈમામ 'મ્હેંદી' ક્યારે પ્રગટ થશે, 'દાબ્બતુલ અર્દ' શું છે, 'પુલસિરાત' શું છે. 'હૌઝે કૌસર,' 'મીઝાન,' કયામતની નિશાનીઓ, એ તમામ માહિતી અમે આ કિતાબમાં પ્રગટ કરી છે.

મારા ભાઈઓ ! મારી બ્હેનો ! આ ફાની જીવનની બાજી કયામતના મેદાનમાં જીતી ગયા, તોજ બેડોપાર થવાનો છે, કયામત વિષે, તેની ભયાનકતા વિષે, તેની ચેતવણીઓ વિષે, તેની નિશાનીઓ વિષે જાણવું અને કયામત આવતા પહેલાં તેની તૈયારી કરવી, તે દરેક મુસલમાનની ફરજ છે.

કુર્આન હકીમમાં કયામતનો જુદા જુદા નામોથી ઉલ્લેખ થયો છે. આવો ! પ્રથમ તે નામોને પણ જોઈ લઈએ.

(૧) **યવ્મેદ્દીન** : બદલાનો દિવસ (૨) **યવ્મુલ કયામા** : ઉભા થવાનો દિવસ (૩) **યવ્મે અઝીમ** : મોટો દિવસ (૪) **યવ્મુલ હિસાબ** : હિસાબનો દિવસ (૫) **અલ્યવ્મુલ મવ્ ઉદ** : વાયદાનો દિવસ (૬) **અલ યવ્મુલ હકકો** : સત્ય દિન (૭) **અલ્યવ્મુલ્ આખેરો** : પાછળનો દિન (૮) **યવ્મુત્તનાદ** : પોકારનો દિવસ (૯) **યવ્મુલજમ્અ** : એકઠા થવાનો દિવસ (૧૦) **યવ્મુલ બઅસે** : જીવંત ઉઠવાનો દિવસ (૧૧) **યવ્મુત્તગાબુન** : અફસોસનો દિવસ (૧૨) **યવ્મુન અસીબ** : સખ્ત દિવસ (૧૩) **યવ્મુલ આરેફા** : નજીક આવનારી મુસીબતનો દિવસ (૧૪) **યવ્મુલ હસરત** : હસરતનો દિવસ (૧૫) **યવ્મુલ ખુરૂજે** : કબ્રમાંથી નીકળવાનો દિવસ (૧૬) **યવ્મુલ અસીર** :સખ્ત દિવસ (૧૭) **યવ્મુલ ફસ્લે** : ન્યાયનો દિવસ (૧૮) **અમ્રુલ્લાહે** : ખુદાની વાત (૧૯) **અસ્સાખ્ખતો** : બહેરા કરી દેનારી પળ (૨૦) **અલહાકકતો** : અવશ્ય આવનારી ઘડી (૨૧) **અલ્ગાશીયતો** : છાઈ જનારી ઘડી (૨૨) **અલ્કારેઆતો** : ખખડાવનારી (૨૩) **અત્તામ્મતુલ કુબ્રા** : મોટી મુસીબત (૨૪) **અન્નબા અલ અઝીમ** : મોટા સમાચાર

ઉપર જે નામો બતાવ્યાં, તે નામો કયામતની સીફત એટલે વર્ણન બતાવતાં નામો છે. તેમાં કયામતની ખાસિયત બયાન થઈ છે. કુર્આને હકીમમાં, કયામતનાં અવસાફી નામો પણ આવ્યાં છે.

અવસાફ એટલે ખુબીઓ, કમાલાત, જોહર, હાલાત, તારીફ એવો અર્થ થાય છે. અવસાફી નામો પણ જોઈ લઈએ. (૧) લેયવ્મીન લારય બફીફે : (આલે ઈમ્રાન) જે દિવસમાં કોઈ શક નથી. (૨) યવ્મા યન્ફખો ફીસ્સુરે : (અન્આમ, નહલ, તાહા) જે દિસસે સૂર ફુંકાશે. (૩) યુખ્રેજુના મીનલ અજદાસે :(કમર) જે દિવસે લોકો કબ્રોમાંથી ઉઠશે. (૪) વયવ્મા તશકકકોસ્સમાઓ : (ફુરકાન) જે દિવસે આસ્માન ફાટશે (૫) યવ્મા લા યન્ફઓ માલુંવ્વલા બનુન : (શોઅરા) જે દિવસે ન માલ કામ આવશે, ન ઔલાદ (૬) યવ્મા તુબદદ્લુલ અરદો ગયરગ અરદે : (ઈબ્રાહીમ) જે દિવસે આ ધરતી, અન્ય ધરતીમાં બદલી નાખવામાં વાશે. (૭) વ યવ્મા યકુમુલ અશહાદો : (મોમીન) જે દિવસે સાક્ષીઓ ઉભા થશે. (૮) યવ્વમા તકુનુસ્સમાઓ કલ મોહલિ વ તકુનુલજીબાલો કબ ઈહનિ : જે દિવસે આકાશ પીગળેલા ત્રાંબા માફક અને પહાડો રૂ ના ગાભલા જેવાં થઈ જશે. (૯) યવ્મા તરજુફુલઅર્દો વલજીબાલો : (મુઝઝમ્મિલ) જે દિવસે ધરતી અને પહાડો કાંપી ઉઠશે. (૧૦) યવ્મુ યન્ફઉસ્સાદેકીના સિદ્કોહુમ : (માયદહ) જે દિવસે સત્ય આચરણવાળાને તેનું સત્ય કામ આવશે. (૧૧) યવ્મા લા તમ્લેકો નફુસુલ-લિનફસીન શયઆ : (ઈનફિતાર) જે દિવસે કોઈ પણ વ્યકિત બીજાને માટે કશું કરી શકશે નહિ. (૧૨) વયવ્મા યઅદ્દોઝઝાલિમો અલા યદયહિ (ફુરકાન) જે દિવસે

ગુનેહગારો પોતાના બન્ને હાથ કરડશે. (૧૩) **યવ્મા તશહદો અલયહીમ અલસિનતુહુમ** : (નૂર) જે દિવસે તેમની જીભો તેમની વિરૂધ્ધ સાક્ષી આપશે. (૧૪) **યવ્મા યકુમુન્નાસો લિ રબ્બીલ આલમીન** : (મુતફફિફીન) જે દિવસે સૃષ્ટિઓના પરવરદિગાર માટે લોકો ઉભા થશે. (૧૫) **યવ્મા યફેર્રૂલ મરઉ મીન અખીહિ વ ઉમ્મીહિ વ અબીહિ સાહિબતિહી વ બનીહ** : (અબસ) જે દિવસે માનવી પોતાના ભાઈ અને મા અને પિતા અને પત્ની અને દિકરાઓથી દૂર ભાગશે.

# કયામતના ત્રણ પ્રકાર :

કેટલાક આલિમોના મત મુજબ કયામતના ત્રણ પ્રકાર છે.

(૧) **કયામતે સુગરા** : તેનો એક અર્થ વ્યક્તિનું મૃત્યુ છે. હુઝૂર મદની તાજદારે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ફરમાવ્યું છે કે, "**ઈઝા માતા અહદોકુમ ફકદ કિયામતો**" (અર્થ તમારામાંથી કોઈ શખ્સ મરી ગયો, તો તેની કયામત કાયમ થઈ ગઈ) (૨) **કયામતે વુસ્તા** : વુસ્તાનો અર્થ '**મધ્યમ**' થાય છે. તેનો અર્થ કોઈ ગ્રુપ અથવા એક યુગના લોકોનું મૃત્યુ છે. સહીહ **મુસ્લિમ** ની હદીસમાં છે કે બદવી (ગામડિયા) લોકો હુઝૂર મદની તાજદાર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ને કયામતના સમય વિષે

પુછતા ત્યારે એવું ફરમાવતા હતા કે, "ઈન યઈશ હાઝા લમ યુદરીકહુલહરમો કામત અલયકુમ સાઅતોકુમ : (અર્થ : આ છોકરો જો જીવતો રહ્યો, તો તે વૃધ્દ નહિ થાય અને તમારી કયામત કાયમ થઈ જશે) આ હદીસનો એવો મતબલ છે કે છોકરો જે મધ્યમ ઉમરનો હોય છે, તેની જીંદગીમાં જે વૃધ્ધ લોકો દેખાય છે, તે મરી જાય છે. પછી તે છોકરો વૃધ્ધ થઈને મરે છે અને તે વખતે હયાત હોય તેવાં બાળકો તે દ્રષ્ય જુએ છે. આ રીતે માનવી વૃધ્ધ થઈ જાય, ત્યાં સુધી એક યુગ ખત્મ થઈ જાય છે. આ સ્થિતિને **'કયામતે વુસ્તા'** તરીકે ઓળખાવી છે. (૩) **કયામતે કુબરા** : (મોટી કયામત). કુબરા શબ્દ **'કબીર'** થી બન્યો છે. કબીર એટલે મોટું. સગીર એટલે નાનું. ગુજરાતીમાં સગીર બાળક એવો શબ્દ દસ્તાવેજમાં વપરાય છે. 'કયામતે કુબરા' એટલે તે હકીકી કયામત, જેમાં આ સૃષ્ટિની વ્યવસ્થાનો નાશ કરી દેવામાં આવશે. કબ્રોમાંથી મૈય્યતો જીવંત થઈને ઉઠશે. ન્યાયનું ત્રાજવું (મીઝાને અદલ) કાયમ કરવામાં આવશે. આપણાં ભાષણોમાં અને લખાણોમાં **'કયામત'** નો જે શબ્દ આપણે વાપરીએ છીએ, તે આ કયામતે કુબરા માટે સમજવાનો છે અને તેજ અર્થમાં વપરાય છે. ઝાલિમોનો ઈન્તેકામ લેવાશે. શીંગડાંવાળી બકરીએ, શીંગડાં વિનાની બકરીને મારી હશે, તો તેનો પણ ઈન્સાફ થશે. અમુક કીડીઓએ બીજી કીડીઓને દુખ પહોંચાડ્યું હશે, તો તેને પણ ન્યાય મળશે. આ જ દિવસને **હશ્ર, યવ્મે બાઅસ, યવ્મેનુશૂર** પણ કહે છે.

અલ્લાહ ત્આલા ફરમાવે છે કે, "**વહુ વલ્લઝી યબ્દઉલ ખલ્કા સુમ્મા યોઈદોહુ વહુવા અહવનુ અલયહે**" (સુરા રૂમ: આયત ૨૭) (અર્થ : અને તેજ છે, જે પ્રથમવાર સર્જન કરે છે, પછી બીજી વાર કરશે અને તેને માટે ઘણું સરળ છે) અલ્લાહ ત્આલા પ્રશ્ન પુછીને બંદાઓને કહે છે કે "**અલયસા ઝાલિકા બિકાદિરિન અલા અંય યુહયીયલ મવતા**" (સુરા કયામા : આયત, ૪૦) (અર્થ : શું અલ્લાહ એ માટે શક્તિમાન નથી, કે મડદાંઓને (ફરીથી) જીવંત કરે ?)

કયામતનો ઈન્કાર કરનાર કાફિર છે. તે મુસલમાન નથી. આપણા નબીયે કરીમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કયામતના આગમન પહેલાંની નિશાનીઓ પણ બતાવી દીધી છે. તેમાં બે પ્રકારની નિશાનીઓ છે. (૧) **સુગરા અલામતો** (નાની નિશાનીઓ). પ્યારા નબીયે કરીમ હુઝૂર સરવરે કાયેનાત, હઝરત મુહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના જન્મ (વિલાદત) સમયથી હઝરત ઈમામ મ્હેંદી પ્રગટ થશે, ત્યાં સુધીના સમયમાં જે નિશાનીઓ દેખાશે તેને સુગરા અલામતો અર્થાત નાની નિશાનીઓ કહે છે. હઝરત ઈમામ મહેંદી (અલયહિસ્સલામ) ના પ્રગટ થયા બાદ, કયામતનો પ્રથમ સૂર ફુંકાશે, તે સમય સુધી જે જે બનાવો બનવાના છે, તેને '**અલામતે કુબરા**' (મોટી નિશાનીઓ) કહે છે.

# અલામતે સુગરા :

(નાની નિશાનીઓ)

(૧) ઈલ્મ ઉઠી જશે. (૨) અજ્ઞાનતા (જેહલ) વધી જશે. (૩) વ્યભિચાર વધી જશે, મઝામીર (વાજીંત્રો) વધી જશે. (૪) સ્ત્રીઓની સંખ્યા વધી જશે. પુરુષો ઘટી જશે. એટલે સુધી કે પચાસ સ્ત્રીઓનો કારોબાર કરનાર માત્ર એકજ પુરુષ હશે, (૫) જુઠા લોકો વધારે થઈ જશે. (૬) દોલત ભેગી કરવા માટે મહેસુલ લેવામાં આવશે. (૭) ઝકાત આપવાના કૃત્યને લોકો દંડ સમજશે. (૮) અમાનતના માલને લોકો લુટનો માલ સમજીને દબાવી દેશે. (૯) વિદ્યા પ્રાપ્તિ માત્ર દુનિયા કમાવા માટે જ કરવામાં આવશે. (૧૦) પતિ તેની પત્નીનો આજ્ઞાંકિત બની જશે અને પોતાની મા ના હુકમોનું ઉલ્લંઘન કરશે. (૧૧) પિતાને વેગળો હડસેલીને મિત્રો સાથે મહોબ્બત કરશે. (૧૨) મસ્જિદોમાં બુમબરાડા-શોરોગુલ કરવામાં આવશે. (૧૩) કબીલાના સરદાર ફાસિક હશે. (૧૪) ના-અહલ અને નાલાયક લોકોને જવાબદારીઓ સોંપાશે. (૧૫) ઈજા કરે તેવા માનવીની (એટલે ગુંડાઓની) તાઝીમ એટલે માન સન્માન થશે. (૧૬) ગાનારી સ્ત્રીઓ અને વાજાં સામાન્ય થઈ જશે. (૧૭) શરાબ પીવાનું વધી જશે. (૧૮) ઉમ્મતના પૂર્વના લોકોની પર પાછળના લોકો લાનત કરશે. બસ, તે વખતે લાલ આંધીની પ્રતીક્ષા કરજો; ધરતીકંપો થશે, ચ્હેરા બદલાઈ જશે, આકાશમાંથી પત્થરો વરસશે, એવીજ બીજી આફતો એવી રીતે

આવવા માંડશે, જેવી રીતે માળાનો દોરો તુટી જવાથી, તેના મણકા એક પછી એક પડવા માંડે છે. (૧૯) બાળકો વધી જશે. (૨૦) એવા માણસો નેતા-સરદાર બની જશે, જે ઈલ્મ (વિદ્યા) અને અદબથી ખાલી હશે. (૨૧) મસ્જિદમાં વ્યભિચાર થશે. (૨૨) મસ્જિદમાં લોંડા બાઝી (સૃષ્ટિ વિરૂધ્ધ કર્મ) થશે. (૨૩) મસ્જિદમાં ખેલ-તમાશા (લહુ-લઅબ) થશે. (૨૪) એક બીજાને મળતી વખતે સલામ કરવાને બદલે ગાલી-ગલોચ કરશે. (૨૫) શર્મો હયા ઉઠી જશે. (૨૭) મુસલમાનો પર કાફિરોનાં ટોળાં વધી જશે. (૨૮) ઝુલ્મો સિતમનો રિવાજ થઈ જશે. (૨૯) જુઠી હદીસો અને બિદઅતો ચાલુ થઈ જશે. જ્યારે આ નિશાનીઓ દેખાશે, ત્યારે ખ્રિસ્તી કૌમ ઘણા દેશોનો કબ્જો લઇ લેશે. (નોટ : ૧૪૦૦ વર્ષ પહેલાં આ વાત કહી દેવામાં આવી છે. આજે તે મુજબ બની રહ્યું છે. તેથી ઈસ્લામની સચ્ચાઈ અને રિસાલતે મોહમ્મદીની સચ્ચાઈ સાબિત થાય છે. )

'અબુ દાઉદ' ની હદીસમાં છે કે હઝરત મઆઝ બીન જબલ (રદિયલ્લાહો અન્હો) કહે છે કે, પ્યારા નબીયે કરીમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે, બયતુલ મુકદદસની આબાદીમાં મદીના મુનવ્વરાની ખરાબી સમાએલી છે. (નોંધ : હાલમાં યહુદીઓએ બયતુલ મુકદદસ જીતી લીધું હોવાથી ઈઝરાઈલના કબ્જામાં છે) અને મદીના મુનવ્વરાની ખરાબીમાં ફીત્ના પેદા થવાનું કારણ સમાયું છે, અને આ ફીત્ના પ્રગટ થવામાં કુસ્તુનતુનિયાની જીત

નો સબબ છે અને તે જીત 'દજજાલ' પ્રગટ થવાનો સબબ બનશે.' આવું કહ્યા બાદ આપ સરકારે હઝરત મઆઝના બાવડા પર હાથ મારીને ફરમાવ્યું કે, "આ નિશ્ચિત છે.'

'અબુ દાઉદ" માં બીજી એક હદીસમાં ફરમાવ્યું છે, કે હઝરત સોબાન (રદિયલ્લાહો અન્હો) કહે છે કે રસુલે કરીમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે, "નજીક સમય છે કે તમારી ઉપર, એક પછી એક બીજી ઉમ્મતો (કૌમો) આવશે, જેવી રીતે એક મોટા પ્યાલા પર ખાનારા આવી ચઢે છે.' એક માણસે પ્રશ્ન પૂછયો કે, "કદાચ, તે જમાનામાં અમે ઓછી સંખ્યામાં હોઈશું" આપ સરકારે ફરમાવ્યું કે, "ના, તમે તે જમાનામાં ઘણી સંખ્યામાં હશો. પરંતુ તમે એવા હશો જેવી રીતે નદીના પાણી પર કચરો હોય છે. અલ્લાહ ત્આલા તમારી ધાક (હૈબત) ને, તમારા દુશ્મનોના દિલોમાંથી કાઢી નાખશે અને તમારાં દિલોમાં સુસ્તી નાખી દેશે.' એક માણસ બોલ્યો કે, "યા રસુલલ્લાહ ! સુસ્તી શા માટે હશે ?' આપ હુઝૂરે ફરમાવ્યું : "દુનિયાની મહોબ્બત અને મૌતના ડરને લીધે.'

'અબુ દાઉદ' અને 'તિરમિઝી' ની હદીસમાં એક હદીસ હઝરત સોબાન (રદિયલ્લાહો અન્હો) થી રિવાયત થઈ છે. તેમાં રસુલે પાકે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એવો ઈર્શાદ ફરમાવ્યો

છે કે, "કયામત કાયમ નહિં થાય, જયાં સુધી મારી ઉમ્મતનાં ટોળેટોળાં મુશરિકો સાથે મળી ના જાય અને ઘણા કબીલાઓ બુત પરસ્તી (મૂર્તિ પૂજા) ના કરે.'

(નોટ : ઉપરની હદીસને મુસલમાનો વારંવાર વાંચે અને ઈબ્રત હાસીલ કરે -લેખક)

હઝરત અબુ હુરૈરહ (રદિયલ્લાહો અન્હો) થી એક હદીસ આ મુજબ સહીહ, 'બુખારી' શરીફમાં રિવાયત થઈ છે, કે હુઝૂર મદની તાજદારે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે કયામતની નિશાનોઓમાં એ પણ છે કે (૧) બે મોટી જમાઅતોમાં લોહીયાળ લડાઇ થશે. બન્નેનો દાવો એક સરખો હશે. (૨) ત્રીસ જુઠા દજજાલો પેદા થશે, જે નુબૂવ્વતનો જુઠો દાવો કરશે. (૩) ઈલ્મ ઉઠી જશે. (૪) ધરતી કંપો થશે. (૫) જમાનો કરીબ થઈ જશે (૬) ફીત્ના ફસાદનું પ્રમાણ વધી જશે. (૭) કત્લ અને ખુનરેઝી વધી જશે. (૮) માલ એટલો બધો વધી જશે કે સદકો સ્વીકારનાર કોઈ મળશે નહિ. (૯) ઈમારતો બાંધવામાં લોકો એક બીજાની હરિફાઈ કરશે અને તે માટે ગર્વ કરશે. (૧૦) એક માણસ કોઈની કબ્ર પાસેથી પસાર થશે, ત્યારે કહેશે કે કાશ! હું આ કબ્રમાં હોત. (૧૧) પૂર્વને બદલે પશ્ચિમમાંથી સૂર્ય નીકળશે. તે વખતે બધા લોકો ઈમાન લઈ આવશે. પરંતુ તે સમયે ઈમાન લાવવું કશુંજ ફાયદાકારક નીવડશે

નહિં.

ભાઈઓ ! ઉપર મુજબ જે બે જમાઅતોની લડાઈ બતાવી છે, તે બાબતમાં આલિમો કહે છે કે હઝરત અલી (રદિયલ્લાહો અન્હો) અને હઝરત અમીર મઆવીયા (રદિયલ્લાહો અન્હો) ની વચ્ચે જે લડાઈ થઈ હતી, તે છે. જુઠા દજજાલો વિષે પણ ઈસ્લામી ઈતિહાસમાં જાણવા મળે છે કે લગભગ ત્રીસ દજજાલો એવા પેદા થઈ ગયા, જેમણે તેમની જુઠી નુબૂવ્વતનો દાવો પેશ કર્યો હતો. ઈલ્મ ઉઠી જશે, એ હકીકત બાબત અબ્દુલ્લાહ બીન ઉમરથી (રદિયલ્લાહો અન્હો) રિવાયત થએલી એક હદીસમાં છે, કે ઉલ્માયે હક બાકી રહેશે નહિં. લોકો જાહેલોને પોતાના પેશવા બનાવશે. આવા જાહેલો ઈલ્મની જાણકારી વિના ફત્વા પણ આપશે. જમાનો કરીબ થઈ જશે એવું કહ્યું છે, તેનો મતલબ આલિમોએ એવો કર્યો છે કે બરકત ઉઠી જશે. કેટલાક આલિમો કહે છે કે અયશોઈશરત એટલી બધી વધી જશે, કે સમય કયાં પસાર થાય છે, તેની ખબર નહિં પડે. કેટલાક આલિમો ઝડપી બની જશે કે મહિનાનો પ્રવાસ એક દિવસમાં, એક દિવસનો પ્રવાસ એક કલાકમાં થઈ શકશે. આ રીતે જમાનો કરીબ આવી જશે. (નોંધ : આ બધીજ નિશાનીઓ આજે જોવા મળે છે)

ભાઈઓ ! જે કાંઈ સમય બચ્યો છે અને જે કાંઈ ઉમર બાકી

છે, તેને ગનીમત જાણીએ, દીને હકનો સાચા દિલથી સ્વીકાર કરીએ અને અહેકામે ઈલાહીની ઈતાઅતમાં લાગી જઈએ.

'**સહીહયન**' ની હદીસમાં (એટલે **બુખારી** શરીફ અને **મુસ્લિમ** શરીફની હદીસમાં) એક રિવાયત હઝરત ઉમર ફારૂકે (રદિયલ્લાહો ત્આલા અન્હો) કરી છે. તેમાં હુઝૂર મદની તાજદારે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઈર્શાદ ફરમાવ્યો છે કે, "જયારે લોંડી તેની શેઠાણીને જણે, તો કયામતની નિશાની છે. જયારે નાદાર અને બેકાર લોકો બીજાઓના સરદાર બની જાય, તો તે પણ કયામતની નિશાની છે. જયારે બકરીઓ ચરાવનારા લોકોનાં મકાનો, બાદશાહોના મહેલોને પણ શરમાવી દે અને તેની પર તે લોકો ઈતરાજી કરે, તો તે પણ કયામતની નિશાની છે. (સહીહયન)

આલિમોએ સમજાવ્યું છે કે લોંડી પોતાની શેઠાણીને જણે, એનો અર્થ એ છે કે લોંડીઓ બનીને અને કેદી બનીને આવેલી ઔરતોની ઔલાદ વધી જશે. કેટલાક આલિમોએ એવો અર્થ તારવ્યો છે કે ઔલાદ પોતાના મા બાપને ચાકર બનાવી દેશે.

હવે આપણે '**અલામતે કુબરા**' (મોટી નિશાનીઓ) ની માહિતી મેળવીએ.

# અલામતે કુબરા :
(મોટી નિશાનીઓ)

હઝરત હુઝૈફા (રદિયલ્લાહો અન્હો) થી એક હદીસ 'અબુ દાઉદ' શરીફમાં રિવાયત થઈ છે કે, હુઝૂર નબીયે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અમારી મજલીસમાં એક વખત તશરીફ લાવ્યા. અમે તે વખતે વાતો કરતા હતા. હુઝૂરે પૂછયું, કઈ વાતની ચર્ચા કરી રહ્યા છો ? અમે કહ્યું, અમે તો કયામતનો ઉલ્લેખ કરી રહ્યા છીએ. હુઝૂરે ફરમાવ્યું કે કયામત હરગીઝ કાયમ નહિ થાય જયાં સુધી તેની દસ નિશાનીઓ જાહેર ના થઈ જાય અને પછી આપ સરકારે દસ નિશાનીઓ બતાવી (૧) **ધુમાડો** (૨) **દજ્જાલ** (૩) **દાબ્બતુલ અર્દ** (૪) **સૂર્યનું પશ્ચિમમાંથી નીકળવું** (૫) **ઈસા ઈબ્ને મરીયમનું ઉતરવું** (૬) **યાજુજ માજુજ** (૭) **ત્રણ મોટા ખસફ** (એટલે લોકોનું જમીનમાં ધસી જવું) પૂર્વ ત્થા પશ્ચિમ ત્થા અરબના ટાપુમાં, એ ત્રણ દિશાએ લોકોનું જમીનમાં ધસી જવું. (૮) **હઝરત ઈમામ મહેંદી** (અલયહિસ્સલામ)નું પ્રગટ થવું (૯) **એક પ્રચંડ આગ**, જે યમનમાં પ્રગટ થશે અને લોકોને હાંકતી હશ્રના મેદાનમાં લઈ જશે (૧૦) **પ્રચંડ હવાનું ચાલવું.** (સહી મુસ્લિમ)

ઉપર જે દસ નિશાનીઓ બતાવી છે, તે કયામતના આગમન

પહેલાંની મોટી નિશાનીઓ (અલામતે કુબરા) છે.

ઉપર જણાવેલી દસ 'અલામતે કુબરા' (મોટી નિશાનીઓ) ની સવિસ્તાર ચર્ચા હવે શરૂ કરીએ છીએ.

(૧)

# હઝરત ઈમામ મહેંદી

## (અલયહિસ્સલામ)

હઝરત ઈમામ મહેંદી (અલયહિસ્સલામ) રૂકન અને મકામે ઈબ્રાહિમની વચ્ચે બયતુલ હરામનો તવાફ કરતા જોવા મળી આવશે. તે વખતે મુસલમાનોની એક જમાઅત તેમને ઓળખી કાઢશે. તે જમાઅત તેમના હાથ પર બયતે ખિલાફત કરશે. તે બૈત વખતે આકાશમાંથી એક અવાજ એવો આવશે કે, "હાઝા વલીય્યુલ્લાહિલ મહદિય્યો ફત્તબિઉહુ" (અર્થ : આ અલ્લાહના વલી મહેંદી છે, જેથી તેમની તાબેદારી કરો) આપના શરીરના દેખાવનું વર્ણન 'અબુ દાઉદ' શરીફ નામની હદીસની મશહુર કિતાબમાં આ મુજબ લખ્યું છે. આપનું કદ લાંબુ હશે, ચ્હેરો ચમકતો હશે, નાક દેખાવડું અને પ્રભાવિત હશે, પેશાની પર એક નિશાન હશે. તે નિશાન તારાની માફક ચમકતું હશે, આપની જીભ

થોડી તોતડાતી હશે, વાત કરતી વખતે, કોઈ વાર આપ પોતાની જાંઘ પર હાથ મારતા હશે, **'મિશ્કાત'** શરીફમાં લખ્યા મુજબ હઝરત મ્હેંદી (અલયહિસ્સલામ) હઝરત ફાતમા ઝહરા (રદિયલ્લાહો ત્આલા અન્હા) ની ઔલાદમાંથી હશે. એક રિવાયતમાં તો સ્પષ્ટ છે કે હઝરત હસન (રદિયલ્લાહો અન્હો) ની ઔલાદમાંથી હશે. જ્યારે તે પ્રગટ થશે, ત્યારે તેમની ઉમર ૪૦ (ચાલીસ) વર્ષની હશે. હુઝૂર મદની તાજદારે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પોતે હઝરત ઈમામ મ્હેંદીના પ્રગટ થવા વિષે શું ફરમાવ્યું તે પણ જોઈએ. તે વિષયમાં કુલ ત્રણ મશહુર હદીસો જોવા મળે છે. (૧) હઝરત અબ્દુલ્લાહ બીન મસ્ઉદ (રદિયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે, હુઝૂર રસુલે કરીમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે "દુનિયાનો નાશ નહિ થાય, ત્યાં સુધી કે મારા અહલે બયતમાંથી એક માણસ અરબ દેશનો માલિક બની જાય. તેનું નામ મારા નામ મુજબ હશે. તેના પિતાનું નામ મારા પિતાના નામ મુજબ હશે. તે માણસ આ ધરતીને ન્યાય અને ઈન્સાફથી ભરી દેશે, કે જે ધરતી તેના આગમન પહેલાં ઝુલ્મ અને અત્યાચાર થી ભરેલી હશે." (હવાલો, **તિરમિઝિ :** દાઉદ) (૨) હઝરત અબુ સઈદ ખુદરી (રદિયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે હુઝુરે ફરમાવ્યું કે "ઈમામ મ્હેંદી ધરતીને અદલોઈન્સાફથી ભરી દેશે. આકાશ, વર્ષા વરસાવવમાં અને ધરતી, શાકભાજી ઉગાડવામાં જરાયે કસર કરશે નહિ. તે વખતે માનવી એવી તમન્ના કરશે કે કાશ ! આ સમયે મડદાં પણ જીવંત થાત તો

તે ખુશ થતાં અને કામયાબ થઈ જતાં." (મુસ્તદરક, હાકિમ) (૩) હઝરત ઉમ્મે સલ્મા (રદિયલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે "જે સમયે બાદશાહે ઈસ્લામ મૃત્યુ પામશે, તે વખતે મદીના વાળાઓમાંથી એક માણસ પ્રગટ થશે અને મક્કા શરીફ તરફ જશે, લોકો તેમની પાસે બયઅતે ખિલાફત કરવા ઈચ્છા કરશે, પરંતુ તે ના પાડશે. તે પછી રૂકન અને મકામે ઈબ્રાહીમની વચ્ચે લોકો તેમના હાથ પર ખિલાફતની બૈત કરશે, તે પછી સિરિયા (શામ) દેશનું એક લશ્કર, તેમની પર ચઢાઈ કરશે. તે લશ્કર, મક્કા અને મદીનાની વચ્ચે ધરતીમાં ધંસી જશે. તે પછી સિરિયા અને ઈરાકના **અબ્દાલો** અને **અસાઈબો** ( આ બન્ને જમાઅતો મર્દાને ખુદાની જમાઅતો છે) ઈમામ મ્હેંદીના હાથ પર બૈત કરશે. હઝરત ઈમામ મ્હેંદી (અલયહિસ્સલામ), હુઝૂર સૈય્યદુલ મુર્સલીન, આકા-વ-મૌલા, મદની તાજદાર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની સુન્નતો પર અમલ કરશે. આ જમાનામાં ઈસ્લામી શાનો શૌકત તેની ટોચ પર -બુલંદી પર હશે. ઈમામ મ્હેંદી કુલ સાત વરસ હકુમત કરશે. તે પછી તેમની વફાત થઈ જશે. મુસલમાનો તેમની નમાઝે જનાઝા પઢશે." (અબુ દાઉદ)

હઝરત ઈમામ મ્હેંદી વિષે વધુ માહિતી એવી મળે છે કે, આપના માથે વાદળનો સાયો હશે, કાંબામાં જે ખજાનો દફન છે, જેને '**તાજુલ કાંબા**' કહે છે, તે ખજાનાને બહાર કાઢશે અને

મુસલમાનોમાં તેની વ્હેંચણી કરશે, કુસ્તુનતુનિયાનો કિલ્લો બીજી વાર જીતાશે, આપની સોબતમાં કોઈ જાહેલ માણસ એકજ રાતમાં આલિમ-ફાઝીલ બની જશે, તમામ બાતિલ ધર્મોનો નાશ થશે, આપની મદદમાં ખુરાસાનથી એક લશ્કર નીકળશે, જેનો સરસેનાપતિ મન્સુર નામનો માણસ હશે; આપ હઝરત ખત્ના કરેલા જ હશે અને પવિત્ર હશે. બીજી વધુ માહિતી એવી પણ મળે છે કે તમામ ખ્રિસ્તી દેશો પોતપોતાના લશ્કરો ભેગાં કરીને આપની સાથે લડવા આવશે. ખ્રિસ્તી લશ્કરનાં એંસી (૮૦) નિશાન (ઝંડા) હશે. દરેક નિશાનવાળા ગ્રુપમાં બાર હજાર (૧૨૦૦૦) સૈનિકો હશે. હઝરત ઈમામ મ્હેંદી કુચ કરીને મક્કાથી મદીના રવાના થશે, મદીનામાં હુઝૂરના રોઝા મુબારકની ઝિયારત કર્યા બાદ, તે સિરિયા તરફ રવાના થશે. ત્યાંથી દમિશ્ક પહોંચશે. તે વખતે તેમનું લશ્કર ત્રણ વિભાગમાં વ્હેંચાઈ જશે. એક વિભાગનું લશ્કર ખ્રિસ્તીઓના ડરથી નાસી જશે. બીજા વિભાગનું લશ્કર, બાકીના લશ્કરથી વિખુટું પડીને અલગ થઈ જશે. આ વિભાગોના સૈનિકોની તૌબા અલ્લાહ ત્આલા હરગીઝ કબુલ નહિ કરે. ફક્ત એકજ વિભાગવાળું લશ્કર બાકી રહેશે. તે લશ્કર હઝરત ઈમામ મ્હેંદીની સાથે રહીને મહાન લડત આપશે. તેમાંના કેટલાક શહીદ થશે અને કેટલાક કામયાબ થશે. આ શહીદોનો મર્તબો બદર અને ઉહદના શહીદો બરાબર હશે. બેશુમાર ખ્રિસ્તીઓ આ લડાઈમાં મરી જશે. ઈમામ મ્હેંદી (અલયહિસ્સલામ) ની શાનદાર જીત થશે. તે પછી હઝરત ઈમામ

કુસ્તુનતુનિયા શહેર તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરશે. અલ્લાહના ફઝલથી આ શહેર ઉપર વિજય મળે, તે દરમ્યાન છ વર્ષ અથવા આઠ વર્ષ વીતી જશે. તે પછી વિજય મળશે. તેજ વિજય વખતે 'દજજાલ' પ્રગટ થવાની ખબર ચારે તરફ ફેલાશે. હઝરત ઈમામ, શામ (સિરિયા) તરફ કૂચ ફરમાવશે. સૌ પ્રથમ 'દજજાલ' પ્રગટ થયો છે કે નહિ, તે બાબતની તહકીક (તપાસ) કરવા, નવ ઘોડેસ્વારોને ઈમામ સાહેબ મોકલશે. હુઝૂર નબીયે કરીમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું છે કે "હું આ સવારોનાં નામ, તેમના પિતાના નામ, તેમના કબીલાના નામ અને તેમના ઘોડાઓનો રંગ પણ જાણું છું. તે લોકો ધરતી પરના ઉત્તમ માનવોમાંથી છે" પેલા ઘોડેસ્વારોની તપાસમાં દજજાલના પ્રગટ થવાની વાત જુઠી સાબિત થશે. અમુક સમય પછી 'દજજાલ' પ્રગટ થશે. એક રિવાયત મુજબ હઝરત મ્હેંદીની ખિલાફત સાત અથવા આઠ અથવા નવ વર્ષ રહેશે. તે પછી આપનો વિસાલ થઈ જશે.

(૨) ત્થા (૩)

# 'દજ્જાલ' નું પ્રગટ થવું અને હઝરત ઈસા (અલયહિસ્સલામ) નું ઉતરાણ :

**'દજ્જાલ'** યહુદી કૌમમાંથી એક પુરુષ છે, તે મસીહ હોવાનો દાવો કરશે. ઈરાક અને શામની વચ્ચે પ્રથમ તે દેખાશે. ત્યાં તે નુબૂવ્વતનો દાવો કરશે. તે મરદુદ કાફિર હશે. તે અસ્ફાહાનમા આવશે. ૭૦૦૦૦ (સિત્તેર હજાર) યહુદી તેના મિત્રો હશે. તે ખુદાઈનો દાવો પણ કરશે. લોકોને પોતાના ખુદાઈ દાવા તરફ બોલાવશે. તે તમામ ધરતી પર ફરી વળશે. તેની સાથે એક બનાવટી જન્નત અને બનાવટી દોઝખ પણ હશે. તે એવા એવા ઈસ્તીદરાજ (હયરત ભર્યા ખેલ) કરી બતાવશે, જેનાથી ઈમાનવાળાઓના ઈમાનની પરીક્ષા થઈ જશે. તેનો હુલિયો (વર્ણન) તાજદારે દો આલમ, હુઝૂર રસુલે કરીમે (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) આ મુજબ બયાન ફરમાવ્યો છે, કે, "તેનું કદ ઘણું લાંબુ-પહોળુ હશે. તેની એક આંખ હશે. બીજી આંખ હશેજ નહિ. બીજી આંખની જ્યાં જગ્યા હોય છે, ત્યાં દ્રાક્ષના દાણા જેવડું ફુલ પડેલું હોય તેવી આંખ હશે. તેના બન્ને ખભાની વચ્ચે ભાલાઓની માફક તેના શરીરના વાળ ઉભા થએલા હશે. તેની બન્ને આંખના સ્થળની

વચ્ચે આવું લખ્યું હશે; 'ક...ફ...ર'. તે માણસ ગધેડા પર સવાર હશે. તે ગધેડાનો રંગ થોડો લીલો-લાલ જેવો હશે. હદીસમાં આ મુજબના શબ્દો આવ્યા છે. "અદ્દજાલુ અલા હિમારીન **અકમુરીન મા બયના ઉઝ નયહે સબઉના બા-અન"** (બયહકી)

આટલી સ્પષ્ટતા છતાં જો કોઈ શખ્સ 'દજાલ' ના વજુદનો ઈન્કાર કરે અથવા તેના ગધેડાના વજુદનો ઈન્કાર કરે, તો તે સરાસર ગુમરાહ છે.

એવો પણ સવાલ પુછવામાં આવે છે કે તે 'દજાલ' જે પ્રગટ થવાનો છે, તે હાલમાં ક્યાં રહે છે ? તેનો જવાબ એ છે કે તિબરસ્તાનના ટાપુમાં, અલ્લાહના હુકમથી તે હાલમાં કૈદમાં છે. તે જયારે પ્રગટ થશે, ત્યારે સૌ પ્રથમ તે એક પહાડ પર દેખાશે. ત્યાં બેસીને તે એક એવો અવાજ કાઢશે, જે અવાજ એક હજાર ફરસંગ (એક ફરસંગનું અંતર (ત્રણ માઈલ) ચાર હજાર ગજ થાય છે) સુધી પહોંચશે. બીજી વખતે તે 'દજાલ' વાદળની માફક ગર્જના કરશે. તે અવાજ તમામ નેક અને બદ લોકો સાંભળશે. જેમની કિસ્મતમાં બદબખ્તી લખેલી છે, તે લોકો તેના અનુયાયી બની જશે. તે 'દજાલ' તે સ્થળે સાડા ત્રણ દિવસ સુધી રહેશે. ગુમરાહો સહિત તેનું લશ્કર જયારે વધી જશે, ત્યારે તે નીચે આવશે અને અલ્લાહની

મખ્લુકમાં ફીત્ના-ફસાદ શરૂ કરી દેશે. તેના કહેવાથી વરસાદ થશે. ધરતીમાંથી લીલતોરી ઉગી નીકળશે, કોઈ મુસલમાનને મારી નાખીને જીવતો પણ કરી દેશે. જે મુસલમાનો ઈમાનદાર હશે તે માત્ર તસ્બીહ અને તહલીલ (ઝિકરે ઈલાહી) કરતા રહેશે અને એ ઝિકર તેમનો ખોરાક બનીને તેમને ભોજનનું કામ આપશે. તે પછી 'દજજાલ' યમનમાં આવશે. તે મક્કા શરીફ તરફ જશે ખરો, પરંતુ ત્યાં ફરિશ્તાઓ મક્કાની હિફાઝતમાં (રક્ષણ) હાજર હશે, તેથી **દજજાલ** મક્કામાં દાખલ થઈ શકશે નહિ. તે પછી **દજજાલ** મદીના શરીફમાં દાખલ થવાનો ઈરાદો કરશે. મદીના શરીફના તે વખતે સાત દરવાજા હશે. આ **દજજાલ**, મદીના શરીફની પાસે ઉહદ પહાડની નજીકમાં અડ્ડો જમાવશે. મદીનાના સાતે સાત દરવાજા પર બે-બે ફરિશ્તા બેઠા હશે. તે મદીનાનું રક્ષણ કરતા હશે. તેથી **દજજાલ** મદીનામાં પણ પ્રવેશ પામી શકશે નહિ. તે પછી **દજજાલ** બયતુલ મુકદ્દસ (નોંધ : જ્યાં મસ્જિદે અકસા છે અને જ્યાં આપણા પ્યારા નબીયે કરીમે તમામ અંબિયાઓને નમાઝ પઢાવ્યા બાદ ખુદાના આમંત્રણથી મેઅરાજ માટે આસ્માન પર તશરીફ લઈ ગયા, તે સ્થળને બયતુલ મુકદ્દસ કહેવાય છે. તે સ્થળ હાલમાં યહુદીઓના કબ્જામાં છે-લેખક) તરફ રવાના થશે. આ સ્થળે હઝરત ઈમામ મ્હેંદી (અલયહિસ્સલામ) **દજજાલ** સાથે લડાઈ કરવાની તૈયારી રૂપે ઈસ્લામી લશ્કર સાથે તૈયાર હશે. બસ, આજ સમયે, સવારના સમયે, દમિશ્ક પાસેના સફેદ

મિનારા પાસે, બે ફરિશ્તાના બાવડા પર હાથ મુકીને, હઝરત ઈસા (અલયહિસ્સલામ) આસ્માનથી ઉતરશે. હઝરત ઈસા અલયહિસ્સલામ ફજરની નમાઝ, હઝરત ઈમામ મ્હેંદીની પાછળ પઢશે. પછી હઝરત ઈસા (અલયહિસ્સલામ) દજ્જાલને તે સ્થળે ખત્મ કરશે, જે સ્થળ 'બાબેલુદ' ના નામથી ઓળખાય છે. હઝરત ઈસા (અલયહિસ્સલામ)ના દમ (શ્વાસ) માં એવી તાસીર હશે કે એ શ્વાસ જે કાફિરને લાગી જશે, તે કાફિર તરતજ મરી જશે. જયારે દજજાલ અને તેની ફોજ ખતમ થઈ જશે, ત્યારે હઝરત ઈસા અને હઝરત ઈમામ મ્હેંદી સમગ્ર દેશમાં હરશે-ફરશે અને જે જે લોકોને દજજાલથી મુસીબત પહોંચી હશે તેમને તસલ્લી આપશે અને તેમને થએલા નુકશાનને પોતાના અલ્તાફ અને ઈનાયતથી પૂર્તિ ફરમાવશે. તે પછી હઝરત ઈસા અલયહિસ્સલામના હુકમથી સુવ્વરોને (ખંઝીરોને) ખતમ કરવામાં આવશે, સલીબ (જે ક્રોસને ખ્રિસ્તીઓ પુજે છે) તોડી નાખવામાં આવશે. તે સમયે કોઈ પણ કાફિર પાસેથી જઝિયા વેરો લેવાશે નહિં. ઈસ્લામ સિવાય બીજો કોઈ હુકમ ચાલશે નહિ. બધા કાફિરો મુસલમાન થઈ જશે. દજજાલ ખત્મ થઈ જશે, તે પહેલાં કુલ ચાલીસ દિવસ સુધી તેનો ફસાદ અને મકર ધરતી પર ચાલુ રહેશે. આ ચાલીસ દિવસોમાં પ્રથમ દિવસ એક વર્ષ જેવો હશે. બીજો દિવસ એક મહિના બરાબર હશે, ત્રીજો દિવસ એક સપ્તાહ બરાબર લાંબો હશે અને પછી બાકીના દિવસો આપણા સામાન્ય દિવસો

જેવા હશે. દજજાલ લઈને પોતાના જાદુથી સૂર્યને પણ રોકી રાખશે. આ રીતે હઝરત ઈમામ મ્હેંદી (અલયહિસ્સલામ) ની ખિલાફત સાત, આઠ અથવા નવ વર્ષની હશે. તે હિસાબે તેમની ઉમર ૪૭, ૪૮ અથવા ૪૯ વર્ષની હશે. મૌલાના શાહ રફીઉદ્દીન દહેલ્વી (રહમતુલ્લાહ અલયહ) લખે છે, કે સાત વર્ષ તો ખિલાફતનાં હશે, આઠમું વર્ષ લડાઈઓમાં જશે. નવમું વર્ષ હઝરત ઈસા અલયહિસ્સલામની સોહબતમાં જશે. હઝરત ઈમામ મ્હેંદીની વફાત થઈ જશે. હઝરત ઈમામ મ્હેંદી પછી તમામ અધિકારો હઝરત ઈસા (અલયહિસ્સલામ) ને મળશે. તે વખતે દુનિયાની સ્થિતિ સારી હશે. તે વખતે એકાએક અલ્લાહ તરફથી હઝરત ઈસા (અલયહિસ્સલામ) પર વહી નાઝીલ થશે કે, હું એક એવી કૌમને દુનિયામાં ઉતારૂં છું, જેની સાથે લડાઈ કરવાની શક્તિ કોઈને નથી. અય ઈસા ! તમે મારા બંદાઓને 'તુર' નામના પર્વત પર લઈ જાવ. હઝરત ઈસા (અલયહિસ્સલામ) અલ્લાહના હુકમ મુજબ મુસલમાનોને 'તુર' નામના પહાડ પર લઈ જશે. તેજ વખતે 'યાજુજ માજુજ' ની કૌમ પ્રગટ થશે.

(૪)

## 'યાજુજ-માજુજ' કોણ છે ?

તે હઝરત આદમના વંશમાંથી માનવ જાતિજ છે. હઝરત નૂહ

અલયહિસ્સલામ મહાન પયગમ્બર થઈ ગયા. તેમના દિકરા યાફ્સની ઔલાદમાંથી તે લોકો છે. (હવાલો, બયઝાવી; મદારિક)

હાલમાં તે લોકો દુનિયાથી બહાર ઉત્તર તરફ રહે છે. ત્યાં એક દરિયો છે, જેનું પાણી બેહદ ઠંડીના કારણે જામી જાય છે. તેથી તેમાં કશ્તી (વહાણ) ચાલતી નથી. તેની પૂર્વે અને પશ્ચિમે બે મોટા પહાડ છે. હઝરત સિકંદર ઝુલકરનયન અલયહિસ્સલામે તે બન્ને પહાડોના શિખર સુધી એક લોખંડી દિવાલ બનાવી છે. તે દિવાલની અંદર તે લોકો કૈદ છે. યહુદીઓની ઉશ્કેરણીથી કુરેશી કાફિરોએ, હુઝૂરની પરીક્ષા લેવા ખાતર હઝરત ઝુલકરનયનના કિસ્સા વિષે પ્રશ્ન પૂછ્યો હતો. તેના જવાબ રૂપે એ કિસ્સાની હકીકત કુઆન શરીફ્માં પણ આવી છે. અલ્લાહ ત્આલા કુઆનમાં, પારા નંબર ૧૬માં, સુરએ 'કહફ' માં ઈર્શાદ ફરમાવે છે કે '**કાલૂ યા ઝલકરનયનિ ઈન્ના યાઅજુજા વ માઅજુજા મુફસિદુના ફિલ અરદે ફહલ નજઅલુ લકા ખરજન અલા અન તજઅલા બયનના વ બયનહુમ સદ્દા**" (આ : ૯૪) (અર્થ : તેમણે કહ્યું, અય ઝુલકરનયન ! બેશક યાજુજ અને માજુજ ધરતી પર ફસાદ મચાવે છે, તો શું અમે આપને માટે અમુક માલ અર્પણ કરીએ, જેથી આપ, અમારી અને તેમની વચ્ચે એક દિવાલ બનાવી દો") (સુરા કહફ; આયત ૯૪) એ 'સદ્દે સિકંદરી' (લોખંડી

દિવાલ) ની લંબાઈ સો અથવા દોઢસો ફરસંગ (એક ફરસંગ=ત્રણ માઈલ) અને પહોળાઈ ૫૦ માઈલ અને ઊંચાઈ ૨૮૦૦ 'બાઅ' છે. (નોટ : બે ગજનો એક 'બાઅ' થાય છે -લેખક) જયારે આ દિવાલ ઘણીજ મજબુતી સાથે તૈયાર થઈ ગઈ, ત્યારે હઝરત ઝુલકરનયને (અલયહિસ્સલામ) આ કાર્યની પૂર્ણાહૂતિ માટે અલ્લાહનો સિજદયે શુક્ર અદા કર્યો. પછી પોતાની કૌમને સંબોધીને તેમણે ફરમાવ્યું કે, '**હાઝા રહમતુમ મિર રબ્બી ફઈઝા જાઅ વઅદુ રબ્બી જઅલહુ દકકા. વ કાના વાઅદુ રબ્બી હકકા**" (અર્થ : આ મારા પરવરદિગારની મહેરબાની છે. હવે જયારે મારા પરવરદિગારનો વાયદો થશે, ત્યારે તેને (દિવાલને) રેઝા રેઝા કરી નાખશે અને મારા રબનો વાયદો સાચો છે) (સુરા કહફ : આયત ૯૮) (તફસીર અસરારૂલ ફાતેહા)

'**યાજુજ માજુજ**' નાં બે ગ્રુપ છે. દરેક ગ્રુપમાં ત્રણ પ્રકાર છે. એક પ્રકારના '**યાજુજ માજુજ**' ના કદની લંબાઈ ૧૨૦ ગજ, પહોળાઈ થોડી ઓછી છે. બીજા પ્રકારવાળાની લંબાઈ ૧૨૦ ગજ અને પહોળાઈ પણ ૧૨૦ ગજ છે. ત્રીજા પ્રકારવાળાનું કદ એક વેંતથી માંડીને ૫૦ ગજ સુધી છે. આ ત્રીજા પ્રકારવાળાના કાન તેમના પગ સુધી આવે એટલા મોટા છે. તે લોકો એક કાન બીછાવે છે અને એક કાન ઓઢી લે છે. (તફસીરે મઝહરી) તે લોકોમાં પણ જીવન અને મૃત્યુ છે. પરંતુ આ ટોળાનો કોઈ શખ્સ જ્યાં સુધી

પોતાના વંશના એક હજાર માણસ જોઈ ના લે, ત્યાં સુધી મરતો નથી. બલ્કે તેમના મૃત્યુની નિશાનીજ એ રાખી છે (મદારિક)

'**યાજુજ માજુજ**' માં બાદશાહો પણ છે. તે બાદશાહોના લકબ આ મુજબ છે. (૧) **તૌલાના** (૨) **અતજઅ** (૩) **તારૂન** (૪) **સાકા;** જયારે અલ્લાહ ત્આલા '**સદ્દે સિકંદરી**' (લોખંડી દિવાલ) તોડીને આ કૌમને આપણા તરફ લાવશે. ત્યારે સૌ પ્રથમ **તૌલાના** બાદશાહ તેના લશ્કર સાથે બહાર નીકળશે. એ લશ્કર એટલું મોટું હશે કે તિબ્રિયાના દરિયાનું બધું પાણી તે લોકો પી જશે. તે દરિયો સાત ગાઉ થી દસ ગાઉ સુધીનો છે. પછી તે લોકોનું બીજું ટોળું દિવાલની બહાર આવશે, તો તે એવું બોલશે કે આ જગ્યાએ કદાચ પાણી વહેતું હશે. તે લોકો તીડનાં ટોળાંની માફક ફેલાઈ જશે અને ઝુલ્મ, અત્યાચાર, કત્લ, ગારતગરી અને આદમખોરી (એટલે માનવોને ખાઈ જવા) કરવા માંડશે. જયારે તે શામ (સિરિયા) દેશમાં પહોંચશે તો કહેશે કે અમે તો ધરતી પર કોઈ માનવી જીવતો રહેવા દીધો નથી. લાવો ! હવે આકાશની મખ્લુક (જીવ) ને ખાઈ જઈએ. તેવો ઈરાદો કરીને આકાશ તરફ પત્થરો ફેંકશે. અલ્લાહ ત્આલા તે પત્થરોને લોહીવાળા કરીને ધરતી પર પાછા મોકલશે. તેથી તે લોકો ઘણા રાજી થશે. તે સમયે હઝરત ઈસા (અલયહિસ્સલામ) અને આપના લશ્કરને એવા દુકાળનો અનુભવ થશે કે બકરીનું એક માથું સો દિનાર ખર્ચતાં પણ મળશે નહિ. તે વખતે હઝરત ઈસા

(અલયહિસ્સલામ) દુઆ કરશે અને આપના સાથીઓ '**આમીન**' કહેશે. તેથી બારી ત્આલા **યાજુજ** અને **માજુજ**ની કૌમમાં પ્લેગની બિમારી પેદા કરી દેશે. તે પછી હઝરત ઈસા અલયહિસ્સલામની દુઆથી અલ્લાહ ત્આલા મોટાં મોટાં કદવાળાં અને મોટી ગરદનવાળાં પક્ષીઓ પેદા કરશે. તો આમાંથી કેટલાક તેઓ ખાશે અને કેટલાકને દરિયામાં ફેંકી દેશે. તે પછી ચાલીસ (૪૦) દિવસ સુધી મુશળધાર વરસાદ થશે. તે વરસાદને લીધે દૂર્ગંધ ચાલી જશે અને લીલોતરી ઉગી નીકળશે. ફળ ફળાદિ એવાં ઉગી નીકળશે કે માત્ર એકજ અનાર (દાડમ) આખા કબીલાનું પેટ ભરી દેશે. તે પછી મુસલમાનો માટે ઘણાજ સુખચૈનના દિવસો આવશે. ધરતી પર કોઈજ કાફિર હશે નહિં. લોકોના દિલમાંથી કિનો અને અદાવત-વેર-ઝેર નીકળી જશે. તમામ લોકો અલ્લાહની યાદમાં લાગેલા રહેશે. તે ઈમામે આદિલ અને હાકિમે મુન્સફ બનીને રાજ કરશે. હઝરત ઈસા (અલયહિસ્સલામ) નિકાહ પણ કરશે અને આપને ઔલાદ પણ થશે. આપ જયારે આલમે બકા તરફ સફરે આખેરાત માટે સીધાવશે, ત્યારે આપણા પ્યારા નબીયે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના રોઝા મુબારકમાં તેમને દફન કરવામાં આવશે. હુઝૂરે પોતે ફરમાવ્યું છે કે 'દફન થશે ઈસા મારી પાસે, મારા મકબરામાં; પછી હું અને ઈસા એક મકબરામાંથી જ ઉઠીશું, અબુબક્ર અને ઉમરની વચ્ચે" (હવાલો, **મિશ્કાત**)

(૫)

# ધૂમાડો :

હઝરત ઈસા અલયહિસ્સલામની વફાત પછી, એક માણસ જેનું નામ 'જહજાહ' હશે, તે રાજ્ય કરશે. તે યમનનો રહેવાસી હશે. તેનું શાસન ન્યાયી હશે. જહજાહ પછી પણ થોડા બાદશાહો પેદા થશે. તે પછી માનવોમાંથી ઇલ્મ ઓછો થઈ જશે. કુફ્રની અને જેહાલતની રસ્મો વધી જશે. તકદીરના મુન્કરો (ઇન્કારીઓ) જયાં રહેતા હશે. તેવું એક મકાન પૂર્વમાં અને એક મકાન પશ્ચિમમાં હશે, તે બન્ને મકાન ધરતીમાં ધંસી જશે. તે પછી આકાશમાંથી ધૂમાડો પ્રગટ થશે. આ ધૂમાડો ચાલીસ દિવસ સુધી રહેશે. તે ધૂમાડાથી મુસલમાનોને શરદી થઈ જશે અને અવાજ બેસી જશે. જે કાફિરો અને મુનાફિકો હશે, તેમની પર બેહોશી છવાઈ જશે. કોઈને બે દિવસ બાદ અને કોઈને ત્રણ દિવસ બાદ હોશ આવશે. ઈમામ બગવી (રહમતુલ્લાહ અલયહ) એ હઝરત હુઝૈફા (રદિયલ્લાહો અન્હો) થી રિવાયત કરી છે કે, હુઝૂર નબીયે કરીમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કયામતની નિશાનીઓ બયાન કરી, ત્યારે મેં અરજ કરી : 'યા રસુલલ્લાહ ! આ ધૂમાડો કેવો હશે ? ત્યારે હુઝૂરે આ આયત ની તિલાવત કરી કે **'ફરતકીબ યવ્મા તાતીસ્સમાઓ બિદુખાનીમ્મુબીન-યગ્શન્નાસ હાઝા**

અઝાબુન અલીમ" (સુરા દુખાન : આયત ૧૦) (અર્થ : પ્રતીક્ષા કરો તે દિવસની કે આકાશ ધૂમાડો લાવશે કે જે લોકોને ઢાંકી લેશે. એ અઝાબ દર્દનાક છે) તે પછી હૂઝૂરે ફરમાવ્યું કે એ ધૂમાડો પૂર્વથી પશ્ચિમના વિસ્તાર પર છવાઈ જશે અને ઢાંકી દેશે. તે ચાલીસ દિવસ રહેશે, મુસલમાનોને તેનાથી શરદી થઈ જશે, કાફિરો બેહોશ થઈ જશે અને તેમના નાક, કાન અને માથામાંથી ધૂમાડો નીકળશે.

(૬)

## પશ્ચિમમાંથી સૂર્ય નીકળશે :

તે પછી પશ્ચિમ દિશામાંથી સૂર્ય નીકળશે. ઝિલ હિજજના મહિનામાં, નહરના દિવસ પછી (કુરબાની પછી) રાત્રિ ઘણી લાંબી થઈ જશે. બાળકો રડી ઉઠશે. સવાર થવામાં ઘણીજ રાહ જોવી પડશે. મુસાફરો તંગ આવી જશે. સવાર થાય જ નહિ. લોકો તૌબા-તૌબા પોકારવાનું શરૂ કરી દેશે. લોકો ગભરાઈ ઉઠશે. પછી થોડાક પ્રકાશ સાથે, પશ્ચિમ દિશામાંથી સૂર્ય પ્રગટ થશે. સૂર્ય ગ્રહણ વખતે જે સ્થિતિ હોય છે, તેવો તે સૂર્યનો આછો પ્રકાશ હશે. ચાશ્તના સમયે (લગભગ ૧૦ વાગે સવારે) સૂર્ય જે સ્થળે આકાશમાં પહોચે છે, તેટલો ઉદય પામીને પછી સૂર્યાસ્ત થઈ જશે. પછી દરરોજ એ રીતે પશ્ચિમમાંથી સૂર્યનો ઉદય થતો રહેશે. બેશુમાર હદીસોમાં આવ્યું

છે કે આ રીતે સૂર્યના ઉદય થયા બાદ કોઈની પણ તૌબા કબુલ થશે નહિ. કોઈ કાફિર તેના કુફ્રની અથવા કોઈ ગુનેહગાર તેના ગુનાહની તૌબા (પશ્ચાતાપ) કરવા ઈચ્છે, તો પણ હવે તેની તૌબાનો સ્વીકાર થશે નહિ. તે પછી 'દાબ્બતુલ અર્દ, પ્રગટ થશે.

(૭)

## 'દાબ્બતુલ અર્દ' :

'દાબ્બતુલ અર્દ' એક જાનવરનું નામ છે. તે પશ્ચિમમાંથી સૂર્યનો ઉદય થશે, તે પછી જમીનમાંથી પ્રગટ થશે. 'દાબ્બતુલ અર્દ' નું માથું ગાયના માથા જેવું હશે, તેનો ચ્હેરો માનવીના ચ્હેરા જેવો હશે, સુવ્વરની આંખ જેવી તેની આંખ હશે, તેના કાન હાથીના કાન જેવા હશે, તેની ગરદન ઊંટની ગરદન જેવી હશે, તેના શિંગડા બારાસિંગાના શિંગડા જેવાં હશે, તેની છાતી સિંહની છાતી જેવી હશે, તેનો રંગ ચિત્તા જેવો હશે, તેના હાથ વાંદરાના હાથ જેવા હશે, તેની પુછડી ગાયની પુછડી જેવી હશે. તેનું કદ ૬૦ ગજનું હશે, તેની વાતચીત ઘણીજ મધુર હશે. તેના એક હાથમાં હઝરત **મુસા** અલયહિસ્સલામનો અસા (લાકડી) હશે. તેના બીજા હાથમાં હઝરત **સુલેમાન** અલયહિસ્સલામની અંગુઠી (વીંટી) હશે. જે

દિવસે પશ્ચિમમાંથી સૂર્યનો ઉદય થશે, તેના બીજા દિવસે ઉપરોકત જાનવર પ્રગટ થશે. તે પ્રથમ એકવાર યમનમાં, બીજી વાર નજદમાં જાહેર થઈને ગાયબ થઈ જશે. ત્રીજી વાર, મક્કા શરીફમાં સફા નામનો પહાડ, ધરતી કંપને લીધે ફાટી જશે, ત્યારે ઉપરોક્ત જાનવર ત્યાંથી પ્રગટ થશે. કુર્આન અને હદીસોથી આ જાનવરનું નીકળવું સાબિત છે. અલ્લાહ ત્આલા કુર્આને હકીમમાં, પારા ૨૦, સુરએ નમલમાં આયત ૮૨ માં ફરમાવે છે કે "**વ ઈઝા વકઅલ કવલુ અલૈહીમ અખરજના લહુમ દાબ્બતમ મિનલ અરદિ તુકલ્લિમુહુમ અન્નન્નાસા કાનુ બિ આયા તિના લાયુકિનુન**" (અર્થ : જયારે લોકો પર અલ્લાહનો હુકમ જાહેર થશે, તેમના માટે અમે ધરતીમાંથી એક જાનવર પ્રગટ કરીશું, જે વાતચીત કરશે તે લોકો સાથે, કારણ કે લોકો કુર્આનની આયતો પર ઈમાન લાવતા ન હતા) હદીસ શરીફમાં છે કે "જયારે કયામતની ત્રણ નિશાનીઓ દેખાય, તે પછી કોઈનું ઈમાન લાવવું અથવા નેકી કરવી, તેને કશોજ ફાયદો પહોંચાડશે નહિ. તે ત્રણ નિશાનીઓ આ મુજબ છે (૧) પશ્ચિમમાંથી સૂર્યનો ઉદય થવો. (૨) **દજ્જાલનું** પ્રગટ થવું (૩) **દાબ્બતુલ અર્દ** નું પ્રગટ થવું. (રવાહ **મુસ્લિમ**)

'**દાબ્બતુલ અર્દ**' પાસે હઝરત **મુસા** અલયહિસ્સલામનો જે **અસા** (ડંડો) હશે, તે ડંડાથી તે જાનવર, મોમીનોની પેશાની પર એક નુરની લીટી પાડશે, જેથી તેમના ચહેરા પ્રકાશિત થઈ જશે

અને મોમીનોની બન્ને આંખોની વચ્ચે "**મુઅમિનુમ બિલ્લાહે**" એવું લખી દેવામાં આવશે. જે કાફિરો હશે તેમની બે આંખોની વચ્ચે મહોર (સીલ) લગાવી દેશે અને તેમના કપાળ પર "**કાફિરૂમ બિલ્લાહે**" લખી દેવામાં આવશે. પછી તે લોકો આપસમાં '**મોમીન**' અને '**કાફિર**' શબ્દથી જ પોકારશે. તે પછી એ જાનવર જલ્દી જલ્દી તમામ શહેરોમાં એ રીતે ફરી વળશે કે તેને શોધી શકાશે નહિ. કોઈ માણસ તેની પકડમાંથી છુટીને ભાગી શકશે નહિ. (તફસીર, અસરારૂલ ફાતિહા) પશ્ચિમમાંથી સૂર્યનો ઉદય, દાબ્બતુલ અર્દનું જાહેર થવું અને પહેલી વાર સૂર ફુંકાશે, તે ત્રણે બનાવો વચ્ચે ૧૨૦ વરસનું અંતર હશે (રિસાલા મૌલાના રફીઉદ્દીન). હઝરત અબ્દુલ્લાહ બીન ઉમરથી રિવાયત છે કે, "દાબ્બતુલ અર્દ તે સમયે પ્રગટ થશે, જયારે ધરતી પર બદીથી રોકનાર અને નેકીનો હુકમ આપનાર કોઈજ બાકી રહેશે નહિ.'

એ વાત સ્પષ્ટ નથી કે તેના ચાર પગ હશે અથવા માનવીની જેમ બે પગ હશે.

તે પછી સાંજના સમયે એવી ઠંડી હવા ચાલવા માંડશે, જેનાથી બગલમાં દર્દ પેદા થશે.

(૮)

# ઠંડી હવા :

ફાઝિલ લોકો પહેલાં અફઝલ લોકો મરશે. નાકિસ લોકો પહેલાં ફાઝિલ લોકો મરવા માંડશે. ફાસિક લોકો પહેલાં નાકિસ મરશે. એટલે સુધી કે આ હવાને લીધે કોઈ પણ એહલે ઈમાન અને એહલે ખૈર ધરતી પર બાકી રહેશે નહિં. તે પછી હબશાના કાફિરોનો ગલ્બો થઈ જશે. તેમની સલ્તનત કાયમ થશે. તે હબ્શીઓ ખાનયે કાબાને તોડી પાડશે. હજની વિધિ મૌકુફ થઈ જશે. કાગળમાંથી કુર્આન મજીદ અદૃષ્ય થઈ જશે. ખુદા શનાસી અને આખેરતનો ખૌફ (ડર) માનવોના દિલોમાંથી નીકળી જશે. હયા અને શર્મ ચાલી જશે. કુતરા અને ગધેડાની માફક માનવીઓ રસ્તા વચ્ચે સંભોગ કરશે. આપસના જોર-જુલમને લીધે શહેરો અને ગામડાંઓ ઉજ્જડ થઈ જશે. દુકાળ અને બલાઓ નાઝીલ થશે. તે વખતે સિરિયા દેશમાં થોડી શાંતિ હશે, તેથી બધા વેપારીઓ અને કારીગરો પોતાનાં ઘરો છોડી દઈને, ઊંટ અને બીજી સવારીઓ પર એટલા વધુ પ્રમાણમાં સિરિયા દેશમાં ચાલ્યા જશે કે કોઈ ઊંટ પર બે, ત્રણ, ચાર અથવા પાંચ પાંચ માનવી બેસીને જશે. (મિશ્કાત)

(૯)

## ભયાનક આગ :

તે પછી પશ્ચિમમાંથી એક ભયાનક આગ પ્રગટ થશે. તે આગ લોકોને ઘેરીને મહેશર તરફ એટલે સિરિયાની ધરતી તરફ લાવવા માંડશે. જયારે સાંજ પડશે અને લોકો રોકાઈ જશે. ત્યારે આગ પણ રોકાઈ જશે. જયારે લોકો સિરિયા દેશમાં પહોંચી જશે, ત્યારે તે આગ અદ્રશ્ય થઈ જશે. તે પછી ચાર-પાંચ વરસ સુધી લોકો એશો આરામમાં રહેશે. શયતાને લઈનના બહેકાવવાથી મૂર્તિપૂજા ઘણી વધી જશે. આ ધરતી પર અલ્લાહ-અલ્લાહ કહેનાર કોઈ બાકી રહેશે નહિં. પછી એકાએક જુમ્માના દિવસે, મુહર્રમની દસમી તારીખે (આશુરા), વહેલી સવારે લોકોના કાનમાં એક બારીક અવાજ સંભળાશે. તે અવાજ 'સૂર' ફુંકાવાનો અવાજ હશે. તેનુંજ નામ 'નફ્ખએ ઉલા' છે. કયામતની અંતિમ અલામત આ 'સૂર' છે.

(૧૦)

## જમીનનું ત્રણ જગ્યાએ ધંસી જવું :

સૂર ફુંકાતા પહેલાં ત્રણ મોટા ધરતીકંપ થશે. તેને 'ખસફ' કહે છે. આ કઈ ચોક્કસ જગ્યાએ થશે, તેમાં મતભેદ છે. ત્રણ

ધરતીકંપમાં બધા ધરતીકંપ થઈ ગયા હોય અથવા તે પૈકી અમુક થઈ ગયા હોય તેવું લાગે છે. કેટલાક વર્ષ પૂર્વે અમેરિકાના કબ્જાવાળા દેશ 'ચિલી' માં ઘણા દિવસ સુધી ધરતીકંપ થયા હતા. આ ધરતીકંપ વખતે ધરતીનો મોટો વિસ્તાર જમીનની અંદર ધંસી ગયો હતો અને ત્યાં ભયાનક તિરાડો પડી ગઈ હતી. તે તિરાડોમાં પડીને હજારો લોકો મરી ગયા હતા. હદીસોમાં છે કે કયામત આવશે ત્યારે દુનિયામાં મોટા મોટા ત્રણ ધરતીકંપો થશે અને '**ખસફ**' થશે. (એટલે જમીન ધંસી જશે)

## 'સૂર' ફુંકાશે :

હવે આપણે "સૂર" ની વાત પર પાછા વળીએ. 'સૂર' બ્યુગલ જેવો હશે. અલ્લાહના હુકમથી હઝરત ઈસરાફીલ અલયહિસ્સલામ નામના ફરિશ્તા 'સૂર' ફુંકશે. આ પહેલીવારના 'સૂર' થી તમામ જીવંત પ્રાણીઓ (જીવો) મરી જશે. આ 'સૂર' ને '**નફખએ ઉલા**' કહે છે. પછી બીજી વાર તમામ મડદાંઓને જીવંત કરવા માટે 'સૂર' ફુંકાશે. તેને '**નફખએ સાનીયા**' કહે છે. આ રીતે બે વખત 'સૂર' ફુંકાશે. તેની વચ્ચે ૪૦ દિવસ અથવા ચાલીસ વરસ, તેનો ખુલાસો થયો નથી. હઝરત અબુ હુરૈરહ (રદિયલ્લાહો અન્હો) ને આ પ્રશ્ન પૂછવામાં આવ્યો, ત્યારે તેમણે જણાવ્યું કે હુઝૂરે તો '**ચાલીસ**' શબ્દ કહ્યો છે. હું કેવી રીતે કહી શકું કે '**ચાલીસ**'

દિવસ અથવા મહિના અથવા વરસ હશે ! હા, રસુલે કરીમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું છે કે બન્ને 'સૂર' ની વચ્ચે ચાલીસનું અંતર છે. આ 'સૂર' ફુંકાવાથી પહેલાં લોકો દહેશતના કારણે જંગલો તરફ દોડશે. જંગલી વહેશી જાનવરો શહેરોની તરફ દોડશે. કુર્આનમાં સુરા હજજમાં, આયત ૨ માં, ઈર્શાદે રબ્બાની છે કે, '**વતરન્નાસા સુકારા, વમા હુમ બિ સુકારા વલા કિન્ના અઝાબલ્લાહિ શદીદ**" (અર્થ : અને માનવોને તુ મસ્ત જોઈશ અને તે મસ્ત નથી પરંતુ અલ્લાહનો સખ્ત અઝાબ હશે. ('સૂર' નો અવાજ પળે પળે વધતો જશે. કુર્આનમાં સુરા તકવીરમાં આયત ૫ માં જણાવ્યું છે કે, "**વ ઈઝલ વુહુશુ હુશિરત**" (અને જે સમયે વહશી જાનવરોને માનવો સાથે ભેગા કરવામાં આવશે). તે પછી બધા જીવો મરી જશે. તે વખતે 'સૂર' નો અવાજ તેજ થઈ જશે. તે પછી ધરતી પર આવેલા પહાડો રૂ ના ગાભલા માફક ઉડવા લાગશે. કુર્આને હકીમમાં કહ્યું છે કે, "**વતકુનુલ જિબાલુ કલ ઈહનીલ મનકુશ**" (અર્થ : અને પહાડો થઈ જશે કાંતેલા ઉન જેવા) (સુરા અલ્કારેઆ, આયત ૪). તે પછી 'સૂર' નો અવાજ હજી વધારે તીવ્રબની જશે. ત્યારે આકાશ ફાટી જશે. તે વખતે સૂર્ય, તારા, ચંદ્ર એ બધા નૂર વિનાના થઈ જશે. કુર્આનમાં, સુરા ઈન્શિકાક માં આયત ૧ અને ૨ માં કહ્યું છે કે, "**ઈઝસસમા ઉન શકકત વ અઝિનત લિ રબ્બિહા વ હુકકત** (અર્થ : જે સમયે આસ્માન ફાટી જશે અને તે પોતાના

રબનો હુકમ સાંભળે અને તે તેને લાયક છે) વળી ફરમાવ્યું કે, **"વઈઝલ અરદુ મુદ્દત"** (ઈન્શિકાક : આયત-૩) (અર્થ : અને જે સમયે ધરતીને કુશાદા બનાવી દેવામાં આવે). વળી સુરા તકવીરમાં આયત ૧, ૨ માં ઈર્શાદ ફરમાવ્યો છે કે, **"ઈઝશ શમ્સુ કુવ્વિરત વ ઈઝન્ નુજુમુન કદરત"** (અર્થ : અને જે સમયે સૂર્યને લપેટી લેવામાં આવે અને જે સમયે તારાઓ બે-નૂર (પ્રકાશ વિનાના) બની જાય).

કુર્આનમાં, પા. ૨૯ માં, ઈર્શાદે રબ્બાની થયો છે કે, "પછી એકાએક સૂર ફુંકી દેવામાં આવશે; અને ધરતી અને પહાડને એકાએક ચુરેચુરા કરી દેવામાં આવે-તે દિવસે થઈ જશે થનારી વાત" (એટલે કયામત).

સારાંશ એ છે કે અલ્લાહ ત્આલા સિવાય, બધી વસ્તુઓ ફના થઈ જશે. આજ હકીકત કુર્આનમાં પારા ૨૭માં, સુરા **રહમાન** માં આ રીતે કહી છે કે, **"કુલ્લુ મન અલયહા ફાનીંવ વયબકા વજહુ રબ્બિકા ઝુલ જલાલે વલ ઈકરામ"** (અર્થ : જે ધરતીની ઉપર છે, તે બધું ફના થનારું છે અને જે બાકી રહેશે તે તારા પરવર દિગારની હસ્તી કે જે બુઝુર્ગીનો માલિક અને ઈન આમનો માલીક છે) (પારા ૨૭ : આયત ૨૬, ૨૭)

કેટલાક આલિમો કહે છે કે અર્શ, કુર્સી, લૌહ, કલમ, બેહિશ્ત, જહન્નમ, સૂર અને અરવાહ, ફના થનાર નથી. તો તેનો ખુલાસો એવો છે કે ફનાના બે પ્રકાર છે. (૧) ઝાતી (૨) ઝમાની. એ આલિમો એટલો તો સ્વીકાર કરેજ છે કે અરવાહ (રૂહો) ની ઉપર પણ બેહોશી છવાઈ જશે. પરંતુ કેટલાક આલિમો કહે છે કે અરવાહને પણ 'ફના' થવુંજ પડશે. અલ્લાહ સિવાય કોઈજ રહેશે નહિ. તે વખતે ઈર્શાદે બારી ત્આલા થશે કે, "**લિમનીલ મુલ્કુલ યૌવ્મ**" (અર્થ : આજ કોની બાદશાહી છે ? ) તે પ્રશ્નનો કોઈ જવાબ આપશે નહિં, તેથી અલ્લાહ ત્આલા તે પ્રશ્નનો જવાબ પોતે જાતે આપશે કે, "**લિલ્લાહિલ વાહિદિલ કહહાર**" (અર્થ: બાદશાહી તો અલ્લાહ કહહાર માટે જ છે)

'**કયામતે કુબરા**' ચાર તબક્કાથી જાહેર થશે. (૧) પ્રથમવાર સૂર ફુંકાશે, ત્યારે તમામ જીવોનો નાશ થશે. કાયેનાતની વ્યવસ્થાનો પણ નાશ થશે. (૨) બીજી વાર સૂર ફુંકાશે ત્યારે બધાં મડદાંને ફરીથી જીવતાં કરવામાં આવશે. (૩) ત્રીજા તબક્કામાં હિસાબ કિતાબ થશે, તેમાં દરેકને તેના આમાલ મુજબ સારો બદલો (જઝા) અથવા સજા મળશે. (૪) ચોથા તબક્કામાં જઝા અને સજાનો કાયમનો -અનંત-ફેસલો થશે. તે ફેસલા મુજબ સદાચારીઓને કાયમને માટે-અનંત કાળ માટે-જન્નત અને નેઅમતો અલ્લાહના વાયદા મુજબ અર્પણ થશે: દુષ્ટ ત્થા નાફરમાન ત્થા કાફિરો ત્થા

ગુનેહગારો એટલે પાપીઓને દોઝખની ભડભડતી આગમાં નાખવામાં આવશે અને કાયમને માટે તેમાં રહેવું પડશે.

'સૂર' નો અવાજ જેમ જેમ તીવ્ર થતો જશે અને બુલંદ થતો જશે, તેમ તેમ કાયેનાતની વ્યવસ્થાની જે સ્થિતિ થશે, તેનો ખુલાસો કુર્આનમાં જણાવ્યા મુજબ આ મુજબ હશે. ધરતી જોરથી હાલવા માંડશે અને ફાટી જશે, આસમન પીગળતા ત્રાંબાની માફક થઈ જશે અને ફાટી જશે, તારાઓ નૂર વિનાના થઈ જશે અને ખરી પડશે. સૂર્ય અને ચંદ્રને ભેગાં કરી દેવામાં આવશે અને તે પણ નૂર વિનાના થઈ જશે, પહાડો રેઝા-રેઝા (કણ-કણ) થઈને રૂ ના ગાભલા માફક અથવા કાંતેલા ઊન માફક ઉડવા માંડશે, તમામ નદીઓ અને સમુદ્રો એક બીજા સાથે ભળી જઈને વહેવા માંડશે, દરેક ગર્ભવતી પોતાનો ગર્ભ પાડી નાખશે, દરેક દૂધ પાનારી (મા) તેના દૂધ પીતા બાળકને છોડી દેશે (ત્યાગ કરશે). સારાંશ એ છે કે કાયેનાત (સૃષ્ટિ) ની દરેક ચીજ ઝેરોઝબર (ઉપર તળે) થઈ જશે. એટલે સુધી કે તમામ ફરિશ્તાઓ (મલેકુલ મૌત સહિત) પણ મરી જશે. બાળકો અને યુવાનો એકદમ વૃદ્ધ થઈ જશે. ધરતી એવી રીતે ડોલવા માંડશે, જાણે કોઈ કશ્તી (હોડી) નદીના પાણીમાં ડોલતી હોય છે.

કેટલાક આલિમો કહે છે કે 'સૂર' એટલે બ્યુગલ જેવી વસ્તુ

સમજવાની નથી. પરંતુ તે એક શબ્દપ્રયોગ છે. તે આલિમોના અભિપ્રાય મુજબ 'સૂર ફુંકાશે' એ શબ્દનો અર્થ એ છે કે અલ્લાહ ત્આલા તે દિવસે પોતાના જલાલને પ્રગટ કરશે. તેમનું માનવું છે કે પૂરાણા સમયમાં બાબીલોનવાળા, કિન્આનવાળા, ઇબ્રાની લોકો અને બીજી પૂરાણી કૌમોમાં બાદશાહી જલાલ અને જલુસ ત્થા લડાઈના એલાન પ્રસંગે 'સૂર' ફુંકવામાં આવતો હતો. તેથી તેનો અર્થ શાહી જલાલની જાહેરાત અથવા ખતરાની ઘંટી એવો થાય છે. એજ અર્થમાં 'તૌરાત' માં પણ એ મહાવરો (શબ્દ પ્રયોગ) વારંવાર આવ્યો છે. અત્રે 'ખતરયે હિસાબ' ના એલાન માટે શાહી જલાલની જાહેરાત કરવાના અર્થમાં 'સૂર ફુંકાશે' એવો શબ્દ પ્રયોગ થયો છે. તે લોકો એવું પણ કહે છે કે કદાચ હકીકતમાં 'સૂર' જ ફુંકાય, તેવું પણ બને. જમહુર ઉલ્માનો મસ્લક તો એજ છે કે, હકીકતમાં 'સૂર' જ ફુંકાશે. સૂર પણ અલ્લાહના હુકમથી ફુંકાશે અને તેનાં જે પરિણામો આવશે તે અલ્લાહના હુકમ મુજબજ હશે. (અલ્લાહજ બહેતર જાણનારો છે.)

'બઅસ' નો અર્થ ફરીથી જીવંત થવું, એવો થાય છે. તેથી કુર્આને હકીમમાં કયામતના દિવસને "યવ્મુલ બઅસ" (જીવંત થવાનો દિવસ) કહ્યો છે. જેવી રીતે વરસાદ પડવાથી, ધરતીમાંથી ઘાસચારો ઉગી નીકળે છે, તે રીતે આ બીજી વારના 'સૂર' વખતે હઝરત આદમ અલયહિસ્સલામથી માંડીને કયામત સુધીના તમામ

મડદાં પોતપોતાની જગ્યાએથી ઉભાં થવા માંડશે. આ 'બઅસ' સમયે મોમીનો એવું બોલતા હશે કે, "**અલ્હમ્દોલિલ્લા હીલ લઝી અઝહબ અન્નલ હઝના ઈન્ના રબ્બના લગફુરૂન શકુર**" (સુરા ફાતિર : આયત ૩૪) (અર્થ : તમામ વખાણ-યશોગાન-અલ્લાહને માટે છે, જેણે અમારો ગમ દૂર કર્યો. બેશક, અમારો પરવરદિગાર માફી આપનારો કદ્ર શનાસ છે). કાફિરો 'બઅસ' એટલે ફરીથી જીવંત થતાં સમયે એવું બોલતા હશે કે, "**યા વલયના મમ બઅસના મીમમરકદેના હાઝા મા વઅદર્રહમાનો વ સદકલમુર્સલુન**" (સુરા યાસીન : આયત ૫૨)

(અર્થ : હાય ખરાબી ! કોણે અમને ઉઠાડ્યા અમારી ખ્વાબગાહથી - આ તેજ છે જેનો વાયદો અલ્લાહે કર્યો હતો અને પયગમ્બરોએ સત્ય ફરમાવ્યું હતું)

દરેક ટોળું પોતાના જેવા અમલવાળા સાથે ઉઠાડવામાં આવશે. નેક લોકો સાથે નેક લોકોને અને બદકારોને બદકાર લોકો સાથે ઉઠાડવામાં આવશે. શહીદો બીજા શહીદો ની સાથે ઉઠશે. કાફિરો કાફિરોની સાથે ઉઠેશે. અલ્લાહ ત્આલા નવી ધરતી અને નવું આકાશ પેદા કરશે. જે નવી ધરતી પેદા થશે. તે એક મેદાન હશે અને સફેદ રંગનું હશે. સૂર્ય તદ્દન નજીક આવી જશે. ધરતી

ત્રાંબાના ગરમ પતરાની માફક તપશે. લોકો તદ્દન નગ્ન અવસ્થામાં હશે, કોઈનેય પોતાના તન બદનની પણ કશી ખબર પડશે નહિં. કોઈ મિત્ર બીજા મિત્રનો હાલ પણ પૂછશે નહિં. દરેક માનવી, પોતાની પત્ની, બાપ, મા તથા ભાઈ અને ઔલાદથી પણ નાસવા માંડશે. બધા લોકો "**નફસી-નફસી**" (એટલે હાય મારો જીવ-હાય મારી જાન) એવી રીતે પોકારશે. તે વખતે રહમતે આલમ, શાફએ મહેશર, સરવરે કાયેનાત, ફખ્રે મોજુદાત, સૈયદુલ મુર્સલીન આપણા પ્યારા નબી હઝરત મુહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) "**ઉમ્મતી-ઉમ્મતી**" (મારી ઉમ્મત-મારી ઉમ્મત) એવું પોકારતા હશે. (નોંધ : ઉમ્મત એટલે પ્રજા, કૌમ). પોત પોતાનાં કર્મ મુજબ લોકો સૂર્યની ગરમીના પરિણામે પરસેવામાં ડુબ્યા હશે. કેટલાક પગની ઢેકી સુધી, કેટલાક જાંઘ સુધી, કેટલાક કમર સુધી, કેટલાક મોઢા સુધી પરસેવામાં ડુબી ગયા હશે. એક હદીસમાં આવ્યું છે કે દરેક શખ્સનો 'હશ્ર" તેના તે અમલ મુજબ થશે, જે અમલ મુજબ તે મર્યો હશે. જે શખ્સ હજ કરતાં કરતાં મરી ગયો હશે, તે '**તલબીયા**' (એટલે લબ્બૈક-અલ્લાહુમ્મા લબ્બેક વિ. શબ્દો) કહેતો કહેતો ઉભો થશે. જે શખ્સ શરાબ પીતાં પીતાં મર્યો હશે, તે નશાની હાલતમાં, ઉભો થશે. જે શખ્સ અલ્લાહના માર્ગમાં શહીદ થયો હશે, તે એવી રીતે ઉભો થશે કે તેના ઝખ્મોમાંથી લોહી વહેતું હશે. બધા લોકો દોડી દોડીને પરવરદિગારની રૂબરૂ હાજર થશે. અર્શના સાયા સિવાય બીજો કોઈ સાયો ત્યાં હશે નહિ. બધાની નજરો નીચી હશે.

જે સ્થળનું નામ "મૌકફ" છે, ત્યાં બધા ઉભા થઈ જશે. કુર્આને હકીમમાં ઘણી જગ્યાએ 'બઅસ' (ફરીથી જીવંત થવું) નો ઉલ્લેખ થયો છે. તેની દલીલો પણ રજુ કરી છે. કાફિરો કહેતા હતા કે ભલા ! સડેલાં હાડકાંમાં ફરીથી જીવ આવી જાય, તે કેવી રીતે શક્ય છે ? અલ્લાહ ત્આલાએ વારંવાર ચેતવણી આપી છે કે જેવી રીતે મેં તમને પહેલી વાર (માના ગર્ભમાં) પેદા કર્યા હતા, તેવીજ રીતે હું તમને બીજી વાર પણ જીવંત કરવા શક્તિમાન છું. કાફિરોના વાંધા અને શંકાઓને કુર્આનમાં આ રીતે બયાન કરવામાં આવ્યા છે. સુરા બની ઈસ્રાઈલમાં, આયત ૯૮-૯૯માં છે કે, "**વકાલુ અએઝા કુન્ના એઝામંવ્વરૂફાતન અઈન્ના લમબ્ ઉ સુના ખલકન જદીદા અવ-લમ યરવ અન્નલ્લાહલ્લઝી ખલકસ્સમાવાતે વલ અરદ કાદિરૂન અલા અય્યંખ્લુકા મિસ્લહુમ**" (બની ઈસ્રાઈલ : આયત ૯૮, ૯૯) (અર્થ : અને તે બોલ્યા કે જયારે અમે હાડકાં અને ચુરેચુરા થઈ જઈશું, તો શું અમને નવેસરથી ઉઠાવવમાં આવશે ? શું તેઓ એ વાત જોતા નથી કે તે અલ્લાહ જેણે આકાશો અને ધરતીને બનાવી, તો તે લોકોને ફરીથી જીવંત કરી શકે છે) સુરએ અંબિયામાં આયત ૧૦૪માં ઈર્શાદ થયો છે કે "**કમાબદઅના અવ્વલના ખલકીનનુઈદોહ વઅદન અલયના ઈન્ના કુન્ના ફાએલીન**" (અર્થ : જેવી રીતે અમે સૃષ્ટિને પહેલાં પેદા કરી, તેવીજ રીતે અમે ફરીથી સર્જન કરીશું. અમારા માથે એ વાયદો છે, જે પૂર્ણ

કરવો જરૂરી છે અને એ કાર્ય અમારે કરવાનું છે) (અંબિયા : આ. ૧૦૪)

સુરએ યાસીનમાં આયત ૭૮, ૭૯માં ફરમાવ્યું કે "**કાલ મંય્યુહયીલ ઈઝામા વ હિયા રમીમ કુલ યુહયીહલ્લઝી અન્શાહન અવ્વલ મર્રત વહોવા બિ કુલ્લે ખલકીન અલીમ**" (અર્થ : તે બોલ્યા કે જયારે હાડકાં સડી જશે, ત્યારે કોણ જીવંત કરશે. તુ કહી દે કે તેજ જેણે પહેલીવાર તેમને પેદા કર્યા હતા અને તે બધુંજ સર્જન કરવાનું જાણે છે.) સુરએ 'હજ' માં આયત ૫માં ફરમાવ્યું કે "**ઈન કુન્તુમ ફી રયબીમ મીનલ બઅસે ફઈન્ના ખલકનાકુમ્મિન તુરાબીન**" (અર્થ : જો તમને ફરીથી જીવંત થવામાં શક છે, તો અમે તો તમને મૃત માટીમાંથી પેદા કરીજ ચુકયા છીએ.) સુરએ 'રૂમ' માં આયત ૨૭ માં ફરમાવ્યું કે, "**વ હોવલ્લઝી યબ્દઉલ ખલક સુમ્મા યુઈદુહૂ વ હોવા અહવનુ અલયહ**" (અર્થ : અને અલ્લાહ તેજ છે, જે સર્જનનો પ્રારંભ કરે છે અને પછી ફરીથી તેનું સર્જન કરશે અને આ કાર્ય તેને માટે સરળ છે.) (સુરા રૂમ : આયત, ૨૭)

સારાંશ એ છે કે કુર્આને હકીમમાં 'બઅસ' (જીવંત થવું) ના હક હોવા વિષે ઘણી આયતોમાં ખુલાસાવાર માહિતી આપી દીધી છે. તેથી તેની પર ઈમાન લાવ્યા વિના કોઈ પણ શખ્સ મુસલમાન

થઈ શકતો નથી.

ઘણી વાર પ્રશ્ન પુછવામાં આવે છે કે શું રૂહ અને શરીર સાથે ફરીથી જીવંત કરવામાં આવશે ? તેનો જવાબ એ છે કે બેશક ! જમહુર ઉલ્માયે ઈસ્લામનો અકીદો એજ છે કે 'બઅસ' શરીર અને રૂહ (આત્મા) સાથે થશે. કુર્આને હકીમમાં ઘણી આયતોમાં એવો ઉલ્લેખ જોવા મળે છે કે કયામતના દિવસે ફના થએલાં શરીરો અને સડી ગએલાં હાડકામાં બીજી વાર રૂહ ફુંકવામાં આવશે અને માનવીઓ જીસ્મ (શરીર) અને જાન (રૂહ) ની સાથે અલ્લાહ ત્આલાની સમક્ષ હાજર થશે. જેવી રીતે કયામત પર ઈમાન લાવવું જરૂરી છે, તેજ રીતે 'હશ્રે **જીસ્માની**" (એટલે શરીર અને રૂહ સાથે જીવંત થવું) પર ઈમાન લાવવું જરૂરી છે. હવે પ્રશ્ન એ સમજવાનો રહે છે કે શું આ દુનિયામાં આપણને માટીનું શરીર મળ્યું હતું, તેવું માટીનું શરીર ફરીથી મળશે કે કોઈ અન્ય સ્વરૂપનું શરીર મળશે ? તેનો જવાબ એવો છે કે કુર્આને કરીમ અને સહી હદીસોથી જાણવા મળે છે, કે આખેરતમાં રૂહોને જે શરીર આપવામાં આવશે તેમાં માટીના શરીરની બધી વિશિષ્ઠતાઓ હોવી જરૂરી નથી. ખરી હકીકતમાં ઉખરવી શરીરો દુન્યવી કર્મ (આમાલ) મુજબ હશે. કોઈ માણસ આ દુનિયમાં કાળા રંગનો હતો, પરંતુ આખેરતમાં તેનો રંગ, સફેદ હોય અને તેના ચ્હેરા પરથી નૂર વરસતું હોય. આ દુનિયામાં કોઈ કાફિર અને મુશરિક ખુબજ ગોરો

હોય, પણ આખેરતમાં તેનો રંગ, તેનો ચ્હેરો વિ. કાળો હોય અને તેના ચ્હેરા પર નહુસત અને બદબખ્તી વરસતી હોય. હદીસ શરીફમાં આવ્યું છે કે જન્નતમાં દાખલ થનારા બધાજ યુવાન વયના હશે. દુનિયામાં કોઈ મોમીન ઘણોજ વૃધ્ધ થયા બાદ મૃત્યુ પામ્યો હોય, પરંતુ જન્નતમાં દાખલ થતી વખતે તે યુવાન થઈ જશે. તેના શરીર પર કદીય વૃધ્ધાવસ્થા આવશેજ નહિં, દોજખી લોકોની સુરતો (ચ્હેરા) મસ્ખ (બગાડી નાખવા) કરી નાખવામાં આવશે. કેટલાક દોઝખીઓની સુરત સુવ્વર જેવી હશે, કેટલાકની વાંદરા જેવી હશે, કેટલાકની કુતરા જેવી શકલો હશે. દિલના આંધળા, ત્યાં આંખોના આંધળા થઈને ઉઠશે. જે લોકો આ દુનિયામાં અભિમાન કરતા હતા તે આખેરતમાં કીડી બનીને ઉઠશે. બધા લોકો તે કીડીને તેમના પગની નીચે કચડશે. કોઈ દોઝખીનું માથું પહાડ જેટલું મોટું હશે, કોઈનાં અંગો લકવાવાળાં હશે, કોઈના હોઠ લટકેલા (મોટા) હશે, કોઈના ચ્હેરા પર માંસ હશેજ નહિં (ખાલી હાડપિંજર હશે), કોઈ દોઝખીના મોઢામાંથી આગના ભડકા નીકળતા હશે; મતલબ એ છે કે દરેક જન્નતી અને દરેક દોઝખીના શરીરની રચના તે માણસના દુન્યવી આમાલ (કર્મ) મુજબની હશે.

બીજી વાર જયારે સૂર ફુંકાશે ત્યારે આકાશી મખ્લુકમાં પ્રથમ અર્શને ઉપાડનારા ફરિશ્તા, તે પછી હઝરત જીબ્રઉલ, તે પછી હઝરત મીકાઈલ, તે પછી હઝરત ઇઝરાઈલ અલયહિમુસ્સલામ એ

રીતે ક્રમવાર ઉઠશે. તે પછી નવેસરથી જમીન, આસ્માન, ચાંદ, સૂરજ, ફરીથી કાયમ થશે. તે પછી વરસાદ વરસશે. આ વરસાદથી, લીલોતરીને બદલે, ધરતી પર વસનાર દરેક જીવ તેના શરીરની સાથે (સદેહે) જીવંત થઈ જશે. ધરતી પરની મખ્લુકમાં સૌથી પહેલાં સૈય્યદુલ અંબિયા, સરવરે કાયેનાત, ફખ્રે મોજુદાત, તાજદારે દો આલમ, શાફએ મહેશર, સાકીયે કૌસર, મોહસીને આઝમ, રહમતલ લીલ આલમીન હુઝૂર મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહો વસલ્લમ) પોતાની કબ્ર શરીફમાંથી બહાર આવશે. હુઝૂરે પોતેજ ફરમાવ્યું છે કે **"અના અવ્વલુ મંય યન્શકકુ અન્હુલ કબ્ર"** (અર્થ : હું પહેલો છું, તે લોકોમાં, જેમની કબ્ર ફાટશે). આપ સરકારના તશરીફ લાવ્યા બાદ હઝરત ઈસા અલયહિસ્સલામ ઉઠશે. તે બેની વચ્ચે હઝરત અબુબક્ર અને હઝરત ઉમર ફારૂક (રદિયલ્લાહો ત્આલા અન્હુમા) કબ્રમાંથી બહાર આવશે. તે પછી ઠેકઠેકાણે અંબિયા, સિદ્દિકો, તે પછી શહીદો અને સાલેહીન, તે પછી મોમીનો એવું કહેતાં કહેતાં પોતાની કબ્રોમાંથી બહાર આવશે કે **"અલ્હમ્દુ લિલ્લાહિલ્લઝી અઝહબા અન્નલ હઝન ઈન્ના રબ્બના લ ગફુરૂન શકુર"** (અર્થ : શુક્ર છે તે અલ્લાહનો, જેણે સદાને માટે અમારો રંજ લઇ લીધો. ખચિત, અમારો રબ બક્ષી દેનારો અને કદરદાન છે) (સુરા ફાતિર : આયત ૩૪)

મોમીનો પછી કાફિરો એવું કહેતાં ઉભા થશે કે, "યા

વયલના મમ બઅસના મિમ મરકદેના" (અર્થ : હાય અફસોસ ! અમને કોણે ઉઠાડ્યા ? અમારા ઊંઘવાના સ્થળેથી) (સુરા યાસીન : આયત પર). આ રીતે બીજી વારનો સૂર ફુંકાશે ત્યારે બધાં મડદાં પોત પોતાની કબ્રોમાંથી ઉપર જણાવ્યા મુજબ તબક્કાવાર જીવતાં થઈને બહાર આવશે. તમામ મખ્લુક નગ્નાવસ્થામાં જ ઉઠશે. અંબિયા અને અવલીયાઓની નગ્નતા ખુદ તેઓને પણ જણાશે નહિં. હદીસ શરીફમાં છે કે તારી જીભને રોક અને તારી શર્મગાહ (પેશાબની ઈન્દ્રીય) પર નિગાહ રાખ જેથી કયામતના દિવસે અલ્લાહ ત્આલા તારી સતરને છુપાવશે' (મિશ્કાત). આપણા નબીયે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તેજ કફનમાં ઉઠશે, જે કફનમાં આપને દફન કરવામાં આવ્યા છે. (હવાલો, અશઅતુલ લમઆત) તમામ રસુલોને 'હુલ્લએ બેહીશ્તી' (જન્નતી લિબાસ) પહેરાવવામાં આવશે. પરંતુ સૌ પ્રથમ આ બેહીશ્તી હુલ્લો હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) ને પહેરાવવામાં આવશે. તે હુલ્લા બે હશે અને સફેદ રંગના હશે. (દારોમી) તે પછી આપણા હુઝૂર રસુલે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ને ઘણોજ ઉત્તમ અને અફઝલ લિબાસ પહેરાવવામાં આવશે. પ્રથમ દ્રષ્ટિએ જોતાં, હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) ની ફઝીલત વધારે દેખાય છે. પરંતુ એ જુઝવી ફઝીલત છે. જુઝવી ફઝીલત કુલ્લી ફઝીલત પર સરસાઈ મેળવતી નથી. હઝરત ઈબ્રાહીમ (અલયહિસ્સલામ) ને ઉપર મુજબ જે

ફઝીલત મળી, તે એ વાતનો ઉત્તમ બદલો હશે, કે હઝરત ખલીલુલ્લાહને નગ્ન કરીને ઝાલિમ નમરૂદની આગમાં નાખવામાં આવ્યા હતા. (અશઅતુલ લમઆત) તમામ માનવો જે જીવતા થશે, તે ખત્ના કરેલા નહિં હોય. કોઈની પણ ખત્ના થએલી હશે નહિં. આંધળા, કાણા, લુલા, લંગડા માનવો ત્થા બીજી મખ્લુકને પણ ખોડ ખાંપણ વિનાની જીવતી કરવામાં આવશે. આવા લોકોનાં તમામ અંગો અને અવયવો સંપૂર્ણ થઈ ગયા હશે. એવો સવાલ થઈ શકે કે જો બધીજ મખ્લુક નગ્ન હશે, તો એક બીજાની શર્મગાહ જોઈ શકશે કે કેમ ? તેનો જવાબ એવો છે કે, કયામતની તે વખતની પરિસ્થિતિને લીધે દરેકની પર શિદ્દતે હોલ (એટલે ભારે ડર) છવાઈ ગયો હશે, તેથી દરેકની નજર આકાશ તરફ હશે. કોઈની નજર કદાચ બીજાની શર્મગાહો પર પડી જાય, તો તે નજરમાં શહેવત (વાસના) હશે નહિ, જાણે કોઈ બાળક પર નજર પડી ગઈ હોય, તે રીતે નિર્દોષ નજર હશે. (રિસાલા, 'આસારે કયામત')

આદમની ઓલાદનાં બે ટોળાં થઈ જશે. એક ગ્રુપ મુસલમાનોનું હશે બીજું ગ્રુપ કાફિરોનું હશે. દરેક ઉમ્મત પોતાના પયગમ્બરની સાથે હશે. હુઝૂરની ઉમ્મત હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની પાસે ભેગી થઈ જશે. જયારે લોકો ઠેક ઠેકાણે પોતાની જગ્યાઓ નક્કી કરી લેશે, ત્યારે સૂર્યને એક માઈલના અંતરે (ધરતીથી) લાવવામાં આવશે તે વખતે આકાશમાંથી વિજળીઓ

અને કડાકા સંભળાશે. અસહય ગરમીને લીધે લોકો પરસેવામાં ડુબવા માંડશે. કેટલાક લોકોના પગના તળવાં સુધી પરસેવો, કેટલાકની પગની ઢેકી સુધી, કેટલાકની પિંડલી સુધી, પરસેવો ડુબાડી દેશે. આ પરસેવો તેના કર્મ (આમાલ) મુજબ હશે. કાફિરોના મોઢા અને કાન સુધી પરસેવો હશે. (અર્થાત, કાન સુધી તે લોકો પરસેવામાં ડુબેલા હશે). તમામ માનવો ભૂખ અને તરસથી બેકરાર બની જશે. તે વખતે ઉમ્મતે મરહૂમા (હુઝૂરની ઉમ્મત) હૌઝે કૌસર તરફ ચાલવા માંડશે. હુઝૂર રૂહી ફીદા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પોતાના હૌઝે કૌસરમાંથી આ ઉમ્મતને પાણી પાશે. દરેક નબીનો એક હૌઝ હશે. દરેક નબીની ઉમ્મતની નિશાની પણ જુદી જુદી હશે. આપણા નબીયે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નો હૌઝ, બીજા બધા હોઝથી મોટોહશે. ઉમ્મતે મોહમ્મદીની નિશાની એવી હશે કે વુઝૂ કરવાથી જે અવયવો દરરોજ ધોવાતાં હશે (દુનિયામાં) તે તમામ અવયવો એટલે નાક, કાન, પગ, હાથ, મોઢું વિગેરે ઘણાજ ચમકતા હશે. ઉપરાંત દરૂદ શરીફ પઢનારા મુસલમાનો પણ ઓળખાઈ જશે. (અલ્લાહુમ્મા સલ્લે અલા સૈયદના મુહમ્મદીંવ વ આલેહી વ અસ્હાબેહી વ સલ્લિમ) હુઝૂર રસુલે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના હૌઝનું નામ કૌસર છે. અલ્લાહ ત્આલાએ પોતેજ ફરમાવ્યું છે કે "ઇન્ના આતયના કલ **કૌસર**" (બેશક, અમે તમને કૌસર અતા કર્યું) (પારા ૩૦) તે હૌઝના દરવાજાઓ વચ્ચે એક મહિનાનું અંતર હશે. અર્થાત એક

દરવાજાથી બીજા દરવાજા સુધીનું અંતર એટલું હશે. તેનું પાણી દૂધથી વધારે સફેદ, મધથી વધારે મીઠું, બરફથી વધારે ઠંડુ હશે. તે પાણીની ખુશ્બુ મુશ્ક (કસ્તુરી) થી વધારે સુગંધીદાર હશે. તેની પર આસ્માનના તારાઓ કરતાં વધારે સંખ્યામાં ગ્લાસ હશે. જે કોઈ આ પાણી એક વખત પી લેશે, તેને મયદાને હશ્રમાં ફરી કોઈ વાર તરસ લાગશેજ નહિં.

એવો સવાલ પુછવામાં આવે છે કે હુઝૂર મદની તાજદાર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની શફાઅતનો લાભ કોને મળશે, કેવી રીતે શફાઅતનું કામ અંજામ અપાશે ? તેનો જવાબ એવો છે કે હુઝૂરની શફાઅત દસ પ્રકારની હશે. (૧) પ્રથમ **શફાઅતે કુબરા** નો પ્રકાર એવો છે કે આ શફાઅત તમામ મખલુકને માટે હશે (૨) બીજો પ્રકાર એવો છે, જેમાં એક કૌમને હિસાબ-કિતાબ વિના જન્નતમાં દાખલ કરવા માટેની શફાઅત હશે. (૩) ત્રીજો પ્રકાર એવો છે જેમાં અમુક માનવોની નેકીઓ અને બદી સરખે સરખી હશે, તેમની શફાઅત કરવામાં આવશે. (૪) ચોથો પ્રકાર એવો છે કે જેની પર જહન્નમ વાજીબ થઈ ગઈ હશે, તે આપની શફાઅતની મદદથી જન્નતમાં દાખલ થશે. (૫) પાંચમા પ્રકારની શફાઅત દરજાની તરક્કી અને કરામતોમાં વધારા માટે હશે. (૬) છઠ્ઠો પ્રકાર એવો છે કે ગુનાહગાર લોકોને દોઝખમાં નાખી દીધા હશે, તેમને હુઝૂરની શફાઅતથી બહાર કાઢવામાં આવશે. આ શફા

અત, તમામ અંબિયા, ફરિશ્તા, ઉલ્મા અને શોહદાની વચ્ચે એક સરખા હકવાળી છે. (૭) સાતમો પ્રકાર જન્નતને ખોલાવવાનો છે. (૮) આઠમો પ્રકાર એવો છે કે જે લોકો કાયમને માટે જહન્નમમાં ગયા (મુખલ્લદ ફીન્નાર) તેમના હદમાં, તેમના અઝાબને ઓછો કરાવવા માટેની શફાઅત થશે. (૯) નવમો પ્રકાર એ છે કે મદીના વાસીઓ માટે ખાસ શફાઅત થશે. (૧૦) હુઝૂરની કબ્ર શરીફની ઝિયારત કરનારાઓ માટે ખાસ શફાઅત થશે.

ઉપર મુજબ શફાઅતના દસ પ્રકારમાં પ્રથમ પ્રકાર 'શફાઅતે કુબરા' લખ્યો છે, તેને વધારે ચોખવટથી સમજવાની જરૂર છે. શફાઅતે કુબરા તેનું નામ છે કે જયારે તમામ મખ્લુક, મયદાને હશ્રમાં ઉભા ઉભા તંગ આવી જશે અને થાકી જશે, તે વખતે તમામ મખ્લુક હઝરત આદમ (અલયહિસ્સલામ)થી શરૂ કરીને હઝરત ઈસા (અલયહિસ્સલામ) પાસે, દરેક નબીની પાસે જશે અને દરેક નબીને વિનંતી કરશે કે અમારા માથે પડેલી મુસીબતને દુર કરવા બારગાહે ખુદાવંદીમાં તમે અમારા શફાઅતી બનો. તે વખતે તમામ પયગમ્બરો આવી હિમ્મત કરવા માટે ઈન્કાર કરી દેશે. પછી તમામ મખ્લુક, આપણા નબીયે કરીમ હઝરત મુહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની ખિદમતમાં હાજર થઈને, આપ સરકારને અરજ કરશે કે લિલ્લાહ ! ખુદાની બારગાહમાં અમારા માટે શફાઅત કરો, જેથી અમે અમારી પર આવી પડેલી બલામાંથી

મુક્તિ મેળવીએ. તે વખતે હુઝૂર મદની તાજદાર, મેઅરાજના દુલ્હા, મહેશરના શાફેઅ ફરમાવશે કે, "હા ! આજ કામ માટે આજે હું હાજર છું. આ શફાઅતે કુબરાનો હક મારોજ છે." તે પછી આપ સરકાર જનાબે ઈલાહી તરફ (ખુદા તરફ) કેન્દ્રિત થશે. હક ત્આલા, તમામ મખ્લુકની રૂબરૂ હઝરત જીબ્રઈલ (અલયહિસ્સલામ) ને બુરાક લઈને મોકલશે. હુઝૂર મહેબુબે કિબ્રિયા, તમામ એહલે મહેશરની રૂબરૂ તે બુરાક પર બેસીને આસ્માન તરફ ચાલ્યા જશે. સુબ્હાનલ્લાહ-સુબ્હાનલ્લાહ આપણા હુઝૂરની કેવી નિરાલી શાન છે. દુનિયામાં બિરાજમાન હતા ત્યારે પોતાની પાસે બોલાવીને, અલ્લાહ ત્આલાએ હુઝૂર મદની તાજદાર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નું બહુમાન શબે મેઅરાજમાં કર્યું. ત્યારે પણ આવોજ બુરાક મોકલ્યો હતો. તે બુરાકને પણ હઝરત જીબ્રઈલ (અલયહિસ્સલામ) લાવ્યા હતા. આજે મયદાને હશ્રમાં તમામ ઉમ્મતો 'નફસી-નફસી' કહી રહી છે, ત્યારે અલ્લાહના પ્યારા મહેબુબ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નું સર્વોચ્ચ બહુમાન કરવા માટે, અલ્લાહ ત્આલા પોતે ફરીવાર સૃષ્ટિની તમામ મખ્લુકની હાજરીમાં બુરાક મોકલે છે. આપણા પ્યારા નબીયે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તે બુરાક પર સવાર થઈને બારગાહે ઈલાહીમાં, શફાઅતનો સરતાજ પહેરવા માટે, આસ્માનો તરફ રવાના થશે. જયારે મદની તાજદાર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આ રીતે બુરાક પર રવાના થઈ જશે, ત્યારે લોકોને આસ્માનમાં એક વિશાળ મોટું મકાન દેખાશે. તે

મકાન ઘણુંજ મોટું હશે અને ઘણુંજ નુરાની હશે. એ સ્થળનું નામ **'મકામે મહમુદ'** છે. તમામ એહલે મહેશર (એટલે મહેશરમાં જમા થએલી મખ્લુક) હુઝૂરના યશોગાન, વખાણ, તારીફ અને પ્રશંસા કરવા માંડશે. તે વખતે હુઝૂર સરવરે કાયેનાત, દુખીયાઓના બેલી, નિરાધારોના સહારા, ગરીબોના ગમગુસાર આકાને ઉપરોક્ત સ્થળે એક તજલ્લી (ખુદાની ઝાતની તજલ્લી) અર્શ પર દેખાશે. આ તજલ્લી (પ્રકાશ) જોઈને, હુઝૂર પોતે સિજદામાં પડી જશે અને સતત સાત દિવસ સુધી સિજદામાંજ રહેશે. તે પછી અલ્લાહ ત્આલા આપને ફરમાવશે કે,

(૧) તમારૂં માથું ઊંચકો -

(૨) તમે જે કહેશો તે હું સાંભળીશ -

(૩) તમે જે માગશો તે આપીશ -

(૪) જો શફાઅત કરશો તો કબુલ કરીશ. -

તે સાંભળીને હુઝૂર સિજદામાંથી માથું ઉંચકશે અને અલ્લાહ ત્આલાની એવી હમ્દો સના (પ્રશંસા અને યશોગાન) કરશે કે આગળના અથવા પાછળના કોઈએ પણ એવી હમ્દોસના કરી નહિં હોય. હમ્દો સના કર્યા બાદ આપ અરજ કરશે કે-

'ઈલાહી ! જીબ્રીલે તારો વાયદો મને દુનિયામાં પહોંચાડયો હતો. તે વાયદો એ હતો કે આજે જે ચીજથી હું રાજી છું, તે ચીજ મને આપીને, તુ મને રાજી કરીશ. આજે એ વાયદો પુરો થાય તેવું

હું ઇચ્છું છું.' તે વખતે અલ્લાહ ત્આલા હુકમ કરશે કે જીબ્રીલે સાચુંજ કહ્યું હતું. આજ અલબત્ત તમને રાજી કરૂં છું અને તમારી શફાઅત કબુલ કરૂં છું. હવે તમે તશરીફ લઈ જાવ. હવે હું ધરતી પર તજલ્લી કરૂં છું અને દરેક બંદાનો હિસાબ લીધા બાદ, દરેકને તેના અમલનો બદલો આપીશ. આ સાંભળી હુજૂર આકાશમાંથી પાછા ધરતી પર તશરીફ લાવશે. તે વખતે મખ્લુક આપને સવાલ કરશે કે પરવરદિગારે અમારે માટે શું હુકમ ફરમાવ્યો ? આમ ફરમાવશે કે પરવરદિગાર ધરતી પર તજલ્લી ફરમાવશે અને દરેકનો હિસાબ લીધા બાદ, તેના અમલનો બદલો આપશે. આ વખતે આકાશમાંથી એક નૂર, ધરતી તરફ, ઘણાજ ડરામણા અવાજ સાથે ઉતરશે. ફરિશ્તાઓની તસ્બીહનો અવાજ સાંભળી લોકો પૂછશે, કે શું આપણો પરવરદિગાર આ નૂરની અંદર છે ? ફરિશ્તા કહેશે કે ખુદા ત્આલા માટે તમામ પાકી છે. અમે તો દુનિયાના પ્રથમ આકાશના ફરિશ્તા છીએ. પછી તે ફરિશ્તાઓ નીચે આવીને ધરતીના એક છેડા પર ઉભા થઈ જશે. આ રીતે સાતેય આસ્માનના ફરિશ્તા ઉતરશે અને એક બીજાની નજીક ઉભા થઈ જશે. તે પછી હઝરત ઇસરાફીલને (અલયહિસ્સલામ) હુકમ થશે કે સૂર ફુંકો. તે સૂર ફુંકશે. તેના અવાજથી બધી મખ્લુક બેહોશ થઈ જશે. તે વખતે હક ત્આલા (ખુદા) તજલ્લી ફરમાવીને અર્શ પર ઉતરશે. આ અર્શને આઠ ફરિશ્તાઓએ ઉઠાવી રાખ્યું હશે. અર્શનો આગળનો ભાગ બયતુલ મુકદ્દસના સહેન પર મુકી દેશે. આ

અર્શની નીચે તે દિવસે સાત પ્રકારના લોકોને સ્થાન મળશે. હદીસ શરીફમાં છે કે, તે સાત પ્રકારના લોકો આ મુજબ છે. (૧) ન્યાયી બાદશાહ (૨) જે યુવાનોએ પોતાની યુવાની ઈબાદતે ઈલાહીમાં વીતાવી હશે. (૩) તે નમાઝી જેનુ દિલ મસ્જિદ સાથે લાગેલું રહેતું હતું (૪) તેવા માણસો જેઓ ખૌફે ઈલાહી અને શૌકે ઈલાહીમાં એકાંતમાં રડયા કરતા હતા (૫) તેવા મોમીનો જે ખુદાને વાસ્તે એકબીજાની રૂબરૂ અને પીઠ પાછળ સરખી રીતે એકબીજાને મહોબ્બત કરતા હતા. (૬) તેવા માણસો જે છુપાવીને અલ્લાહની રાહમાં સદકો કરતા હતા. (૭) તેવા લોકો જેમને માલદાર અને સૌન્દર્યવાન સ્ત્રીઓએ ખોટાં કામ કરવા બોલાવ્યા, છતાં અલ્લાહના ખૌફને લીધે એવાં બુરાં કામોથી વેગળા રહ્યા. તે પછી હઝરત ઈસરાફીલ (અલયહિસ્સલામ) ને બીજી વાર સૂર ફુંકવાનો હુકમ થશે. તેથી માનવોની બેહોશી ચાલી જશે. આ સૂરના અવાજની તાસીરથી આલમે ગયબ અને આલમે શહાદતની વચ્ચે જે પરદો હતો, તે પરદો ફાટી જશે. તેથી દરેક માનવી હવે ફરિશ્તા જીન, પોતાના અમલ, પોતાના બોલ (વાણી), પોતાના અકીદાની સુરતો, જન્નત, દોઝખ, અર્શ અને ઈલાહી તજલ્લીનું નિરિક્ષણ કરી શકશે. તે વખતે સૂર્ય અને ચંદ્રની રોશની બેકાર સાબિત થશે. ધરતી, આસ્માન, ઝાહિર (બાહ્ય) અને બાતિન (ગુહ્ય) બધુંજ, હક ત્આલાના નૂરથી રોશન થઈ જશે. આપણા નબીયે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ને સૌથી પહેલાં હોશ (જાગૃતિ) આવશે. પછી ફરિશ્તા

ઓને હુકમ થશે કે બધા બંદાઓને શાંત કરી દો. બધા શાંત થઈ જશે. તે વખતે અલ્લાહ ત્આલા પોતાના બંદાઓ સાથે કલામ (વાત ચીત) કરશે અને એવું જણાવશે, કે અય બંદાઓ ! (હઝરત) આદમના સમયથી માંડીને દુનિયાના અંત સુધી રાત દિવસ, તમે બુરી-ભલી વાતો કહેતા હતા, તે હું સાંભળતો હતો. મારા ફરિશ્તા લખી લેતા હતા. હવે તમે મારી એક વાત સાંભળો. આજે તમારી ઉપર જુલ્મ થશે નહિં. તમારા આમાલ તમને દેખાડવામાં આવે છે અને તમારો બદલો તમને આપવામાં આવશે. જો તમે ભલાઈ મેળવો તો અલ્લાહનો શુક્ર અદા કરજો. જો તમે બુરાઈ મેળવો, તો તમારી જાતને જ ઠપકો આપજો. તે પછી હુકમ થશે કે જન્નત અને દોઝખને હાજર કરો, જેથી બંદાઓ તે બન્નેને જોઈ લે, જન્નત અને દોઝખ હાજર થશે. તે વખતે બંદાઓના આમાલ તેની સુરતો (શકલ) સાથે હાજર થશે. નમાઝ બોલશે કે ઈલાહી ! હું હાજર છું. રોઝા કહેશે કે ઈલાહી ! હું હાજર છું. આ રીતે ઝકાત, હજ, જેહાદ, તિલાવતે કુર્આન અને ઝિક્ર, વિગેરે કહેશે કે ઈલાહી ! અમે હાજર છીએ. તે બધાને હુકમ થશે કે તમે સર્વે નેકી છો. તમે તમારી જગ્યાએ ઉભા રહો જેથી કામ આવી શકો. આ રીતે આમાલ આવી ગયા બાદ ઈસ્લામનું આગમન થશે. ઈસ્લામ કહેશે કે ઈલાહી ! હું ઈસ્લામ છું અને તુ સલામ છે. તેને હુકમ થશે કે તુ પણ હાજર રહેજે. આજે તારાજ કારણથી દરગુજર પણ કરીશ અને તારાજ કારણથી મુવાખિઝા પણ કરીશ. (નોંધ : ઈસ્લામ હાજર થશે. તેનો

અર્થ કદાચ એવો હોય કે કલ્મયે તૈયબ હાજર થાય.)

તે પછી ફરિશ્તાઓને હુકમ થશે કે દરેક બંદાના આમાલની પોથીઓ (કર્મપોથી) કાઢો, જેથી દરેકને તેમના હાથમાં આપી શકાય અને ભુલ ના થાય. આજ હકીકતને કુર્આનમાં પંદરમાં પારામાં, આ રીતે કહેવામાં આવી છે (તરજુમો) 'દરેક માનવીની કિસ્મત અમે તેના ગળા સાથે લટકાવી દીધી છે અને તેના માટે કયામતના દિવસે એક કિતાબ કાઢીશું, જેને તે સ્પષ્ટ જોઈ લેશે. તેને ફરમાવીશું કે લે, તારી કર્મપોથી વાંચ. આજે તુજ તારો હિસાબ કરવા માટે કાફી છે"

આ કર્મપોથી શું છે ? જયારે આ દુનિયામાં માનવી જીવંત હતો, ત્યારે તે જે નેક કાર્ય અથવા બુરૂં કાર્ય કરતો હતો, તેને ફરિશ્તાઓ લખી લેતા હતા. તે લખાણને કર્મપોથી કહે છે. અરબી ભાષામાં તેને **'આમાલનામું'** કહેવાય છે. દરેક માનવીના ખભા પર બે ફરિશ્તા રાખવામાં આવ્યા છે. તે ફરિશ્તાઓનું નામ **'કિરામન કાતેબીન'** છે. જમણા ખભા પર નેકી લખનારો ફરિશ્તો નિયુકત છે. ડાબા ખભા પર બદી લખનારો ફરિશ્તો નિયુક્ત છે. જમણા ખભાવાળો ફરિશ્તો, બંદાની એક નેકીની જગાએ દસ નેકી લખે છે. ડાબા ખભાવાળો ફરિશ્તો, બંદો બદી કરે તો તરત લખી લેતો નથી, પરંતુ બંદો તૌબા કરી લે તેની રાહ જુએ

છે. બંદો જો તૌબા ના કરી લે, તો બંદાની એક બદીને માટે એકજ ગુનો લખી લે છે. '**કિરામન કાતેબીન**' ની સંખ્યા બેશુમાર છે. તે પૈકી દરેક બંદા માટે બે બે જણા નિયુકત થએલા છે. જે મુસલમાનો હશે તેમને આ કર્મપોથી (એટલે આમાલનામું) સામેની બાજુથી તેમના હાથમાં આપવામાં આવશે. જે કાફિરો હશે તેમને પાછળની બાજુથી. તેમના ડાબા હાથમાં તેમની કર્મપોથી આપવામાં આવશે. કુર્આને હકીમમાં પણ આ પધ્ધતિનો ઉલ્લેખ સુરા હાકકાહ, આયત ૧૯ માં આ રીતે થયો છે કે, "**ફ અમ્મા મન ઉતિયા કિતાબહુ બિ યમિનેહી**" અને ફરમાવ્યું કે, "**વ અમ્મા મન ઉતિયા કિતાબહુ બુ શિમાલેહી**" (આયત ૨૫) (અર્થ : પછી જેને આમાલનામું આપ્યું તેના ઉલટા (ડાબા) હાથમાં): હવે સમજવાનું એ છે કે આ કર્મપોથીનું શું કરવામાં આવશે ? તેનો જવાબ એવો છે કે કયામતના દિવસે એક '**મિઝાન**' (એટલે ત્રાજવું) હશે. તેમાં આ કર્મપોથીને તોલવામાં આવશે. અલ્લાહ ત્આલા પોતે કુર્આન મજીદમાં સુરા અંબિયાની આયત નંબર ૪૭ માં ઈર્શાદ ફરમાવે છે કે, "**વનદઉલ મવાઝિનલ કિસ્તા લિ યૌવમિલ કિયામતે ફલા તુઝલમો નફસુન શયઆ વ ઈન કાના મિસ્કાલા હબ્બતીન મિન ખરદલીન અતયના બિહા વ કફા બિના હાસિબીન**" (અર્થ : કયામતના દિવસે, અમે ઈન્સાફના ત્રાજવાં મુકીશું અને જરાય ઝુલ્મ કરવામાં નહિ આવે, અને જો માનવીનો અમલ રાઈના એક દાણા

બરાબર પણ હશે, તો અમે તેને બતાવીશું અને અમે હિસાબ લેનાર કાફી છીએ.) આ દુનિયામાં જે ત્રાજવાં આપણે જોઈએ છીએ, તે મુજબનાંજ ત્રાજવાં ત્યાં હશે. પરંતુ એ ત્રાજવું ઘણું મોટું હશે. હઝરત સલ્માન (રદિયલ્લાહો અન્હો) થી રિવાયત છે કે, "જો મિઝાન (ત્રાજવું) ના એક બાજુના હિસ્સામાં ધરતી અને આસ્માન અને તેઓની અંદર જે કાંઈ છે, તે બધુંજ મુકી દેવામાં આવે તો પણ તે એક તરફના પલ્લામાં સમાઈ જશે. (હવાલો, તકમીલુલ ઈમાન) મુઅતઝિલા ફીરકાવાળા એવું કહે છે કે, આ દુનિયામાં આપણે તોલમાપ માટે જે ત્રાજવું વાપરીએ છીએ, તેવું ત્રાજવું કિયામતમાં નહિ હોય. કુર્આનમાં મિઝાન (ત્રાજવું) ની જે વાત લખી છે, તેનો અર્થ તે લોકો એવો કરે છે કે, પુરેપુરો ઈન્સાફ થશે, કારણ કે આમાલ (કર્મ) નું શરીર હોતું નથી અને વજન કરવા માટે પદાર્થ જેવું શરીર હોવું જરૂરી છે. તે લોકો એવી દલીલ પણ કરે છે કે, અલ્લાહ ત્આલાને બધો ઈલ્મ (જ્ઞાન) છે જ, પછી વજન કરવાની જરૂર શી છે ? તેમની એટલે મુઅતઝિલા ફીરકાની ઉપરોક્ત દલીલો ખોટી છે. તે દલીલોનો જવાબ એવો છે, કે કર્મનું વજન નહિ હોય તે બરાબર છે. પરંતુ કર્મપોથી જેમાં બંદાના આમાલ લખ્યા છે, તે કર્મપોથીનું વજન હશે. આ બાબતમાં 'મિશ્કાત' શરીફમાં જે હદીસ આવી છે અને જેને ઈમામ તિરમિઝિ અને ઈમામ ઈબ્ને માજા (રદિયલ્લાહો અન્હો) બન્નેએ હઝરત ઈબ્ને ઉમર થી રિવાયત કરી છે, તેમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે, 'આમાલના રજીસ્ટર એક

પલ્લામાં મુકવામાં આવશે અને બીજા પલ્લામાં કાગળનો એક ટુકડો મુકવામાં આવશે. તે રજીસ્ટરો વજનમાં હલ્કાં સાબિત થશે અને કાગળનો ટુકડો વજનમાં ભારે સાબિત થશે" (મિશ્કાત). બીજો જવાબ એવો છે કે હક ત્આલા સર્વશક્તિમાન છે. તે ચાહે તો આમાલ (કર્મ) ને મુતશિકક એટલે શરીરવાળા (સદેહ) બનાવી શકે છે. જેમકે અમે આ કિતાબમાં જણાવી ગયા છીએ કે, આમાલ પણ સદેહે આવશે. જે નેક અમલો છે તેનાં શરીર નુરાની બનાવી દેવામાં આવશે અને જે બુરાં કૃત્યો છે તેનાં શરીર 'ઝુલ્માની' (કાળાં) કરી દેવામાં આવશે. બેશક ! અલ્લાહ ત્આલાને દરેક આમાલનો ઇલ્મ છે. પરંતુ આવું કરવા પાછળ કેટલીક હિકમતો છે. આમાલને તોલવાનું કાર્ય, પોતે તેનું વજન જાણવા માટે નહિ, પરંતુ હિકમતના તકાદાને ખાતર, બંદાઓ પર પોતાની હુજજત (દલીલ) પુરી કરવાના હેતુથી કરવામાં આવશે. ઉપરોક્ત આયતમાં 'મવાઝીન" શબ્દ આવ્યો છે. તેનો અર્થ એક ત્રાજવું નહિ, પરંતુ ઘણા ત્રાજવાં, એવો અર્થ થાય છે. 'મવાઝિન' બહુ વચનનો શબ્દ છે. તો તે માટે આલિમોએ એવા અર્થ તારવ્યા છે કે દરેક ઉમ્મતનું મિઝાન (ત્રાજવું) અલગ અલગ હશે અથવા દરેક બંદાનું ત્રાજવું (મિઝાન) જુદું હશે, અથવા દરેક પ્રકારના અમલ (કર્મ) નું જુદું જુદું ત્રાજવું હશે. તેથી દરેક મોમીનનો અકીદો એવો હોવો જોઈએ કે જે કાંઈ અલ્લાહ અને તેના રસુલે કરીમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું છે, તેની પર ઇમાન લઈ આવે અને બુધ્ધિના ફરેબમાં

આવી જઈ ગોથું ખાય નહિં.

આ કર્મપોથી રજુ થશે, ત્યારે તમામ જીન, માનવો, શયતાનો, ફરિશ્તાઓ, એ બધાજ મયદાને હશ્રમાં અલ્લાહ ત્આલાની રૂબરૂ હાજર હશે. હક ત્આલા પોતાની અઝમત, જલાલ અને શાને કહહારીનો જલ્વો દેખાડશે. કોઈનેય દમ મારવાની મજાલ નહિ હોય. હુઝૂરને શફાઅતનો તાજ પહેરાવ્યા બાદ, બીજા અંબિયા (અલયહિમુસ્સલામ), સિદ્દીકીન, શહીદો, અવલીયા, ઉલ્મા, સુલ્હા, નાનાં બાળકો (જે બચપણમાં મરી ગયાં હશે તે) અને આમાલે સાલેહા (એટલે સદ્કૃત્યો), તેઓ પણ અલ્લાહ ત્આલા તરફથી ઈજાઝત (પરવાનગી) મળ્યા બાદ, શફાઅત કરશે. હક ત્આલા તેમની શફાઅત પણ કુબલ ફરમાવશે. (કેટલાકની શફાઅત તો કબ્રમાંજ થઈ જશે) શફાઅત પ્રકરણ પુરૂં થયા બાદ, હિસાબ કિતાબનો તબકકો શરૂ થશે. તમામ અંબિયાઓ તરફથી માત્ર ઉમ્મતે મુહમ્મદી જ સાક્ષી બનશે અને પોતાની ઉમ્મતના સાક્ષી ખુદ તાજદારે દો આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પોતે બનશે. અંબિયા અલયહિમસ્સલામને માત્ર તેમની તબ્લીગ વિષેજ સવાલ કરવામાં આવશે. તે પછી 'હકુકુલ એબાદ' (બંદાઓના હક) પેશ થશે. આ તપાસ વખતે સૌ પ્રથમ શહીદો અને ખૂન કર્યા વિષે જે ઝુલ્મ કરવામાં આવ્યો હશે, તેની પુછપરછ થશે. તે પછી સામાન્ય હકો (બંદાના) ની પુછપરછ થશે. આલિમોને તેમના અમલ અને

તબ્લીગે દીન બાબત પુછવામાં આવશે. માલદારોને તેમના માલ વિષે પુછાશે. હાકિમો અને ન્યાયાધીશોને તેમની પ્રજા બાબત શું હક અદા કર્યા અને કેવો ન્યાય આપ્યો, તે પુછાશે. આબિદો અને ઝાહિદોને બીજાના હક અને ફરજો અદા કર્યા વિષે પુછવામાં આવશે. તે પછી ક્રમવાર નમાઝ, રોઝા, હજ અને ઝકાત સંબંધી પુછવામાં આવશે.

કુર્આનમાં, સુરએ 'કહફ' ની આયત ૪૯ માં, ઈર્શાદે ખુદાવંદી જે કર્મપોથી બાબત થયો છે, તેના શબ્દો આ મુજબ છે :

**"વ વુદિઅલ કિતાબુ ફતરલ મુજરિમીના મુશફિકીના મિમ્મા ફીહિ વયકુલૂના યાવયલતના માલિ હાઝલ કિતાબી લા યુગાદિરૂ સગીરતૌંવ્વલા કબીરતન ઈલ્લા અહસાહા વવજદુ માઅમિલુહાદેરા વલા યઝલિમુ રબ્બુકા અહદા".**

(અર્થ : અને કર્મપોથી રજુ થશે, ત્યારે તુ જોઈશ કે, ગુનેહગારો તેમાંનું લખાણ જોઈ ડરી રહ્યા હશે અને કહેશે કે, હાય અફસોસ ! આ કાગળ કેવો છે કે, કોઈ પણ નાની મોટી બધી વાત રહેવા દીધી નથી ! અને તેને બધી લખી લીધી છે. અને તેમણે જે કાંઈ તેમની જીંદગીમાં કર્યું, તેને રૂબરૂ જોશે અને તારો ખુદા કોઈની પર ઝુલ્મ કરશે નહિ.) (સુરા કહફ : આયત ૪૯)

સારાંશ એ કે આમાલનામું માનવીના જીવનની સંપૂર્ણ તસ્વીર હશે. તે એવી સંપૂર્ણ તસ્વીર હશે કે, જેણે રાઈના દાણા જેટલી નેકી કરી હશે, તે પણ તેમાં લખેલી જોઈ લેશે.

સુરએ '**ઝિલઝાલ**'માં અલ્લાહ ત્આલા ફરમાવે છે, કે, "ફ **મંય્યઅમલ મીસ્કાલા ઝર્રતીન ખયરૈય્યંરાહ વ મંય્ય અમલ મીસ્કાલા ઝર્રતીન શર્રૈય્યરાહ**" (અર્થ : પછી જેણે એક ઝર્રા બરાબર (નાની) નેકી કરી હશે, તેને તે જોઈ લેશે અને જેણે એક ઝર્રા બરાબર બદી કરી હશે, તેને તે જોઈ લેશે) (સુરા : ઝિલઝાલ : આયત, ૭, ૮)

કુર્આને હકીમમાં, સુરા '**યાસીન**'માં ગુનેહગારોની સ્થિતિ વિષે ઈર્શાદે ખુદાવંદી થયો છે કે, "**અલયવમા નખ્તિમુ અલા અફ્વાહિ હીમ વ તોકલ્લેમોના અયદીહીમ વ તશહદો અરજોલુહુમ બિમા કાનુ યકસેબુન**" (સુરા યાસીન : આયત ૬૫) (અર્થ : આજે અમે તેમના મોઢા પર મોહર લગાવી દઈશું અને તેમના હાથ અમારી રૂબરૂ બોલશે અને તેમના પગ, તેમના કરતુતોની સાક્ષી આપશે.) આ રીતે સુરા '**હા-મીમ-સિજદા**' માં કાન, આંખ અને શરીરની ચામડી (ખાલ) ની સાક્ષી બાબત સ્પષ્ટતા પૂર્વક ઉલ્લેખ થયો છે.

સૌથી પહેલો સવાલ 'લોહ' ને થશે. તે પછી હઝરત જીબ્રઉલ (અલયહિસ્સલામ) ને સવાલ પુછાશે. તે પછી તમામ પયગમ્બરોને સવાલ પુછાશે. 'લોહ' ને એવો સવાલ પુછાશે કે તેં જીબ્રઈલને દીનની તબ્લીગનો ઈલ્મ આપ્યો હતો ? લૌહ (એટલે સ્લેટ) કહેશે કે યા ખુદાવંદા ! આ વાત માટે મારો સાક્ષી ઈસરાફીલ છે. હઝરત જીબ્રઈલને સવાલ પુછાશે કે તમે વહીની અમાનતને પયગમ્બરો સુધી પહોંચાડી દીધી ? તે પછી પયગમ્બરોને સવાલ પુછાશે કે, તમે વહીની તબ્લીગ અને રીસાલતની અમાનતને અદા કરી દીધી હતી ? તે પછી કાફિરોને તોહીદ અને શિર્ક વિષે સવાલ પુછવામાં આવશે. તે લોકો ઈન્કાર કરી દેશે. તે લોકો પયગમ્બરોને જુઠલાવશે. તે વખતે તેમના હાથ અને પગ, તેમના શિર્ક અને કુફ્રની ગવાહી આપશે. એ વિષેની કુર્આની આયત ઉપર જણાવી દીધી છે. દરેક પયગમ્બર પોતાની રિસાલતના સમર્થનમાં અને કાફિરોના આક્ષેપ વિષે, ઉમ્મતે મુહમ્મદીને સાક્ષી તરીકે પેશ કરશે. ઉમ્મતે મુહમ્મદીની ગવાહી હુઝૂર પોતે આપશે. કુર્આને હકીમમાં ફરમાવ્યું છે કે, "**વકઝાલેકા જઅલના કુમ ઉમ્મતંવ વસતલ લિ તકુનુ શુહદાઆ અલન્નાસે વ યકુનર રસુલો અલયકુમ શહીદા**" (અર્થ : અને એવી રીતે અમે તમને મુતવસ્સિત (મધ્ય ઉમ્મત) બનાવ્યા છે, જેથી તમે લોકો પર ગવાહ બનો અને રસુલ તમારી પર ગવાહ બને.) (સુરા બકરઃ આયત ૧૪૩)

ઈબાદતમાં સૌથી પહેલો જે સવાલ મુસલમાનોને પુછાશે તે નમાઝ વિષે હશે. મુઆમલાતમાં પહેલો સવાલ પુછાશે, તે ખૂને નાહક વિષે હશે.

આ રીતે હિસાબ, કિતાબ અને આમાલના વજન બાબતની વિધિ પુરી થયા બાદ, તમામ લોકોએ 'પુલસિરાત' પરથી પસાર થવાનો વારો આવશે. આ 'પુલસિરાત' શું છે ? તે એક પુલ છે. દોઝખની ઉપર તે છે. કયામતના દિવસે તે પુલ ત્યાં મુકવામાં આવશે. તે પુલ આપણા બાલથી પણ વધુ બારીક છે અને તલ્વારની ધારથી પણ વધારે તિક્ષ્ણ (તેજ) છે. જન્નતમાં જનારા બંદાઓએ પણ આ પુલ ઉપરથી પસાર થવું પડશે. તેના મુખ્ય છેડે હઝરત જીબ્રઈલ હશે અને રસ્તાની બન્ને બાજુ ફરિશ્તાઓ હારબંધ ઉભા હશે. પાછળ મયદાને હશ્ર હશે, પુલનો રસ્તો બાલથી બારીક અને તિક્ષ્ણ ધારવાળો, આમાલના સવાલની પ્રશ્નોતરી, નીચે નજરની સામેજ દોઝખ, આવી હોલનાક સ્થિતિ હશે. તે વખતે અંબિયાએ કિરામ દુઆઓ કરશે કે, '**રબ્બે સલ્લિમ, અલ્લાહુમ્મા રબ્બે સલ્લિમ**" (અર્થ : હે મારા રબ ! બચાવજે ! હે અલ્લાહ ! બચાવજે.)

પોત પોતાના આમાલ અને દરજજા પ્રમાણે લોકો આ પુલ પરથી પસાર થઈ જશે. કેટલાક વીજળીની માફક, કેટલાક આંધી

માફક, કેટલાક ઘોડાની માફક, કેટલાક ધીમી ધીમી ચાલથી, કેટલાક ઘસડાતા ઘસડાતા, સારાંશ એ છે કે અલ્લાહના ફઝલથી જન્નતમાં પહોંચનારા લોકો, તે પુલ પરથી ગમે તે રીતે પસાર થઈ જશે. જે લોકો દોઝખમાં જનારા છે, તે લોકો પુલસિરાત પરથી પડશે અને સીધા દોઝખમાં ચાલ્યા જશે. જન્નતી અને દોઝખી લોકો બધાને એ પુલ સિરાત પરથી પસાર તો થવું જ પડશે.

હદીસ શરીફમાં છે કે "જયારે મોમીન આગ પરથી પસાર થશે, ત્યારે આગ પોકારશે કે, અય મોમીન ! જલ્દી કર. ખચિત, તારા નુરે તો મારી જવાળાઓને (અગ્નિ) બુઝાવી નાખી" (**મિશ્કાત**) તમામ લોકો-નેક અને બદ-બધાએ પુલ સિરાત પરથી પસાર થવાનો હુકમ થશે. તે વાત કુર્આને હકીમમાં આ શબ્દોમાં સ્પષ્ટ કહી દીધી છે, "**વ ઈમ્મિન કુમ ઈલ્લા વારિદુહા**".

અત્યાર સુધી આપણે કયામતની નાની નિશાનીઓ અને મોટી નિશાનીઓ સવિસ્તર જોઈ ગયા. ઉપરાંત સૂર ફુંકાશે તે હકીકત, ત્થા હિસાબ-કિતાબ ત્થા મિઝાન (ત્રાજવું) કાયમ કરવામાં આવશે તે પણ જોઈ ગયા. છેલ્લે પુલ સિરાત પરથી જન્નતીઓ અને દોઝખીઓ પસાર થશે અને પરિણામે પોત પોતાના સારા-નરસા આમાલ મુજબ બંદાઓને જન્નતમાં અથવા દોઝખમાં મોકલવામાં આવશે તે પણ આપણે જોઈ ગયા. હવે આપણે જોઈએ કે જન્નત

કેવી છે અને દોઝખની હકીકત શું છે. પ્રથમ જન્નત વિષે માહિતી મેળવીએ.

## જન્નત :

જન્નત (સ્વર્ગ) તે સ્થળનું નામ છે, જયાં શાને જમાલી તેના સંપૂર્ણ દબદબા સાથે જલ્વા ફરમા હશે. ત્યાં વિવિધ પ્રકારની ને અમતો હશે. અલ્લાહ ત્આલા ફરમાવે છે કે "**વ ફીહા મા તશ તહીહીલ અન્ફુસુ વ તલઝ્ઝુલ અઅયુનુ**" (અર્થ : જન્નતમાં તે ચીજો હશે, જેને માટે દિલ ઈચ્છા કરશે અને આંખોને લિઝ્ઝત મળશે.) (**સુરા ઝુખ્રુફ : આયત ૭૧**) જન્નતમાં દાખલ થનારા માત્ર મુસલમાનોજ હશે. અલ્લાહ ત્આલા કુર્આને હકીમમાં ઈર્શાદ ફરમાવે છે કે '**ઈન્નલલઝીના આમનુ વ અમિલુસ્સાલેહાતે કાનત લહમુ જન્નાતુલ ફીરદૌસે નુઝુલા ખાલેદિના ફીહા લા યબ્ગુના અન્હા હિવ-લા**" (અર્થ : ખચિત, તે લોકો જે ઈમાન લાવ્યા અને સદકાર્યો કર્યાં, તેમના માટે મહેમાનીની જગા જન્નતુલ ફીરદૌસ છે. સદાય તેમાં રહેશે. તે જગા બદલવાનું તેઓ ઈચ્છે નહિં) (સુરા કહફ : આયત ૧૦૭, ૧૦૮)

જન્નત આઠ પ્રકારની છે. (૧) જન્નતુલ માવા (૨) જન્નતુન નઈમ (૩) જન્નતુલ ફીરદૌસ (૪) દારૂસ્સલામ (૫) દારૂલ ખુલ્દ (૬)

દારૂલ જલાલ (૭) દારૂલ કરાર (૮) દારૂલ અદ્‌ન) (તફસીર, અસરારૂલ ફાતેહા)

આપણા પ્યારા નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ને જે દરજજો મળશે, તેનું નામ 'વસીલા' છે. આ દરજજાથી વધીને બીજો દરજજો જન્નતમાં રાખવામાં આવ્યો નથી. (સહીહૈન) જન્નતમાં જન્નતી લોકોને બાગ ત્થા ઉમદા મકાનો, હુરો, ગિલમાં અને તખ્તે રવાં મળશે. ઝવેરાત અને સુંદર કપડાં પણ મળશે. ટુંકમાં, એવી એવી નેઅમતો મળશે, જે કોઇ પણ આંખવાળાએ જોઈ નહિ હોય અને કોઈ પણ કાનાવાળાએ સાંભળી નહિ હોય. કોઈના દિલમાં તેની કલ્પના પણ આવી શકે નહિ. જન્નતમાં જે બગીચા હશે, તેમાં ગંજાવર ઝાડો હશે. તેની આજુબાજુ ચાર દિવાલો હશે. તે ઝાડોમાં વિવિધ પ્રકારના મેવા હશે. તે ઝાડોમાં અલ્લાહ ત્આલાએ એવું 'શઉર' (ભાન) મુકયું હશે કે જયારે કોઈ જન્નતી બંદો કોઈ ફળ અથવા મેવા તરફ આકર્ષિત થશે, ત્યારે તે ઝાડની ડાળી તે બંદા તરફ ઝુકીને તેની પાસે આવી જશે, જેથી વિના મહેનતે તે ફળને તે ખાઈ શકે, તે ઝાડોની નીચે ચાર પ્રકારની નહેરો વહેતી હશે. (૧) એક નહેર ઠંડા મીઠા પાણીની (૨) બીજી નહેર એવા દૂધની હશે જે કદીય ખરાબ થશે નહિ. (૩) ત્રીજી નહેર એવા પવિત્ર-જન્નતી શરાબની હશે, જે ઘણોજ આનંદ દાયક હશે. (૪) ચોથી નહેર શુદ્ધ મધની હશે. ઉપરોકત ચાર નહેરો ઉપરાંત

બીજાં પણ ઝરણાં (ચશ્મા) જેનાં નામ આ મુજબ છે. (૧) **કાફૂર** (૨) **ઝન્જબીલ** (૩) **તસ્નીમ** : આ ઝરણાં પ્રિય બંદાઓના મકાનોમાં વ્હેતાં હશે. આ ઝરણાંઓના હૌઝ હશે. અસ્હાબે યમીન જે મુકર્રબીન બંદા કરતાં ઓછા દરજ્જાના હશે, તેમને એ હૌઝમાંથી શીશા (બાટલા), દાખલા તરીકે ગુલાબ, મુશ્ક વિગેરેના શીશા મળશે. તે શીશાઓના મોઢા પર સીલ મારેલી હશે. દિદારે ઈલાહી (એટલે અલ્લાહના દર્શન) ના સમયે '**શરાબે તહુર**' (જન્નતનો પવિત્ર શરાબ) મળશે, જે સૌથી ઉચ્ચ પીણું હશે. જન્નતનાં મકાનો સોના અને ચાંદીની ઈંટોનાં બનેલાં હશે. તેમાં જવાહીરાત પણ જડયું હશે. તેની દિવાલોની ઊંચાઈ અને પહોળાઈ ૬૦-૬૦ માઈલ જેટલી હશે. આ મકાનોના દરેક ખૂણામાં હુરો, ગિલમાન અને ખદમે હશમ (ખિદમતગાર સેવકો) હશે. જન્નતની હુરો એવી હશે, જેને કોઈ પણ વ્યક્તિએ સ્પર્શ સુધ્ધાં નહિ કર્યો હોય. અલ્લાહ ત્આલાએ ફરમાવ્યું છે કે "**ફી હીન્ના કાસિરા તુત્તરફે લમ યતમિસ હુન્ના ઇન્સુન કબ્લહુમ વલા જાન્ન**" (અર્થ : તેની વચ્ચે નીચી આંખોવાળી હુરો છે. તેમની પાસે આ પહેલાં કોઇ ઇન્સાન અથવા જીન્નાત ગયો નથી. (સુરા રહમાન : આયત ૫૬) હદીસ શરીફમાં છે કે જન્નતની સ્ત્રીઓમાંથી કોઈ સ્ત્રી આ દુનિયાની ધરતી તરફ નજર નાખે, તો જન્નતથી ધરતી સુધી બધુંજ રોશન થી જાય અને ખુશ્બૂથી ભરાઈ જાય. '**તખ્તે રવાં**' (એટલે ગતિમાન તખ્ત) એવાં હશે, કે જયારે તેની

પર બેસવાનો ઈરાદો કરશે, તો તે તખ્ત ઝુકીને તે બંદાને બેસાડી લેશે. તેમની ગતિ એવી હશે કે એક પળમાં એક મહિનાનો રસ્તો કાપી નાખશે. જન્નતી લોકોની ઉમર (વય) ત્રીસ વર્ષની હશે. પુરૂષ હોય કે સ્ત્રી હોય, બધા ત્રીસ વર્ષનાજ હશે. કેટલીક રિવાયતમાં એવું આવ્યું છે કે સ્ત્રીઓની ઉમર સત્તર અથવા અઢાર વર્ષની હશે અને પુરૂષોની ઉમર ત્રીસ વર્ષની હશે. (તફસીરે અઝીઝી) જન્નતી લોકો જયારે મેવા અને ફળ ફળાદિ ખાશે, ત્યારે તેમને ઝાડા પેશાબની હાજત નહિ થાય. પરંતુ ખૂશ્બુદાર પરસેવા મારફત અને સુગંધીદાર ડકાર મારફત ભોજન હજમ થઈ જશે. જન્નતી લોકોને વીર્યસ્ખલન નહિં થાય. પરંતુ સુગંધીદાર વા-છૂટ થશે અને તે રીતે વીર્યસ્ખલન થશે. (તોઝીહુલ અકાઈદ : પેજ ૨૭૫) જન્નતની રૂહાની લિઝ્ઝતોને દુનિયાની ફાની લિઝ્ઝતો સાથે સરખાવી શકાય નહિં. જે ચર્ચા જન્નતની ચીજ વસ્તુઓની અમે કરી તે ચીજવસ્તુઓ જન્નતની સમજવાની છે. સોના-ચાંદી-જવાહીર એવું જે જે દ્રષ્ટાંત છે, તે બંધુંજ જન્નતની દુનિયાનું સમજવાનું છે. દુનિયામાં આપણે જે સોનું અથવા ચાંદી વાપરીએ છીએ, તેજ સોનું અને તેજ ચાંદી સમજવાનું નથી. માત્ર નામ સરખાં છે, તેથી સમજ ફેર થવી જોઈએ નહિ.

# દોઝખ :

હવે દોઝખ વિષે માહિતી મેળવીએ. ગુજરાતી ભાષામાં દોઝખ ને 'નર્ક' કહે છે. પરંતુ 'નર્ક' શબ્દમાં દોઝખ શબ્દનો જે અસલ ભાવાર્થ છે, તે પુરેપુરો સમાવી શકાતો નથી. દોઝખ એવી જગાનું નામ છે, જયાં શાને જલાલીનું સંપૂર્ણ ઝુહૂર છે. દોઝખમાં વિવિધ પ્રકારના અઝાબ છે. અલ્લાહ ત્આલા કુર્આનમાં સુરા મુલ્ક આયત ૬, ૭, ૮ માં ઈર્શાદ ફરમાવે છે કે, "**વ લિલ્લઝીના કફરૂ બિ રબ્બિહિમ અઝાબુ જહન્નમ વ બિઅસલ મસીર ઈઝા ઉલ્કુ ફીહા સમિઉલહા શહીકંવ વહિયા તફુરો તકાદુ તમય્યઝુ મિનલ ગયઝ**" (અર્થ : જેમણે પોતાના રબ્બ સાથે કુફ્ર કર્યું છે, તેમને માટે જહન્નમનો અઝાબ છે અને કેવી બુરી જગા છે જહન્નમ ! જયારે જહન્નમમાં નાખવામાં આવશે ત્યારે જહન્નમનો શોરબકોર સાંભળશે અને દોઝખ જોશ મારતી હશે નજીકમાંજ કદાચ ગુસ્સાને લીધે ફાટી પડે) (સુરા મુલ્ક : આયત ૬, ૭, ૮)

દોઝખમાં દાખલ થનારા કાફિરો અને કેટલાક ગુનેહગાર મુસલમાનો હશે. મુસલમાનોને તેમના ગુનાહ મુજબ અઝાબમાં રાખ્યા બાદ, હુઝૂર મદની તાજદાર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની શફાઅતથી, તે લોકોને દોઝખમાંથી બહાર કાઢવામાં આવશે.

પરંતુ કાફિરો તેમના કુફ્ર અને શિર્કના ગુનાહને લીધે સદાને માટે દોઝખમાં જ રહેશે. તે લોકોનો કદીય છુટકારો થશે નહિં. માટે જન્નતમાં જવું હોય તેણે ઈસ્લામ ધર્મ મુજબ ઈમાન લાવવું અનિવાર્ય છે. અલ્લાહ ત્આલા પોતે કુર્આને હકીમમાં ફરમાવે છે કે "ઈન્નલ્લઝીના કફરૂ ફીનારે જહન્નમ ખાલેદિના ફીહા" (અર્થ : ખચિત, કાફિરો જહન્નમની આગમાં સદાય રહેનારા છે.) દોઝખ સાત પ્રકારની છે. (૧) જહન્નમ (૨) લઝ્ઝા (૩) હુતમહ (૪) સઅીર (૫) સકર (૬) જહીમ (૭) હાવીયહ : દરેક દરજજામાં વિવિધ પ્રકારના અઝાબ (કષ્ટ) અને દુખ થશે. કાફિરોના જુદા જુદા ગ્રુપને, તેમના કુફ્ર અને ગુનાહ મુજબ આ દરજજાઓમાં દાખલ કરવામાં આવશે, કુર્આને હકીમમાં ફરમાવ્યું છે કે, "વ ઈન્ના જહન્નમા લ મૌએદુહુમ અજમઈન-લહા સબઅતુ અબ્વાબ લિ કુલ્લે બાબિમ મિન્હુમ જુઝઉમ મકસુમ" (અર્થ : ખચિત, જહન્નમ અલબત્ત વાયદા મુજબ છે, તમામ કાફિરો માટે-એના દરજજા એટલે દરવાજા સાત છે. દરેક દરવાજા માટે તેમાંથી હિસ્સો વ્હેંચાએલો છે) (સુરા હજજ : આયત ૪૩, ૪૪) સૌથી નીચેનો દરજજો જેમાં સૌથી વધારે દર્દનાક અઝાબ છે, તે મુનાફિકો માટે છે. કુર્આન મજીદમાં કહ્યું છે કે, "ઈન્નલ મુનાફિકીના ફીદ્દ દરકીલ અસ્ફલે મિનન્નાર" (અર્થ : ખચિત, મુનાફિકો સૌથી નીચેના દરજજામાં છે આગના) (પારા ૫) દોઝખમાં વિવિધ પ્રકારના અઝાબ (યાતનાઓ) છે. (૧) બળવું (૨)

કપાવું (૩) ફાટવું (૪) કાંટાઓ વાગવા (૫) શરીરોનું કપાઈ જવું (૬) ગમ (૭) હસરત (૮) નિરાશા (૯) ભૂખ (૧૦) તરસ (૧૧) ચિખો મારવી (૧૨) ચિલ્લાવું (૧૩) ઝકુમ (એટલે દોઝખનું થોરનું ઝાડ છે, તે ખાવું પડશે) (૧૪) પરૂ અને ગરમ પાણી પીવું પડશે (૧૫) સાપ-વીંછી ના ડંખ સહેવા પડશે. (૧૬) બળેલી-ભુંજાએલી ચામડીનું બદલાઈ જવું (૧૭) નવું ગોશ્ત (માંસ) આવે ત્યારે માખીઓનું બેસવું (૧૮) અગ્નિનાં મકાન (૧૯) અગ્નિનો ફર્શ (૨૦) ગંધકના કપડાં (૨૧) અગ્નિના તૌક (૨૨) અગ્નિની સાંકળો, સારાંશ એ છે કે તેમાં વિવિધ પ્રકારના અઝાબ હશે.

કેટલાક ફીરકાવાળા કહે છે કે જન્નત અને દોઝખ હાલમાં હયાત નથી. પરંતુ કયામતમાં તૈયાર કરવામાં આવશે. આ અકીદો તદ્દન ગલત છે. એહલે સુન્નત વ જમાઅતનો અકીદો એવો છે કે જન્નત અને દોઝખ હાલમાં પણ મોજુદ છે. તેની પ્રથમ દલીલ તો એ છે કે કુર્આનમાં ફરમાવ્યું છે કે, **'ફત્તકુન્નારલ્લતી વકુદુહન્નાસો વલ હિજારહ ઉઇદ્દ દ્દત લિલ કાફેરીન"** (સુરા બકરહ : આયત ૨૪) (અર્થ : ડરો તમે તે આગથી, જેનું બળતણ આદમી અને પત્થર છે. તૈયાર કરવામાં આવી છે, કાફિરોને માટે) બીજી દલીલ એ છે કે હઝરત આદમ અલયહિસ્સલામ અને હઝરત હવ્વા (અલયહાસ્સલામ)નો કિસ્સો કુર્આનમાં મોજુદ છે. તેમને બન્નેને જન્નજમાંથીજ ધરતી પર ઉતાર્યા હતા. તેથી સાબિત થયું કે જન્નત મોજુદ છે. ત્રીજી દલીલ એ છે કે શબે મેઅરાજમાં

આપણા પ્યારા નબીયે કરીમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જન્નત અને દોઝખનું નિરીક્ષણ કર્યું હતું. "ઉઈદ્દતલિલ કાફેરીન' અને 'ઉઈદ્દત લિલ મુત્તકીન' ના જે શબ્દો કુર્આનમાં આવ્યા છે, તેનો હકીકી અર્થ અને સરળ અર્થ એજ છે કે જન્નત અને દોઝખ તૈયાર છે અને મોજુદ છે. હકીકી અર્થ છોડીને મજાઝી અર્થ લેવાનું કોઈ કારણ નથી. બાતિલ ફીરકાઓની ગલત વાતોમાં ફસાઈ જવું નહિ. દોઝખવાળાઓને દોઝખમાં નાખતી વખતે ઊંધા માથે તેમના ચ્હેરા બદલીને નાખવામાં આવશે. કોઈની શીકલ કુતરાની, કોઈની ભેડીયાની, કોઈની સાપની, કોઈની શકલ વાંદરાની હશે. આપણે દોઝખના દરજજા તો ઉપર જોઈ ગયા. પરંતુ એ પણ જાણી લો કે કયા દરજજામાં કયા લોકોને નાખવામાં આવશે. **જહન્નમ**નો એક દરજજો છે, તેમાં નાસ્તિકોને, 'લઝા' માં અરબના મૂર્તિપૂજકો અને મુશરિકોને '**હુતમહ**' માં, બરાહમા કૌમને, '**સઈર**' માં, ખ્રિસ્તીઓને, '**સકર**' માં પારસીઓને, '**જહીમ**' માં મુશરિકોને અને મુનાફિકોને '**હાવિયહ**' દરજજામાં નાખવામાં આવશે. (તફસીરે હુસૈની). એક સવાલ એવો પૂછવામાં આવે છે કે ગુનેહગાર મુસ્લિમો માટે કયો દરજજો છે ? તેનો જવાબ એવો છે કે હઝરત ઈમામ અબુ મન્સુર માતુરીદી (રહમતુલ્લાહ અલયહ) જે એહલે સુન્નતના અકાઈદના ઈમામ છે, તે ફરમાવે છે કે ગુનેહગાર મુસલમાનોને સદાને માટે દોઝખમાં રહેવાનું નથી, કારણ કે પોતાના ગુનાહ મુજબ અઝાબ ભોગવ્યા બાદ, ગુનેહગાર મુસલમાનો, હુઝૂરની

શફાઅતના તુફૈલમાં દોઝખમાંથી બહાર કાઢવામાં આવશે, તેથી તેવા મુસલમાનો માટે કોઈ ચોક્કસ દરજજો નક્કી થયો નથી. (તફસીરે હુસૈની)

ભાઈઓ ! દોઝખ ઘણીજ ભયાનક જગા છે. સુરએ 'હજ્જ' માં તેની ભયાનકતાનો ચિતાર આપ્યો છે. તે જોઇ જવો. કુર્આન અને હદીસમાં દોઝખના વિવિધ અઝાબો વિષે સ્પષ્ટતા કરવામા આવી છે. એક અઝાબ અગ્નિના જોડાનો છે. આ જોડા પહેરાવવામાં આવશે જેથી તે ગુનેહગાર બંદાનો દિમાગ ખદખદતી હાંડીની માફક ઉકળવા માંડશે. સારાંશ એ છે કે દોઝખી લોકોની સ્થિતિ એવી હશે કે ન મરેલા હશે, ન જીવતા હશે. "**લા યમુતો ફીહા વલા યહયા**" (તેમાં તે ન મરશે, ન જીવશે)

## અઅ્રાફ :

કેટલીક હદીસોમાં જન્નત દોઝખની વચ્ચેના એક સ્થળનો ઉલ્લેખ છે. તે સ્થળનું નામ "અઅરાફ" છે. તેમાં એવા મુસલમાનોને દાખલ કરાશે કે તેમની નેકીઓને લીધે તેમને દોઝખમાં પણ મોકલશે નહિ અને તેમની બદીઓ પણ હશે, તેથી તેમને જન્નતમાં પણ મોકલાશે નહિ. તેવા લોકો આ 'અઅરાફ' નામના સ્થળમાં રહેશે. એક હદીસમાં એવું આવ્યું છે કે જેમની નેકી

અને બદી સરખી (બરાબર) હશે, તેમને 'અઅરાફ' માં રાખવામાં આવશે. એક હદીસમાં છે કે 'અઅરાફ' માં તે લોકોને રાખવામાં આવશે, જે સાહેખુદામાં શહીદ થયા હતા, પરંતુ તેમના મા બાપની નાફરમાની કરતા હતા. તેઓ શહીદ થયા, માટે અલ્લાહ ત્આલા તેમને દોઝખમાં નાખશે નહિ. પરંતુ મા બાપની આજ્ઞાઓનો અનાદાર કરવા બદલ તેમને જન્નતમાં પણ મોકલશે નહિ. આ હાલ ત્યાં સુધી રહેશે કે તેમની ચરબી અને ગોશ્ત (માંસ) સુકાઈ જશે. તે પછી રહમતે ઈલાહી જોશમાં આવશે અને તેમને જન્નતમાં દાખલ કરી દેવામાં આવશે. આ હદીસમાંથી આલિમોએ એવો સાર કાઢયો છે કે શહાદત તમામ ગુનાહોનો કફ્ફારો છે, તે વાત ખરી છે. ફી સબીલીલ્લાહ જેહાદ કરનારાના તમામ ગુનાહ બખ્શી દેવામાં આવશે, તે વાત પણ ખરી છે. પરંતુ "હકુકુલ એબાદ" (બંદાઓ ઉપર બંદાના હક) માફ થશે નહિ. માબાપની નાફરમાની કરી છે, માટે જ્યાં સુધી કયામતમાં તે મા બાપે માફ કર્યા ન હતા, ત્યાં સુધી કયામતમાં તે મા બાપને તેમનો હક અલ્લાહ ત્આલાએ અપાવવોજ પડે અને તે કારણે આવા શહીદોને 'અઅરાફ' માં પણ રહેવું પડશે. માટે આ દુનિયામાંજ આપણા મૃત્યુ પહેલાં, દરેકનો હક આપી દેવો જોઈએ. કોઈનું દિલ દુભાવ્યું હોય, તો તે પણ 'હકુકુલ એબાદ' છે, માટે મૃત્યુ પહેલાં તેની માફી માગી લેવી જોઈએ. કોઈ પણ પ્રકારે કોઈનોય હક માર્યો હોય, ગાળો દીધી હોય, તહોમત મુક્યાં હોય, ચોરી કરી હોય, ગીબત નિંદા-કુથલી કરી હોય,

તોલમાપમાં ઓછું આપ્યું હોય, વિ. ઘણા હકો 'હકુકુલ એબાદ' ના વિભાગમાં આવે છે. મોઅતઝિલા ફીરકા સિવાય બાકીના તમામ ઉલ્માયે ઈસ્લામનો મસ્લક એજ છે કે 'અઅરાફ' નું જીવન સદાકાળનું નથી. "અઅરાફ" વાળાઓને ઓછી વત્તી મુદ્દત સુધી તેમાં રાખ્યા બાદ, તેમને જન્નતમાં દાખલ કરવામાં આવશે. 'અઅરાફ' એવું સ્થળ છે જે અલ્લાહની રહેમતની નજીક છે અને અઝાબથી દૂર છે. જોકે કોઈ પણ પ્રકારનો અઝાબતો 'એઅરાફ' વાળાઓને પણ થશેજ, પરંતુ તેમ કરીને, તેમના ગુનાહોથી તેમને પાકસાફ કરીને, જન્નતમાં મોકલી દેવામાં આવશે.

ભાઈઓ ! આપણે કયમાત વિષેની ઝીણી ઝીણી તમામ વિગતો સાથે, સર્વાંગી માહિતી મેળવી. ભાઈઓ ! વિચારવા જેવી વાત એ છે કે સહાબાયે કિરામ જેમનું સમગ્ર જીવન કુર્આન અને હદીસના સાંચામાં ઢળેલું હતું, તેમ છતાં તે પવિત્ર હસ્તીઓ પણ પ્રતિપળ આખેરતનો ખૌફ કર્યા કરતી હતી. અલ્લાહ ત્આલા અને તેના પ્યારા રસુલે કરીમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સહાબાઓની પવિત્ર જમાતને જન્નતી હોવાની બશારતો વાંરવાર આપી છે, તેમ છતાં તે પવિત્ર અને નુરાની સહાબાયે કિરામ આખેરતના ખૌફથી લરઝતા રહેતા હતા. ઈસ્લામના દ્વીતીય ખલીફા (શાસન કર્તા) હઝરત ઉમર ફારૂકથી મોટા મોટા બાદશાહો કાંપતા હતા. ઈસ્લામી હકુમતના શાસનમાં લાખો ચોરસ માઈલનો વિસ્તાર હતો. હઝરત

ઉમર ફારૂક અત્યંત પ્રભાવશાળી ખલીફા હતા. તેમ છતાં તદ્દન સાદું ફકીરી જીવન જીવતા હતા. આખેરતના ખૌફથી એટલું બધું રડયા કરતા હતા કે અતિશય રૂદનના કારણે તેમના ચહેરા પર બે કાળા ડાઘ થઈ ગયા હતા. (હવાલો **"તારીખે ખુલ્ફા"** -સ્યુતિ) એક વાર નમાઝમાં સુરએ **'તકવીર'** પઢતા હતા ત્યારે આ આયત **"વ ઈઝસ્સોહુફો નુશેરત"** (અર્થ : અને જયારે આમાલનામા ખોલવમાં આવશે) પઢતાં પઢતાં, તે બેહોશ થઈને પડી ગયા અને એજ વિચારોમાં ઘણા દિવસો સુધી બિમાર રહ્યા હતા. (હવાલો, **અઝાલતુલ ખફા**) એક દિવસ કોઈ માણસના મકાન પાસેથી પસાર થતા હતા. તે માણસ નમાઝમાં સુરએ **'તુર'** પઢી રહ્યો હતો. હઝરત તિલાવત સાંભળવા ઉભા રહ્યા. જયારે તે શખ્સ **"ઈન્ના અઝાબ રબ્બેકા લવાકેઉન"** (અર્થ : બેશક ! તારા રબનો અઝાબ સ્થાપિત થઈનેજ રહેવાનો છે) એ આયત પઢવા લાગ્યો, ત્યારે હઝરત ઉમર પોતાની સવારી પરથી નીચે ઉતરી ગયા અને પેલા માણસના મકાનની દિવાલ સાથે ટેકો લગાવીને ત્યાંજ બેસી રહ્યા. પછી જયારે ઘેર ગયા ત્યારે એક મહિના સુધી બિમાર રહ્યા હતા. ઈસ્લામના ત્રીજા ખલીફા હઝરત ઉસ્માન ગની (રદિયલ્લાહો ત્આલા અન્હો) મુસલમાનોના જનાઝાને જોઈ ખુબ રડતા હતા. લોકો જયારે આ બાબત પ્રશ્ન પૂછતા ત્યારે આપ જવાબ આપતા કે કબ્ર એ આખેરતની પહેલી મંઝીલ છે એવું હુઝૂર મદની તાજદારે ફરમાવ્યું છે. એ પહેલી મંઝીલ સરળતાથી પસાર થઈ ગઈ તો બેડો

પાર છે. એક દિવસ હઝરત ઉસ્માનગનીએ (રદિયલ્લાહો આલા અન્હો) પોતાના નોકરનો કાન પકડીને કોઈ કારણ સર મચોડયો. પછી આખેરતમાં 'હકુકુલ એબાદ' નો ખ્યાલ આવ્યો. તેથી તરતજ પેલા નોકરને વિનંતી કરવા લાગ્યા કે મારો કાન પણ એજ રીતે પકડ અને મચોડી દે, જેથી આખેરતમાં મારી બાઝપુર્સ (ઉલટ તપાસ) ના થાય. નોકરે ઘણો ઇન્કાર કર્યો, પણ આપ માન્યા નહિ. છેવટે તે નોકરે આપનો કાન પકડીને મચકોડી આપ્યો, ત્યારે આપને શાંતિ થઈ. ઈસ્લામના ચોથા ખલીફા હઝરત અલી (કર્રમલ્લાહો વજહહુ) કબ્રસ્તાનમાં જતા અને ખુબ રડતા હતા. લોકો કારણ પુછે તો જણાવતા કે કબ્રમાં સુતેલા આ લોકોને હું સારા મિત્રો ગણું છું. તે કોઈનીય નિંદા કે કુથલી કરતા નથી અને આખેરતની યાદ સદા અપાવતા રહે છે. (હવાલો, ખુલ્ફાયે રાશેદીન)

ભાઈઓ ! સહાબાયે કિરામ આખેરતનો ખૌફ કેટલા મોટા પ્રમાણમાં કરતા હતા, તે અવશ્ય વાંચી જશો. તે માટે "ખુલ્ફાયે રાશેદીન" ત્થા 'તારીખે ખુલ્ફા' એ બે પ્રખ્યાત કિતાબો વાંચી જવી. જયારે આવા જન્નતી લોકો, આખેરતના હિસાબ કિતાબના ડરથી, દોઝખના અઝાબથી અને જુદા જુદા હકોની અદાએગી વિષે થનારી પુછપરછના ડરથી, આખી જીંદગી પળે પળે ધ્રુજયા કરતા હતા અને પ્રતિપળ એજ ઇચ્છાથી ઝિકરે ઇલાહીમાં મશગુલ રહેતા હતા કે આખેરતમાં બખ્શીશ થઈ જાય, તો આપણે તો ગુનેહગાર

બંદાઓ છીએ. ડગલે ને પગલે ગુનાહિત જીવન જીવી રહ્યા છીઓ, છતાં કોઇ એક દિવસ પણ આપણા દિલમાં આખેરતનો ખૌફ પેદા થતો નથી. તે સ્થિતિ બહુજ અફસોસનાક છે.

ભાઈઓ ! કયામત અને આખેરતની તમામ ચેતવણીઓ આપણને આપી દેવામાં આવી છે. કુર્આન મજીદનો મોટો હિસ્સો કયામત અને હશ્ર વિષે છે. કુર્આને હકીમમાં અમુક સુરતો તો, કયામત અને આખેરત વિષેજ છે. દા. ત. સુરએ **વાકેઆ**, સુરએ **અલહક્કા**, સુરએ કિયામા, સુરએ **તકવીર**, સુરએ **ઈનફિતાર**, સુરએ **ગાશિયા**, સુરએ **ઈન્શેકાક**, એ સુરાઓમાં આખેરતનું વર્ણન છે. ખુદાની હસ્તીને 'યકતા અને યગાના' માનવી અને તેની તૌહીદ (અર્થાત એકેશ્વરવાદ) ને માનવી એ ઈસ્લામનો પાયો છે. તેજ રીતે '**આખેરત**' (પરલોક જીવન) પણ ઈસ્લામમાં એટલોજ બુનિયાદી અકીદો છે. 'આખેરત' માં નહિ માનનાર મુસલમાન રહી શકતો નથી. આ માનવ જીવન ક્ષણિક છે અને આખેરતનું જીવન કાયમનું છે. ઈસ્લામમાં પુર્નજન્મના અકીદાને જરાય સ્થાન નથી. માટે મૃત્યુ પછી જયારે કયામત આવશે, ત્યારે સત્કર્મોનો સારો બદલો અને બદકૃત્યોનો બુરો બદલો એટલે ભયાનક સજાઓ મળશે. દરેક જીવનો જવાબ લેવાશે. તેની તૈયારી આ સંસારી જીવનનમાં આપણે કરવાની છે. ખેતીનાં બીજ વાવવાં, પાણી આપવું, ખાતર નાખવું, એ બધું આ દુનિયામાં કરવાનું છે. ખેતીની

ફસલ આખેરતમાં લણવાની છે. જે શખ્સના મગજમાં આ વાત ઉતરતી નથી, તે ઘણા નુકશાનમાં રહેવાનો છે. કુર્આન મજીદમાં અલ્લાહ ત્આલા સુરા 'કિયામા' માં ફરમાવે છે કે, "શું માનવી એવું માને છે કે, તેને એમજ છોડી દેવામાં આવશે ?"

ભાઈઓ ! આગમાં બાળવાનો ગુણ છે. બરફમાં ઠંડક નો ગુણ છે. જડીબુટીઓમાં અને વનસ્પતિમાં ઘણા ઉપયોગી ગુણો છે. કીડા-મંકોડા-અળસીયાંમાં પણ અમુક ખાસિયતો છે. ભોજન લેવાથી પેટ ભરાઈ જાય છે, પાણી પીવાથી સંતોષની લાગણી જન્મે છે, દોડવાથી થાક લાગે છે, અમુક ભોજન લેવાથી પેટ દુખે છે, મરડો થાય છે, ઝાડા થઇ જાય છે. તેવીજ રીતે દરેક વસ્તુની અને કર્મની અસર અંકિત થાય છે. સત્કાર્યોની સારી અસર થાય અને ખોટાં કૃત્યોની ખોટી અસર થાય, તે સ્વાભાવિક વાત છે. તેમાં આશ્ચર્ય થવા જેવું કશુંજ નથી. ખુદાએ આ જગતનું સર્જન કર્યું છે. તે તેનો વહીવટ કરે છે, તે પેદા કરે છે, તે જીવાડે છે, તેજ મારે છે; તેણેજ હવા, પાણી, અનાજ, ફળ, ફુલ, પહાડ, સૂર્ય, ચંદ્ર, તારા, આકાશ, પૃથ્વી, બધુંજ પેદા કર્યું. માનવો માટે પયગમ્બરો મોકલ્યા. આકાશી પુસ્તકો મોકલ્યાં, પયગમબરો મારફત માનવોને શુધ્ધ અને પવિત્ર જીવન જીવવાની ખબર આપી, સમજ આપી, અને શિક્ષણ આપ્યું. શું કરવું અને શું નહિ કરવું, તે બધુંજ કહી દેવામાં આવ્યું. વારંવાર કહેવામાં આવ્યું. જુદા જુદા પયગમ્બરો મારફત કહેવામાં આવ્યું.

એ પણ કહી દેવામાં આવ્યું કે, દરેકે મરી ગયા પછી એક વાર મારા હુકમથી (અલ્લાહના) ફરીથી સજીવન થવાનું છે અને પોતાનાં કર્મોનો હિસાબ આપવાનો છે. જેવી રીતે વીર્યના એક ટીપામાંથી ખુદા ત્આલાએ માનવીની સુંદર આકૃતિ બનાવી, જંગલની સુકી ધરતી પર વરસાદનું પાણી પડવાથી, તેમાં પ્રાણ આવે છે અને તેમાં રહેલું બીજ સજીવન થઈ વિવિધ રૂપે ખીલી ઉઠે છે. જે અલ્લાહે આ રીતે જીવન અર્પણ કર્યું, તેજ અલ્લાહ બીજી વાર, પોતાની શક્તિથી મરી ગએલી સૃષ્ટિ અને જીવોને સજીવન કરશે અને તેમાં નવાઇ પામવા જેવું કશું જ નથી. અલ્લાહત્આલાજ પોતે સર્જનહાર હોવાથી, વારંવાર બલ્કે અનેકવાર સર્જન કરવું તેને માટે અશક્ય નથી. કુર્આન શરીફમાં સુરા 'રૂમ' માં અલ્લાહ ત્આલા ફરમાવે છે કે, "અને તેજ (અલ્લાહ) છે, જે સૃષ્ટિને પહેલીવાર બનાવે છે. પછી તે જ તેને બીજી વાર બનાવશે. આ (કૃત્ય) તેના માટે તદ્દન સરળ છે. આકાશો ત્થા પૃથ્વીમાં તેનીજ શાન સર્વોપરી છે અને તેજ અતિ બળવાન અને હિકમતવાળો છે." (સુરા રૂમ : રૂકુઅ ૩) એજ સુરા 'રૂમ' ના, રૂકુઅ ૨ માં અલ્લાહ ત્આલા ફરમાવે છે કે, "સજીવને નિર્જીવમાંથી કાઢે છે અને નિર્જીવને સજીવમાંથી કાઢે છે અને ધરતીને તો (સુકાઈ ગયા પછી) ફરી સજીવન કરે છે અને એવી જ રીતે તમોને (કબરોમાંથી) બહાર કાઢવામાં આવશે." આ રીતે ફરી સજીવન થવાના પ્રસંગને વારંવાર જુદી જુદી રીતે, જુદી જુદી સુરાઓમાં ખુદા ત્આલાએ સમજાવ્યો છે.

સુરા 'બકરહ' ની આયત ૧૪૮માં ઈર્શાદે રબ્બાની થયો છે કે, "તમે જયાં પણ હશો, અલ્લાહ ત્આલા તમને (કયામતમાં) ભેગા કરશે." સુરા 'અન્આમ' ની આયત ૭૩ માં ઈર્શાદ થયો છે કે, "જે દિવસે સુર ફુંકાશે, તે દિવસે બાદશાહી તેનીજ (એટલે અલ્લાહની) હશે." આજ હકીકત બીજી સુરાઓમાં પણ કહેવામાં આવી છે. સુરા 'કહફ' ની આયત ૪૯માં ફરમાવ્યું છે કે, "કયામતના દિવસે આમાલનામા (કર્મ પોથી) સૌની સામે હશે, જેમાં દરેક નાનીસર્જનમોટી વાત લખેલી હશે." સુરા 'રૂમ' ની આયત ૨૫ માં ફરમાવ્યું છે કે, "કયામતના દિવસે જયારે પોકલવામાં આવશે, તો તમે તરતજ બહાર આવી જશો." સુરા 'મુદસ્સિર' ની આયત ૮, ૯, ૧૦ માં ઈર્શાદે રબ્બાની થયો છે કે, "જયારે સુર ફુંકવામાં આવશે, તો તે ઘણો મુશ્કેલીભર્યો દિવસ હશે." ઉપરાંત, ઘણાં જુદાં જુદાં દ્રષ્ટાંતો આપીને સ્પષ્ટ રીતે કયામતની મંઝરકશી કુઆને હકીમમાં કરવામાં આવી છે.

માનવોના બોધ માટે મોકલવમાં આવેલા અલ્લાહના પ્યારા રસુલ હુઝૂર મદની તાજદાર, હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવે છે કે, "ખુદાના સોંગદ, તમારૂં મૃત્યુ અનિવાર્ય છે, જેવી રીતે કે તમે ઊંઘી જાવો છો. મૃત્યુ પછી તમારે ફરીથી સજીવન થવાનું છે, જેવી રીતે તમે ઊંઘમાંથી જાગૃત થાવ છો. તમારી પાસે તમારાં કર્મોનો હિસાબ અવશ્ય લેવાશે. તમારી

ભલાઈનો બદલો ભલાઈ અને બુરાઈનો બદલો બુરાઈમાં આવશે. પછી યા તો કાયમને માટે જન્નત હશે, યા તો કાયમને માટે દોઝખ."

એક વખત આપણા પ્યારા આકા વ મૌલાએ ફરમાવ્યું કે, " આનંદ પ્રમોદનો ખાતમો કરનાર મૃત્યુને જો તમે નજર સમક્ષ રાખતા, તો આજે હું તમને આવી રીતે હસતા જોતો નહિ. તેથી મૃત્યુને મોટા ભાગે નજર સમક્ષ રાખો. કારણ કે કબરમાંથી દરરોજ એવો અવાજ નીકળી રહ્યો છે કે, હું એકાંતનું અને પરદેશનું ઘર છું. ખાકમાં મેળવીને ખાક બનાવી દેનાર મકાન હું છું. હું કીડાઓ (જીવ જંતુઓ)નું ઘર છું. જયારે કોઇ મોમીનને કબ્રમાં દફન કરવામાં આવે છે, ત્યારે હું (એટલે કબ્ર) કહુ છું, કે મરહબા ! તારૂં આગમન મુબારક થાવ. મારી પીઠ પર ચાલનારા પૈકી તમે મને વધુ પ્રિય હતા. આજે તમે મને મળી રહ્યા છો. મારો વર્તાવ આજે તમે જોઈ લેશો, પછી (આવું કહ્યા બાદ) નજર પહોંચે ત્યાં સુધી તે કબર તેને માટે વિશાળ બની જાય છે અને તે મોમીન માટે જન્નત તરફનો એક દરવાજો ખોલી નાખવામાં આવે છે. જયારે કાફિર અથવા દુષ્કર્મો કરનાર શખ્સને દફન કરવામાં આવે છે, ત્યારે તેની કબ્ર તેને ધુત્કારી દે છે, કે તને આરામ અને વિશાળતા પ્રાપ્ત ના થાય. મારી પીઠ પર ચાલનારાઓ પૈકી તુ મને ઘણોજ અપ્રિય હતો. આજે જયારે તુ મારા કાબુમાં આવ્યો છે, ત્યારે તને મારા વર્તાવની ખબર

થઈ જશે. તે પછી કબર તેને ભીંચે છે, ત્યાં સુધી કે તેની પાંસળીઓને તોડી ફોડીને એક બીજામાં દાખલ કરી દે છે. તેને માટે એવા ભયંકર સિત્તેર અજગરો નકકી કરવામાં આવે છે, કે તે પૈકી એક અજગર પણ જો આ દુનિયામાં પોતાની ફુંક મારી દે, તો આ ધરતીની સ્થિર રહેવાની શક્તિ નષ્ટ થઈ જાય. તે અજગરો તે કાફિર અથવા દુષ્કત્યો કરનાર શખ્સને કયામત સુધી ડસતા રહે છે અને નોચી નોચીને ખાતા રહે છે." તે પછી આપ સરકારે ફરમાવ્યું કે, "કબ્ર જન્નતના બગીચાઓમાંથી એક બગીચો છે અથવા તો દોઝખની ઊંડી ખાઈઓ પૈકી એક ખાઈ છે."

ઉપરોકત હદીસ કોઇ પણ મોમીનના દિલને હચમચાવી નાખવા માટે કાફી છે. અલ્લાહના સાચા રસુલે ફરમાવેલી એ ચેતવણીને આપણ ધ્યાનમાં રાખીએ અને આખેરત સંવારવા માટેની તૈયારી અત્યારથીજ કરીએ.

અલ્લાહના પ્યારા રસુલે મુકર્રમ જનાબે મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ એક વખત એવું ફરમાવ્યું, "હે લોકો ! તમે તેમના જેવા ના બની જાવ, જેઓ દુનિયાની મનોકામનાઓમાં ફસાઈ ગયા છે અને બિદઅતોની તરફ આગળ વધી ગયા છે અને ત્વરિત નાશ પામનારી આ દુનિયા તરફ ઝુકી ગયા છે. જે સમય વીતી ગયો છે, તેની સરખામણીમાં હવે દુનિયાની જીંદગીનો માત્ર એટલોજ હિસ્સો બાકી રહી ગયો છે,

જેટલો કે એક સારબાન (ઊંટવાળો) પોતાના ઊંટને બેસાડવામાં સમય લે છે અથવા એક ગોવાળિયો, દૂધની એક ધાર કાઢી લે છે. તમે કોના ભરોસા પર છો અને શાના ઇંતેઝારમાં છો ? ખુદાની કસમ ! દુનિયાનો આ સમય એવો વીતી ગયો છે, જાણે હતોજ નહિ. જે આખેરતની તરફ તમે જઈ રહ્યા છો, તેનો નાશ નથી (અવિનાશી છે, અમર છે). તેથી અહીંથી કુચ કરતા પહેલાં સામાન તૈયાર કરી લો અને કુચની તૈયારી રૂપે ભાથું બાંધી લો. યાદ રાખો, તમે જે કાંઇ આગળ (સવેળા) મોકલી આપશો (એટલે નેક અમલ), તેનો બદલો મળી જશે. જે કાંઈ પાછળ મુકીને આવશો, તેના માટે શરમિંદા થવું પડશે."

હઝરત અનસ (રદિયલ્લાહો અન્હો) ફરમાવે છે કે, હુઝૂર નબીયે કરીમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ઈર્શાદ ફરમાવ્યો છે કે, "લોકો પર એવો એક જમાનો આવશે કે, દીન પર ચુસ્તીથી ચાલનારો શખ્સ એવો હશે કે જાણે કોઇ શખ્સ હાથમાં અગ્નિ પકડી ઉભો હોય" (મિશ્કાત)

જે જમાનાનો ઉલ્લેખ ઉપરની હદીસ શરીફમાં છે, તે જમાનો હવે આવી ગયો લાગે છે. કારણ કે દરેક દિશામાં બેશર્મી, બદ્ દીની અને ફહશ કારી (બિભત્સ કામો) ની હવા જામી છે. પ્રથમ એ કે જેને દીનદાર કહી શકાય તેવા માણસો હવે રહ્યા નથી. કોઈ બિચારો

દીન પર ચાલી રહ્યો હોય, તેને કદી પત્ની મેણાં મારે છે, કદી મિત્રો કટાક્ષ કરે છે, કદી મહોલ્લાની ઔરતો તેની મશ્કરી કરતી હોય છે. દાઢી રાખનારને 'મુલ્લાજી' કહીને તેની પત્ની, મિત્રો અને સગા વ્હાલાં મજાક ઠઠ્ઠા કરે છે. પરંતુ મુબારક છે તે લોકો જે માત્ર અલ્લાહની રઝામંદી મેળવવા માટેજ, પોતાની દીનદાર જીંદખીમાં સંપૂર્ણ ખુશ છે. લોકોનાં મ્હેણાં, લોકોની નફરત, લોકોની મજાક, તેમની પર કોઈ અસર કરતી નથી. દીનદારીને વળગી રહેનારા આવાજ લોકો આખેરતમાં ફલાહ પામનારા છે.

એક હદીસ શરીફમાં છે કે, હુઝૂર તાજદારે દો આલમે ઈર્શાદ ફરમાવ્યો કે, "નજીકમાં ફીત્ના પેદા થશે. તે વખતે બેઠેલો માણસ, ઉભા રહેલા માણસથી બહેતર (સારો) હશે અને ઉભો રહેલો માણસ, ચાલવાવાળા માણસથી બહેતર હશે. ચાલવાવાળો શખ્સ, દોડવાવાળા શખ્સથી બહેતર હશે. જે શખ્સ, ફીત્નાની તરફ નજર ઉઠાવીને જોશે, તો ફીત્નાઓ તેને ઊંચકી લેશે. તેથી એવા સમયે જે કોઈ પણ શખ્સને બચવાની અને પનાહ (રક્ષણ) મેળવવાની જયાં જગા મળી જાય, ત્યાં તે શખ્સ પનાહ (રક્ષણ) લઈ લે.' (હવાલો; **બુખારી : મુસ્લિમ)**

ભાઈઓ ! ઉપરની હદીસ વારંવાર વાંચો. આજે ચારે તરફ ફીત્ના ફેલાઈ ગયા છે. ભારતમાં આ ફીત્નાઓથી બચવાનું શ્રેષ્ઠ

સ્થળ બરેલી શરીફ છે. બરેલી શરીફ ભારતના ઉત્તર પ્રદેશ રાજયમાં આવેલું શહેર છે. સત્ય દીનનો પ્રચાર ત્યાંથીજ થાય છે, સુન્નીયતનો ઝંડો ત્યાંથી જ લહેરાયો છે. રસુલે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના આશિકો અને ફીદાઈઓ, જાંનિસારો અને પરવાનાઓનું મરકઝ બરેલી શરીફમાં છે. સમગ્ર દુનિયામાં બાતિલ અકીદા ફેલાવતા શયતાનોનો મુકાબલો બરેલીના આલિમોએજ કર્યો છે. બાતિલ ફીરકાઓની ગંદકી અને ખબાસતને બરેલ્વી આલિમોએજ ખુલ્લી પાડી છે. મુસ્લિમ કૌમને હોશિયાર કરીને તેમણે જાગૃત કરી દીધી છે. હવે દરેક મુસલમાન તેના અકીદાની સાથે સાથે અમલને પણ દુરસ્ત કરી લે, તે જરૂરી છે. સારા અકીદાની મીઠી મીઠી દલીલો કરનારો બેઅમલ મુસલમાન, એવા ફુલ જેવો છે, જેમાં ખુશ્બૂજ ન હોય. ભાઈઓ ! અમલ પણ સુધારો અને અકીદા પણ સુધારો. સાચા સુન્ની-હન્ફી અકીદા રાખો અને દીનદાર જીંદગી બનાવી લો, તો કયામતમાં બેડો પાર થઈ જશે, ઈન્શા અલ્લાહ.

હઝરત અબુ હુરયરહ (રદિયલ્લાહો અન્હો) જણાવે છે, કે હુઝૂર મદની તાજદારે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું છે કે, "આખરી (અંતિમ) જમાનામાં મોટા મોટા ધોકાબાઝ અને જુઠા લોકો જન્મ લેશે, જે તમને એવી વાતો જણાવશે, જે તમે અથવા તમારા બાપદાદાએ કદીય સાંભળી નહિં હોય. તમે એવા માણસોથી બચતા રહેજો. તમે પોતાની જાતને બચાવજો, કદાચ તે લોકો તમને

ગુમરાહ ના કરી દે અને ફીત્નામાં ના નાખી દે." (મુસ્લિમ શરીફ)

ભાઈઓ ! ઉપર જણાવેલી હદીસ તદ્દન સ્પષ્ટ છે. 'મિશ્કાત' શરીફના લેખક, ઉપર જણાવેલી હદીસની સ્પષ્ટતા કરતાં જણાવે છે કે, "આ (એટલે ઉપર જણાવ્યા તે લોકો) ખોટી ખોટી વાતો કરશે **અને નવા નવા અહેકામો ચાલુ કરશે ત્થા ખોટા અકીદાઓને જન્મ આપશે."**

ભાઈઓ ! 'મિશ્કાત' શરીફના લેખકની ઉપર જણાવેલી સ્પષ્ટતા ઘણું ઘણું કહી જાય છે. ઉપર જણાવેલા બદ અકીદાવાળા લોકોમાંથી ઘણા તો ગુજરી ગયા છે. તેમાં એક મીરઝા ગુલામ અહમદ કાદીયાની પણ હતો. તેણે હઝરત ઈસા અલયહિસ્સલામને માટે એવું જણાવ્યું કે તે ગુજરી ગયા છે. તેણે એવું પણ જણાવ્યું કે હુઝૂર મદની તાજદાર અંતિમ નબી નથી. તેણે એવું પણ જણાવ્યું કે હું પોતેજ નબી છું. કાદીયાની મીરઝા ઉપરાંત દેવબંદમાંથી બદ અકીદાવાળા નજદી આલિમોની એક ફૌજ નીકળી પડી, જેણે ભારતના મુસ્લિમ સમાજના બે ભાગ કરી નાખ્યા, ભાઈ ભાઈથી, બાપને બેટાથી, માને દિકરીથી, બહેનને બહેનથી, મિત્રને બીજા મિત્રથી, એક સગાને બીજા સગાથી એક પાડોશીને બીજા પાડોશીથી, જુદા કરી દેવામાં આવ્યા. બાતિલ દેવબંદી ફીરકાએ

ભારતના મુસ્લિમ સમાજમાં જે ઝેર રેડયું છે, તેને સાફ-સ્વચ્છ કરવાનું કામ છેલ્લા સવાસો વર્ષથી બરેલી મરકઝ કરી રહયું છે. તે પહેલાં પણ ભારતના મહાન સુન્ની આલિમોએ એ ઝેરને પારખી લઈને, મુસ્લિમ સમાજમાં, જયાં જયાં એ ઝેરની અસર વ્યાપેલી દેખાઈ, ત્યાંથી એ ઝેરને દુર કરવાની યથાશક્તિ તમામ કોશિષો કરીજ છે. બારી ત્આલા તે તમામ સુન્ની આલિમોને અજરે અઝીમ આપે-આમીન.

'કયામતના મંઝર' માં ઉપર જણાવેલી, સાચી છતાં દેવબંદીઓને કડવી લાગે તેવી સત્યા વાતો મારે લખવી પડી છે. આવી બદ અકીદા ટોળીઓ નીકળશે, તે પણ કયામતના આગમનની નિશાની છે. તે હકીકત હુઝૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પોતેજ જણાવી દીધી છે. હુઝૂર મદની તાજદાર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના ઇલ્મે ગયબની સચ્ચાઈનો એ પુરાવો આપણા ઈમાનને મજબુત કરે છે. હઝરત હુઝૈફા (રદિયલ્લાહો અન્હો) એ જણાવ્યું કે, "હુઝૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સૃષ્ટિનો નાશ થતા પહેલાં પેદા થનારા ફીત્નાઓના, તે દરેક લીડરનાં નામ, તેના બાપનાં નામ અને તેમના કબીલાનાં નામ પણ જણાવી દીધાં, કે જે વ્યક્તિ અથવા કબીલાના માનવાવાળા ત્રણસો હોય અથવા તેનાથી પણ વધારે સંખ્યામાં હોય." (હવાલો; અબુદાઉદ)

મજકુર હદીસ પણ ઘણી સ્પષ્ટ છે. આપણા પ્યારા નબીયે કરીમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ભવિષ્યમાં ફીત્ના ફેલાવનારા લીડરોનાં નામ, તેમના બાપનાં નામ અને તેના કબીલાનાં નામ પણ જણાવી દીધાં છે. બેશક ! આપણા પ્યારા રસુલે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ત્રિકાળ જ્ઞાની હતા. તે હકીકત બીજી હદીસોથી પણ સાબિત થાય છે. ઉપર જણાવેલી હદીસ પણ આપણા ઈમાનને મજબુત કરી દે છે.

ઉપર લખેલી ઈમાન અફરોઝ અને રૂંવાડાં ઉભાં કરી દેનારી હદીસો આપ વાંચી ગયા. જે માણસ મૃત્યુને સદાય નજર સમક્ષ રાખે, તે અલ્લાહથી જરૂર ડરતો રહેશે અને જે શખ્સ અલ્લાહથી ડરતો હશે, તે કદીય ગુનાહનાં કૃત્યો (પાપ) કરશે નહિ. મૃત્યુને યાદ કરતા રહેવાના કૃત્યને, આપણા પ્યારા નબીયે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આવી ઉત્તમ રીતે પણ સમજાવ્યું છે. આપ સરકાર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવે છે કે, "જે શખ્સ રાત અને દિવસના સમયમાં કુલ વીસ વખત પોતાના મૃત્યુને યાદ કરતો હોય, તેનો હશ્ર, શહીદોની સાથે થશે." (તિબરાની)

મૃત્યુને સદાય યાદ રાખનારા આપણા બુઝુર્ગોની શાન કેવી હતી તે પણ જોઈએ. હઝરત હબીબ અજમી (રહમતુલ્લાહ અલયહે) સુફી લોકોની જમાઅતમાં મહાન સુફીબુઝુર્ગ હતા. જયારે

તેમની વફાતનો સમય નજીક આવ્યો, ત્યારે તે ઘણાજ ગભરાઈ રહ્યા હતા. કોઈએ તેમને પુછ્યું કે આપ જેવા મહાન બુઝુર્ગ ને ગભરાટ શા માટે ? આપે તે શખ્સને ફરમાવ્યું કે "પ્રવાસ ઘણો લાંબો છે, ખાસ નોંધ પાત્ર ભાથું મારી પાસે નથી, આ પહેલાં પ્રવાસનો રસ્તો મેં જોયો નથી, આકાની ઝિયારત કરવાની છે, એવાં ખોફનાક મંઝરો જોવાનાં છે, જે આ પૂર્વે જોયાં નથી, માટીની નીચે કયામત સુધી એકલા પડી રહેવાનું છે, કોઈ હમદર્દ પાસે હશે નહિ, તે પછી અલ્લાહ ત્આલાના દરબારમાં ઉભા થવાનું છે; મને ડર એ વાતનો છે કે જો મને એવો સવાલ પુછવામાં આવશે કે અય હબીબ ! તારી સાઈઠ વરસની જીંદગીમાંથી એક એવી તસ્બીહ રજુ કર, જેમાં શયતાનની દખલ ના થઈ હોય ! તો હું શું જવાબ આપીશ" ?

ભાઈઓ ! હઝરત હબીબ અજમીની સાઈઠ વરસની જીંદગી એવી રીતે પસાર થઈ હતી કે તેમણે એક ઘડીને માટે પણ આ ફાની દુનિયાથી લગાવ (મહોબ્બત) રાખ્યો ન હતો. છતાં મૃત્યુ વખતે કેવો દર્દભર્યો એહસાસ કરી રહ્યા હતા ! તો પછી આપણા જેવાઓએ વિચારવાની વાત છે કે, દુનીયાની મહોબ્બત તો એક તરફ રહી, આપણે તો ગુનાહોનીજ જીંદગી જીવી રહ્યા છીએ. અલ્લાહ સર્વેને તૌફીક બક્ષે.

હઝરત સલમાન ફારસી (રદિયલ્લાહો અન્હો) ની વફાતનો

સમય નજીક આવી ગયો, ત્યારે તે રડવા લાગ્યા. કોઈએ કહ્યું કે એમાં રડવાની શી વાત છે ? તમે તો હુઝૂર મદની તાજદાર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સાથે મુલાકાત કરશો અને હુઝૂર તો અંતિમ સમય સુધી તમારાથી રાજી હતા ! હઝરત સલમાન ફારસીએ ફરમાવ્યું કે, "હું દુનિયા છોડવાથી અથવા મૃત્યુના ડરથી રડતો નથી. હું તો એટલા માટે રડી રહ્યો છું, કે હુઝૂર મદની તાજદારે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અમારી પાસે એક વચન લીધું હતું, કે દુનિયાથી એટલોજ ફાયદો ઉઠાવજો જેટલો એક મુસાફર પાસે ભથ્થાનો સામાન હોય છે. હું તે વચન પુરૂં કરી શક્યો નહિ. આ વખતે તેમના ઘરમાં તપાસ કરવામાં આવી, તો માત્ર દસ દિરહમની કિંમતથી થોડો વધારે સામાન પડેલો હતો. બસ, આજ તેમની મિલ્કત હતી, છતાંય અફસોસ કરીને રડી રહ્યા હતા. તે પછી હઝરત સલમાન ફારસીએ થોડું મુશ્ક મંગાવ્યું અને પત્નીને કહ્યું કે તેને પલાળીને મારા બિસ્તર પર છાંટી દે, કારણ કે મારી પાસે હવે એક એવી જમાઅત આવી રહી છે, જે માનવી પણ નથી અને જીન્નાત પણ નથી." (કદાચ ફરિશ્તાઓની જમાત તરફ તેમનો ઈશારો હતો)

હઝરત મુમશાદ દીનોરી (રહમતુલ્લાહ અલયહે) મહાન વલીયલ્લાહ થઈ ગયા. તેમના ઈન્તેકાલ સમયે, તેમનાજ જેવા એક મશહુર બુઝુર્ગ તેમની પાસે બેઠા હતા. તે બુઝુર્ગ હઝરત મુમશાદ

માટે જન્નતની દુઆ કરવા લાગ્યા. હઝરત મુમશાદ હસી પડયા અને ફરમાવ્યું કે "છેલ્લા ત્રીસ વરસથી, જન્નત તેના તમામ શણગાર સાથે મારી પાસે આવતી રહી છે, પણ મેં તેના તરફ આંખ ઉઠાવીને જોયું નથી. હું તો જન્નતના માલીકનો મુશ્તાક છું.'

હઝરત હસન બસરી (રદિયલ્લાહો અન્હો) મહાન વલીયલ્લાહ હતા. તે ફરમાવે છે કે "આશ્ચર્ય થાય છે તેવા લોકો પર, જેમને આખેરતના સફર માટે ભાથું ભેગું કરી લેવાનો હુકમ મળી ગયો છે અને કાફલાની રવાનગીનું ટુંકમાંજ એલાન થવાનું છે, તેમ છતાં હજી પણ આ લોકો દુનિયાના ખેલ-તમાશામાં મશગુલ દેખાય છે."

હઝરત ઉમર ફારૂકનો ખિલાફત કાળ હતો. ઈસ્લામી મહાસત્તાના તે સર્વ સત્તાધીશ હતા. હઝરત અબુ મુસા અશઅરી (રદિયલ્લાહો અન્હો) જે એક મહાન સહાબી હતા. તેમની પાસે બયતુલ માલની વ્યવસ્થા હતી. તેમણે એક વખત બયતુલ માલમાં (સરકારી તિજોરીને તે જમાનામાં બયતુલ માલ કહેતા હતા) જોયું, તો માત્ર એક દિરહમ જમા પડયો હતો. તેમણે હઝરત ઉમર ફારૂકના દિકરાને તે દિરહમ આપી દીધો. જયારે હઝરત ઉમર ને ખબર પડી, ત્યારે તેમણે તે દિરહમ પોતાના દિકરા પાસેથી લઈને ફરીથી બયતુલ માલમાં મુકાવી દીધો. પછી તેમણે હઝરત અબુ મુસા અશઅરી (રદિયલ્લાહો અન્હો) ને બોલાવ્યા અને

ફરમાવ્યું કે, "અફસોસ ! સમગ્ર મદીનામાં, ઉમરની ઔલાદ સિવાય બીજો કોઈ માણસ તમને મળ્યો નહિ ? શું તમે એવું ઈચ્છો છો કે કયામતના દિવસે, સમગ્ર ઉમ્મતે મોહમ્મદીની ઈન્કવાયરી (તપાસ) મારી ગરદન સાથે જોડાય ?" (હવાલો, 'ખુલ્ફાયે રાશેદીન)

ભાઈઓ ! આ કિતાબમાં કયામત પૂર્વે થનારી ઘટનાઓ અને કયામત પછી બનનારી ઘટનાઓ વિષે માહિતી મેળવી. પરંતુ એ ભયાનક દ્રષ્યો જયારે વજુદમાં આવશે, ત્યારે દરેક જણ એવું વિચારશે કે કાશ ! આપણે કયામતની તૈયારી કરી હોત તો સારૂં થાત ! આજ કારણથી કુર્આને હકીમની આયતો ત્થા હદીસ શરીફ ત્થા આપણા બુઝર્ગોએ કરેલી મૃત્યુ પૂર્વેની તૈયારીની હકીકત આ કિતાબમાં જણાવી દીધી છે. આ કિતાબ વાંચીને, કોઈનાય દિલમાં આખેરતનું ભાથું સાથે લઈ જવાની પ્રેરણા થાય અને તૈયારી થાય, તો મારી મહેનત સાર્થક ગણાશે. બારી ત્આલા દરેક મોમીન-મુસલમાનને પોતાની આખેરત સંવારવાની નેક તૌફીક આપે, આમીન. ભાઈઓ ! યાદ રાખો કે-

**આગાહ અપની મૌત સે, કોઈ બશર નહિં**
**સામાન સો બરસ કા હૈ, પલકી ખબર નહિં**

ભારતના મહાન શાયર હઝરત અકબર અલાહાબાદી કહે છે કે-

જીન્કે જલ્વે ન સમા સકતે થે, અયવાનોંમેં
ઉનકી ખાક આજ પળી ફીરતી હૈ વીરાનોં મેં
કાનને હોશ કો ઉલઝાયા હૈ, અફસાનોં મેં
આંખને દિલકો ફંસા રખ્ખા હૈ, અરમાનોં મેં

હઝરત ખ્વાજા અઝીઝુલ હસન 'મજઝુબ' કહે છે કે,

સબ કે સબ હૈં, રહરવે કુયે ફના
જા રહા હૈ હર કોઈ, સુયે ફના
બેહ રહી હૈ હર તરફ જુયે ફના
આતી હય હર ચીઝસે, બુયે ફના
એક દિન મરના હૈ, આખિર મૌત હય
કરલે જો કરના હૈ, આખિર મૌત હૈ

અલ્લાહ ત્આલાનો લાખ લાખ શુક્ર છે કે, તેણે આ કિતાબ મારા જેવા બેઅમલ અને અલ્પજ્ઞાની બંદા પાસે આજે પુરી કરાવી. અલ્લાહ ત્આલા, તેના પ્યારા હબીબે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના સદકામાં અને વસીલાથી, આ કિતાબને કારઆમદ અને લોકોપયોગી બનાવી, ઇન્તેહાઈ મકબુલિયત અતા ફરમાવે અને તેને મારી નજાતનો ઝરિયો બનાવી દે, તેવી દુઆ આપ સૌ વાચક વર્ગ કરશો, તેવી મારી નમ્ર વિનંતી છે.

રબ્બના તકબ્બલ મિન્ના ઈન્નકા અન્તસ્સમીઉલ અલીમ વ તુબ અલયના અનતત્તવ્વાબુર્રહીમ, વ સલ્લલ્લાહો ત્આલાા અલા ખયરે ખલકેહી મુહમ્મદીંવ વ આલેહિ વ અસ્હાબેહિ અજમઈન બે રહમતેકા યા અર હમર રાહેમીન.

[ તમ્મત બિલ-ખયર ]

કિંમત : રૂા. ૧૫-૦૦

પોસ્ટેજ રૂા. ૧ અલગ

- સંપાદક -

ાજી ઉસ્માનભાઈ અહમદજી ખત્રી
(ચિશ્તી, નસીરી)

- પ્રકાશક -

મક્કા-મદીના પબ્લિકેશન્સ
. રાયખડ મિલ પાસે, અહમદાબાદ
ફોન : ૩૯૬૨૪૭

ાઈટલ : આબાદ પ્રિન્ટિંગ પ્રેસ
અમદાવાદ
ફોન : ૨૦૪૫૩